દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 219 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ભાદ્રપદ સુદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 September 2024, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## શૅરબજાર અને સુપ્રીમ કોર્ટમાં
# ગણેશોત્સવના 'ઢોલ-તાશા' વાગ્યા

### બેન્ચમાર્કમાં ૧૪૦૦ પોઈન્ટનો ઉછાળોઃ નિફ્ટી ૨૫,૫૦૦ તરફ આગળ વધ્યો

## સેન્સેક્સ પહેલીવાર ૮૩,000ને સ્પર્શ્યો
### માર્કેટ કૅપમાં ₹ ૬.૯૦ લાખ કરોડનો ઉમેરો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ગણેશ ગજાનન મહારાજ શેરબજારના રોકાણકારો પર પ્રસન્ન જણાય છે, સામાન્ય રીતે મંદી માટે જાણીતી સપ્ટેમ્બર મહિનામાં તેજી જળવાઇ તો રહી છે, પરંતુ શેરબજાર હાલ ઓલટાઇમ નવી ઊંચી સપાટીએ પહોંચ્યું છે. રોકાણકારોની મતામાં આ સત્રમાં લગભગ રૂપિયા ૬.૯૦ લાખ કરોડનો ઉમેરો થયો છે.

અમેરિકાના ઇન્ફ્લેશનના ડેટા સાનુકૂળ જણાયા બાદ વિશ્વબજાર સર્જાયેલા સુધારાના સંકેત પાછળ સ્થાનિક બજારમાં પણ તેજીના ઉછાળા જોવા મળ્યા હતા અને અફડાતફડીમાંથી પસાર થતાં સેન્સેક્સ અને નિફ્ટીએ નવી ઓલટાઇમ હાઇ સપાટી

(જુઓ પાનું ૨) ▸▸

## કોર્ટે ગણેશોત્સવનાં નિયંત્રણ ઉઠાવ્યાં

નવી દિલ્હીઃ ગણેશ વિસર્જન સહિત ગણેશોત્સવ સાથે સંકળાયેલા 'ઢોલ-તાશા' ગ્રૂપ પર નિયંત્રણ લાદતા નેશનલ ગ્રીન ટ્રીબ્યૂનલ (એનજીટી)એ આપેલા આદેશ પર સુપ્રીમ કોર્ટે ગુરુવારે સ્ટે આપ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડના વડપણ હેઠળની ન્યાયાધીશ જી. બી. પારડીવાલા અને મનોજ મિશ્રાનો સમાવેશ કરતી ખંડપીઠે આ મામલે રાજ્ય વહીવટીતંત્રને નોટિસ પણ આપી હતી.

સુનાવણી દરમિયાન વકીલ અમિત પૈએ કહ્યું હતું કે પુણેની સંસ્કૃતિમાં 'ઢોલ-તાશા'નું મહત્ત્વ એક સદી કરતાં પણ વધુ સમયથી છે અને લોકલાડીલા નેતા લોકમાન્ય બાળગંગાધર ટિળક દ્વારા ગણેશોત્સવનો આરંભ કરવામાં

(જુઓ પાનું ૨) ▸▸

## દેશમાં ઍર ટેક્સી શરૂ કરાશેઃ મોદી

નવી દિલ્હીઃ રિજ્યોનલ ઍર કનેક્ટિવિટી સ્કીમ 'ઉડાન'ને વધુને વધુ લોકોને હવાઈપ્રવાસ કરવા આકર્ષ્યા છે એમ જણાવતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકી ઉડ્ડયન ખાતા દ્વારા યોજવામાં આવેલી પરિષદમાં કહ્યું હતું કે દેશમાં જલદી જ ઍર ટેક્સીની શરૂઆત કરવામાં આવશે કેમ કે મધ્યમ વર્ગના વધુને વધુ લોકો હવાઈ પ્રવાસ તરફ વળી રહ્યા છે.

દેશના અર્થતંત્રના વિકાસમાં નાગરિકી ઉડ્ડયન ક્ષેત્રની મહત્ત્વની ભૂમિકા છે તે અનેક રોજગાર ઊભા કરે છે એમ ભારપૂર્વક જણાવતાં મોદીએ કહ્યું હતું કે દેશવાસીઓનું હવાઈ પ્રવાસ કરવાનું સપનું પૂરું થઈ શકે તે માટે આકાશ તમામ લોકો માટે ખુલ્લું રહેવું જોઈએ. દિલ્હીમાં યોજાયેલી નાગરિકી ઉડ્ડયન અંગેની બીજી એશિયા પેસિફિક મિનિસ્ટ્રીયલ કૉન્ફરન્સને સંબોધન કરતા મોદીએ ઉપરોક્ત સૂચન કર્યું હતું.

રિજ્યોનલ ઍર કનેક્ટિવિટી સ્કીમ 'ઉડાન'ને મધ્યમ અને નીચલા મધ્યમ વર્ગના લોકોને હવાઈ સફર કરવા માટે પ્રેર્યા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૧.૪ કરોડ લોકોએ વિમાનપ્રવાસ કર્યો છે. આ કારણે જ સરકાર વહેલામાં વહેલી તકે ઍર ટેક્સી

(જુઓ પાનું ૨) ▸▸

# વડા પ્રધાન મોદી ૧૫મીથી બે દિવસના ગુજરાત પ્રવાસે

### અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રૂટનો પ્રારંભ કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૫મી સપ્ટેમ્બરથી ગુજરાતની બે દિવસીય મુલાકાતે આવશે, જે દરમિયાન તેઓ મેટ્રો ટ્રેન સેવા તેમજ ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પો (રિ-ઈન્વેસ્ટ ૨૦૨૪)ની ચોથી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે. નરેન્દ્ર મોદી ત્રીજીવાર વડા પ્રધાન બન્યા બાદ હવે પહેલી વાર ગુજરાતની મુલાકાત લેવાના છે. આગામી ૧૫ અને ૧૬ સપ્ટેમ્બર એમ બે દિવસ રાજભવન ખાતે વડા પ્રધાન રાત્રિ રોકાણ કરવાના છે.

જાહેર કાર્યક્રમ સિવાય રાજભવન ખાતે નરેન્દ્ર મોદી બેઠક કરે તેવી માહિતી સૂત્રો પાસેથી માહિતી મળી હતી, તેમજ રાજકીય સમીકરણો અને વહીવટી તંત્રને લઈને બેઠક કરી શકે છે. જ્યારે ૧૬ તારીખે રીન્યુઅલ એનર્જી પર યોજાનારા એક્સપો ખુલ્લો મુકશે. મેટ્રો રેલના બીજા તબક્કાના રૂટનો ૧૬ સપ્ટેમ્બરે સેક્ટર-૧થી શુભારંભ કરવામાં આવશે. મેટ્રો રેલવેનો બીજો તબક્કો શરૂ થશે.

ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ભાગીદારીમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) દ્વારા મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો પ્રારંભ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થશે. અમદાવાદના વાસણા એપીએમસીથી ગાંધીનગર સેક્ટર ૧ સુધીની મેટ્રો યાત્રાનું ભાડું રૂ. ૩૫ છે અને ૩૩.૫ કિ.મીનું અંતર ૬૫ મિનિટમાં પૂરું કરી શકાશે. ત્યાર બાદ તેઓ અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં ભાજપના ૧ લાખથી વધારે કાર્યકર્તાઓને સંબોધિત કરશે.જો કે મળતી માહિતી અનુસાર આગામી ૧૭ સપ્ટેમ્બરનો કોઈ કાર્યક્રમ હજુ સુધી નક્કી થયો નથી. ■

## કર્ણાટકમાં ગણપતિ વિસર્જન વખતે પથ્થરમારોઃ ૫૭ પકડાયા

માંડ્યા (કર્ણાટક) : અહીંના નાગમંડલ નગરમાં ગણપતિ વિસર્જન વખતે બે જૂથ વચ્ચે થયેલી અથડમણના એક દિવસ બાદ આ બનાવના સંબંધમાં ૫૭ જણની ધરપકડ કરવામાં આવી છે, એવી માહિતી પોલીસે ગુરુવારે આપી હતી.

બુધવારે થયેલા પથ્થરમારામાં બે પોલીસ સહિત થોડા લોકોને નજીવી ઈજા થઈ ત્યાર બાદ નગરમાં તંગદિલી પ્રવર્તતી હતી. જોકે પરિસ્થિતિને કાબૂ હેઠળ લાવવામાં આવી હતી અને વધારાનાં સુરક્ષા દળો તહેનાત કરવામાં આવ્યાં હતાં.

વિસ્તારમાં ૧૪ સપ્ટેમ્બર સુધી ચારથી વધારે લોકોના જમા થવા પર પ્રતિબંધાત્મક હુકમો બહાર પડાયા છે. પોલીસના માંડ્યાના સુપરિન્ટેન્ડન્ટ

(જુઓ પાનું ૨) ▸▸

## મધ્ય પ્રદેશમાં દીવાલ તૂટીઃ સાતનાં મોત

દતિયા (મધ્ય પ્રદેશ) : મધ્ય પ્રદેશના દતિયા નગરમાં ગુરુવારે ભારે વરસાદને લીધે ઘરની બાજુની પ્રાચીન દીવાલ તૂટી પડતાં સાત જણનાં મોત થયાં હતાં, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. દુર્ઘટના પરોઢિયે ચાર વાગ્યે ખાલકપુરા વિસ્તારમાં બની હતી. દીવાલ ઘર પર જ તૂટી પડતાં કાટમાળ હેઠળ નવ જણ દટાઈ ગયા હતા. દતિયાના કલેકટર સંદીપ માકિને કહ્યું હતું કે સાત જણ મરણ પામ્યા હતા ને બીજા બેને બચાવી લેવામાં આવ્યા હતા. આ બનાવ અંગે શોક વ્યક્ત કરતાં મુખ્ય પ્રધાને ભોગ બનેલાઓના કુટુંબને ચાર લાખ

(જુઓ પાનું ૨) ▸▸

## દેશ સંરક્ષણ ક્ષેત્રે સ્વાવલંબી બન્યો છેઃ રાજનાથ

નવી દિલ્હીઃ સેન્સર્સ, રડાર, ઈલેક્ટ્રોનિક યુદ્ધશસ્ત્રો સહિત સંરક્ષણના ક્ષેત્રે ભારત સ્વાવલંબી બન્યો હોવાનું સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું હતું. 'સ્વાવલંબી ભારત'ના નવા ઠરાવની દિશામાં ભારતનું સંરક્ષણ ક્ષેત્ર ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે એમ જણાવતાં જોધપુરમાં તેમણે કહ્યું હતું કે અત્યાધુનિક ઉપકરણોના સમાવેશને કારણે ભારતીય હવાઈદળમાં ધરમૂળથી પરિવર્તન આવેલું જોવા મળી રહ્યું છે. હળવાં કૉમ્બેટ વિમાન, સેન્સર, રડાર અને ઈલેક્ટ્રોનિક યુદ્ધશસ્ત્રો સહિતના ક્ષેત્રે ભારત ખૂબ જ ઝડપથી સ્વાવલંબી બનવાની દિશામાં આગળ વધી રહ્યું હોવાની રાજનાથ સિંહે નોંધ લીધી હતી. ■

# સીજેઆઈના નિવાસસ્થાને ગણપતિ પૂજામાં મોદીની હાજરી અંગે વિવાદ

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચૂડના નિવાસસ્થાન પર ગણપતિ પૂજાની ઉજવણીમાં હાજરી આપવાને લઈને વિપક્ષે ઊભા કરેલા વિવાદ અંગે ભાજપ અને તેના સહયોગી પક્ષોએ વિપક્ષની પ્રતિક્રિયાઓને ''અવિચારી'' ગણાવીને વિરોધ પક્ષો પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલત પર ''પાયા વિનાના અભિપ્રાય'' મૂકવા એ એક ખતરનાક ઉદાહરણ છે. વડા પ્રધાન મોદીએ બુધવારે અહીં સીજેઆઈના ચંદ્રચૂડના નિવાસસ્થાને ગણપતિ પૂજામાં ભાગ લીધો હતો, જે વિશે કેટલાક વિપક્ષી નેતાઓ અને સુપ્રીમ કોર્ટના કેટલાક વકીલોએ તીખી પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી. શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે કહ્યું કે, '' વડા પ્રધાને સીજેઆઈના નિવાસસ્થાનની મુલાકાત લીધી હતી. તેઓએ સાથે મળીને 'આરતી' કરી હતી. અમને લાગે છે કે જો બંધારણના રક્ષકો રાજકીય નેતાઓને મળે તો લોકોને શંકા થશે''.



**મોદી દ્વારા ગણેશ પૂજન** બુધવારે ભારતના વડા ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડના નવી દિલ્હીના નિવાસસ્થાને ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગણપતિ પૂજનમાં હાજરી આપી હતી. (પીટીઆઈ)

એક્સ પરની એક પોસ્ટમાં, વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંગે જણાવ્યું હતું કે ભારતના મુખ્ય ન્યાયાધીશે કાર્યપાલક અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાના વિભાજન સાથે સમાધાન કર્યું છે.

વળતો પ્રહાર કરતા, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ (સંગઠન) બીએલ સંતોષે એક્સ પરની જયસિંગેની પોસ્ટના જવાબમાં જણાવ્યું હતું કે સીજેઆઈના નિવાસસ્થાન ખાતેના કાર્યક્રમમાં વડા પ્રધાનની હાજરી પર ડાબેરી ઉદારવાદીઓએ રડવાનું શરૂ કર્યું છે, તે સમાજીકરણ નથી, પરંતુ સમર્પિત ગણપતિ પૂજા હતી. એક સમર્પિત ગણપતિ પૂજા પચાવવી એમને માટે ખૂબ જ મુશ્કેલ છે. ઊંડા શ્વાસ લો''.

એમણે અન્ય એક પોસ્ટમાં લખ્યું, ''ગઈકાલની પૂજા અને આરતીએ દેશભરના ઘણા લોકોની ઊંઘ, મોર્નિંગ વોક અને ચા-નાસ્તો બગાડ્યો.''

શિવસેનાના રાજ્યસભાના સાંસદ મિલિંદ દેવરાએ પણ ટીકાકારોની ટીકા કરી અને કહ્યું કે ગણપતિની આરતી માટે વડા પ્રધાન મોદીની સીજેઆઈના નિવાસસ્થાનની મુલાકાત પર ''અવિચારી ટિપ્પણી'' જોવી દુર્ભાગ્યપૂર્ણ છે.

''જ્યારે ચુકાદાઓ તેમની તરફેણમાં આવે છે, ત્યારે વિપક્ષ સુપ્રીમ કોર્ટની વિશ્વસનીયતાની પ્રશંસા કરે છે, પરંતુ જ્યારે વસ્તુઓ તેમના માર્ગે ન જાય, ત્યારે તેઓ સહેલાઇથી દાવો કરે છે કે ન્યાયતંત્ર સાથે સમાધાન કરવામાં આવ્યું છે,'' તેમણે એક્સ પરની પોસ્ટમાં આરોપ મૂક્યો.

દેવરાએ કહ્યું, ''વિપક્ષ દ્વારા સીજેઆઈની વિશ્વસનીયતાને નબળી પાડવાનો આ અવિચારી પ્રયાસ માત્ર બેજવાબદાર નથી પણ સંસ્થાની અખંડિતતાને પણ નુકસાન પહોંચાડે છે. ભારતની રાજનીતિ એક કદરૂપું વળાંક લઈ રહી છે,''.

દેવરાએ જણાવ્યું હતું કે, ''જે લોકો તેમના વારસા અને વિશ્વસનીયતાને કલંકિત કરવા માગે છે તેઓ નબળા નિર્ણય અને દેશના શ્રેષ્ઠ હિતોની વિરુદ્ધ કામ કરી રહ્યા છે.'' ■



**ભારે વરસાદઃ** આગ્રામાં ભારે વરસાદને લીધે પાણી ભરાઈ ગયાં હતાં. લોકોને આમાંથી આગળ વધવામાં હાડમારી થઈ હતી. (પીટીઆઈ)

## મુંબઈના આકુર્લી બ્રિજ પ્રોજેક્ટથી ટ્રાફિક સમસ્યા હળવી થશે

નવી દિલ્હીઃ કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે કહ્યું હતું કે મુંબઈના વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર બની રહેલા આકુર્લી બ્રિજ પ્રોજેક્ટથી ટ્રાફિક બોટલનેકની મોટી સમસ્યાનું નિરાકરણ થશે અને નાગરિકોના સમય અને ઈંધણની બચત થતાં બધા માટે લાભદાયક નીવડી રહેશે. અહીં ઉલ્લેખનીય છે કે આકુર્લી બ્રિજને મંગળવારે વાહનો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

છેલ્લા અનેક વર્ષોથી અટકી પડેલા આ પ્રોજેક્ટને કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાનના હસ્તક્ષેપ બાદ ગતિ મળી હતી. આ રસ્તાનું કામ પૂર્ણ થવાને કારણે લાખો મુંબઈગરાને નોંધપાત્ર રાહત મળી છે, કેમ કે શહેરના મુખ્ય ધોરી માર્ગ પર સર્જાતા બોટલનેકમાંથી છુટકારો મળશે.

ગોયલે કહ્યું હતું કે આ પ્રોજેક્ટને નિર્ધારિત સમય મર્યાદામાં પૂરો કરવામાં આવ્યો હતો. આ માટે નિયમિત ધોરણે આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા બધા જ પક્ષકારો સાથે બેઠકો કરીને કામ પર નજર રાખવામાં આવી હતી.

અહીં ઉલ્લેખનીય છે કે આ પ્રોજેક્ટ સંબંધે તેમની મુંબઈ મનપામાં બેઠક આયોજિત કરવામાં આવ્યાના એટલે કે ૧૪ ઑગસ્ટથી એક મહિનાની અંદર કામ પૂરું કરી નાખવામાં આવ્યું હતું.

અહીં ઉલ્લેખનીય છે કે તેમણે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) અને ટ્રાફિક પોલીસને આકુર્લી અંડરપાસનું કામ ઝડપી બનાવવા માટે સૂચના આપી હતી. તેમણે તાકીદ કરી હતી કે ઑક્ટોબરના પહેલા અઠવાડિયા પહેલાં નાગરિકોને પડતી હાલાકીને દૂર કરવા માટે કામ કરવામાં આવે.

આવી જ રીતે તેમણે કોસ્ટલ રોડથી ભાયંદર સુધીના એક્સટેન્શનના કામને ગતિ આપવાનો આદેશ આપ્યો હતો, જેનાથી અહીંની બોટલનેક દૂર કરી શકાય. ગોયલ ઉત્તર મુંબઈથી લોકસભાના સાંસદ છે. (પીટીઆઈ) ■

## નીરવ મોદીની વધુ સંપત્તિને ટાંચ મરાઈ

નવી દિલ્હી : હીરાના ભાગેડૂ વેપારી નીરવ મોદીની ૨૯.૭૫ કરોડ રૂપિયાની નવી સંપત્તિને એન્ટિ-મની લોન્ડરિંગ લો હેઠળ ટાંચ મરાઈ હતી, એવી માહિતી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે (ઈડી) બુધવારે આપી હતી.

ઈડીએ એક નિવેદનમાં કહ્યું હતું કે બૅન્ક ડિપોઝિટ, જમીન અને મકાનના રૂપમાં રહેલી સંપત્તિને પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ ટાંચ મારવા હંગામી હુકમ બહાર પડાયો છે. એજન્સી મોદીએ પંજાબ નેશનલ બૅન્ક સાથે કરેલા બે અબજ અમેરિકન ડૉલરના કૌભાંડની ચાર વર્ષથી તપાસ કરી રહી છે. ઈડીએ પહેલાં ભારત અને વિદેશાની તેની રૂ. ૨૫૯૬ કરોડ રૂપિયાની સંપત્તિને ટાંચ મારી છે. ૫૩ વર્ષનો મોદી હાલમાં ઈંગ્લૅન્ડની જેલમાં છે અને તે લોન છેતરપિંડી કેસમાં પ્રત્યાર્પણ કેસ હારી ગયો છે. આ કેસમાં સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન પણ તપાસ કરી રહી છે.

આ કેસના મુખ્ય આોપી મોદી અને તેના મામા મેહુલ ચોકસી છે. બન્નેએ પીએનબીની મુંબઈની બ્રેડી હાઉસની શાખામાં બૅન્કના અધિકારીઓની સાથે સાંઠગાંઠ કરીને બનાવટી લેટર ઑફ ક્રેડિટ વડે કૌભાંડ કર્યું હતું. મુંબઈ પીએમએલએ કોર્ટે ડિસેમ્બર ૨૦૧૯માં તેને ભાગેડૂ જાહેર કર્યો હતો. એજ વર્ષે તેની લંડનમાં ધરપકડ થઈ હતી. (એજન્સી) ■



**હિન્દુઓનો વિરોધઃ** શિમલાના સજૌલી ખાતેની મસ્જિદમાં ગેરકાયદે સ્ટ્રક્ચરને તોડવાની માગણીના સમર્થનમાં દેખાવ કરી રહેલા હિન્દુ જૂથના લોકોને વિખેરવા પોલીસે વોટર કનોનનો ઉપયોગ કર્યો હતો. (પીટીઆઈ)

## મુખ્તાર અન્સારીની ₹ ૧૨ કરોડની બેનામી સંપત્તિ જપ્ત

નવી દિલ્હીઃ આવકવેરા ખાતું ટૂંક સમયમાં મૃત ગેંગસ્ટર-રાજકારણી મુખ્તાર અન્સારીની રૂ. ૧૨ કરોડની સંપત્તિ જપ્ત કરી હતી. આ જાણકારી સત્તાવાર સૂત્રોએ આપી હતી.

ઓથોરિટીના જણાવ્યા અનુસાર ઉત્તર પ્રદેશના ગાઝીપુર જિલ્લાના સદર તાલુકા હેઠળના મૌઝા કપૂરપુર એનઝેડએ ખાતે આવેલી સ્થાવર મિલકત એક બેનામી મિલકત છે. લખનૌમાં આવકવેરા વિભાગની તપાસ શાખાએ આ સંપત્તિ જપ્ત કરવા માટે બેનામી ટ્રાન્ઝેક્શન(નિષેધ) એમેન્ડમેન્ટ એક્ટ ૨૦૧૬ની જોગવાઇઓ હેઠળ એપ્રિલ ૨૦૧૩માં એક કામચલાઉ આદેશ જારી કર્યો હતો. આ સંપત્તિ એક જમીન છે. જેની અંદાજિત બજાર કિંમત લગભગ ૧૨ કરોડ રૂપિયા છે. જેને મે મહિનામાં ટેક્સ વિભાગ દ્વારા કબ્જે કરવામાં આવી હતી.

આવકવેરા વિભાગના આદેશ અનુસાર આ કેસમાં બેનામીદાર(જેના નામે બેનામી સંપત્તિ છે)ની ઓળખ અન્સારીના કથિત સહયોગી અને પાડોશી ગણેશ દત્ત મિશ્રા તરીકે કરવામાં આવી છે. આદેશમાં કહેવાયું છે કે લાભાર્થી માલિક અન્સારી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ટેક્સ વિભાગ હવે આ મિલકત જપ્ત કરવા માટે પગલાં લેશે. ■

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના ત્રણ વર્ષ પૂર્ણ

**મુખ્યમંત્રી** શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં તેમના સુશાસનના ત્રણ વર્ષ પૂર્ણ કર્યા છે. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. આ ત્રણ વર્ષોમાં મુખ્યમંત્રીશ્રીએ વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી ગુજરાતની વિકાસયાત્રાને સતત આગળ વધારી છે. તેમના મક્કમ નેતૃત્વ હેઠળ ગુજરાતે છેલ્લા ત્રણ વર્ષોમાં વિવિધ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં જી૨૦ મીટિંગો તેમજ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું ૧૦મું સંસ્કરણ, બંને સફળતાપૂર્વક સંપન્ન થયા છે. તેમના નેતૃત્વ હેઠળ આજે ગુજરાત દેશનું સેમિકન્ડક્ટર હબ અને રિન્યુએબલ હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૧૧ જેટલી મહત્ત્વપૂર્ણ પૉલિસીઓ લોન્ચ કરી છે, જે ગુજરાતની પૉલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની છબિને વધુ મજબૂત બનાવે છે. ગુજરાતની જનતાની સેવાના ત્રણ વર્ષોમાં શ્રી ભૂપેન્દ્ર પટેલ અને તેમની ટીમ ગુજરાત 'એ તમામ ક્ષેત્રોમાં ઝડપી વિકાસને વેગ આપ્યો છે. વડા પ્રધાનશ્રીએ 'વિકસિત ભારત ૨૦૪૭'નું જે વિઝન આપ્યું છે, તેને 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ની નેમ સાથે સાકાર કરવા માટે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર પ્રતિબદ્ધતાથી કાર્ય કરી રહી છે. મુખ્યમંત્રીશ્રીના ૩ વર્ષનાં કાર્યકાળ દરમિયાન જાહેર થયેલી મહત્ત્વપૂર્ણ યોજનાઓ, પહેલો, નીતિઓ અને ગુજરાતની સિદ્ધિઓ અંગે માહિતી મેળવીએ.

**૩ વર્ષ દરમિયાન નવી નીતિઓ જાહેર કરી**

૧. ગુજરાત આત્મનિર્ભર પૉલિસી
૨. ગુજરાત બાયોટેક્નોલોજી પૉલિસી
૩. નવી ગુજરાત IT/ITes પૉલિસી
૪. ગુજરાત સ્પોર્ટ્સ પૉલિસી
૫. ડ્રોન પૉલિસી
૬. ગુજરાત સેમિકંડક્ટર પૉલિસી
૭. ગુજરાત રિન્યુએબલ એનર્જી પૉલિસી
૮. સિનેમેટિક ટૂરિઝમ પૉલિસી
૯. સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ્સ એન્ડ ઈનોવેશન પૉલિસી ૨.૦ (SSIP-2.0)
૧૦. ગુજરાત ખરીદ નીતિ
૧૧. ગુજરાત ગ્રીન હાઈડ્રોજન પૉલિસી ૨૦૨૪

**સુશાસનની સિદ્ધિઓ**

ગુજરાતની જનતા માટે ગરવું ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત, ગતિશીલ ગુજરાત એમ ૫જીનો સમાવેશ કરતું સર્વગ્રાહી દિશાદર્શન કરનારું ₹૩ લાખ ૩૨ હજાર કરોડનું માતબર બજેટ.

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના ૧૦મા સંસ્કરણનું સફળ આયોજન.

અર્નિંગ વેલ, લિવિંગ વેલના મંત્ર સાથે વિકસિત ગુજરાત ૨૦૪૭'નો રોડમેપ બનાવનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય.

ઝીરો કેઝ્યુઅલ્ટી અભિગમ સાથે બિપરજોય વાવાઝોડાંનો સામનો.

ગુજરાતમાં સફળતાપૂર્વક ૧૭ જી૨૦ બેઠકોનું આયોજન.

ગુજરાતમાં ૨૬૪૯ અમૃત સરોવરોનું નિર્માણકાર્ય પૂર્ણ, જે લક્ષ્યાંકના ૧૦૭ ટકા.


મુખ્યમંત્રી કાર્યાલયને ISO 9001:2015 સર્ટિફિકેશન પ્રાપ્ત.

મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા પોતાની અધિકૃત વોટ્સએપ ચેનલ કાર્યરત.

Sustainable Development Goals ઈન્ડેક્સમાં આરોગ્ય સુવિધા સુખાકારી ક્ષેત્રે ગુજરાત સતત બીજી વાર દેશમાં પ્રથમ.

G- ગરીબો, વંચિતો, આદિવાસીઓ અને શ્રમિકોનો વિકાસ

આગામી ત્રણ વર્ષમાં ₹૧૫૦૦ કરોડના ખર્ચે ૩ લાખ જેટલા શ્રમિક બસેરાનું નિર્માણ કરવાનું આયોજન.



ઇ-શ્રમ પોર્ટલ પર ૧ કરોડ ૧૭ લાખથી વધુ અસંગઠિત શ્રમયોગીઓને આપવામાં આવ્યા સ્માર્ટ કાર્ડ.

₹ ૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના ૨.૦ અમલમાં મૂકવામાં આવી.

શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ રાજ્યના ૧૯ જિલ્લાઓમાં ૨૯૦ ખાદ્ય વિતરણ કેન્દ્રો કાર્યરત.

શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ અત્યારસુધીમાં ૨ કરોડ ૬૮ લાખ લોકોને ભોજન વિતરણ.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગુજરાતમાં ૧૪ લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય.

૭૨ લાખથી વધુ NFSA કાર્ડધારક પરિવારોને મફત અનાજ વિતરણ.

રાજ્યના ૩.૮૨ કરોડ લોકોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં આવરી લેવાશે.

**યુવા વિકાસ - સફળ યુવા સમર્થ ગુજરાત**

ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગ મુજબ છેલ્લાં ચાર વર્ષોથી સતત દેશમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્ય તરીકે ગુજરાત પ્રથમ ક્રમે

યુવાનોના કૌશલ્યને કેન્દ્રમાં રાખીને રોજગારી આપવાના ઉદ્દેશથી ગુજરાતમાં કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના.

કૌશલ્યા-ધ સ્કિલ યુનિવર્સિટી દ્વારા જાન્યુઆરી ૨૦૨૪થી ડ્રોન એપ્લીકેશનમાં ૯ અદ્યતન કોર્સ શરૂ.

કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટીએ રિમોટ પાઇલટ ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન લાઇસન્સ મેળવનાર રાજ્યની પ્રથમ યુનિવર્સિટી.

સ્મોલ કેટેગરીના ડ્રોન બનાવવાનું ટાઈપ સર્ટીફિકેટ મેળવનાર કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી દેશની એકમાત્ર સરકારી યુનિવર્સિટી

સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશિપ કાર્યક્રમ હેઠળ ૧૮ સી.એમ. ફેલો સરકાર સાથે જોડાયા.

રાજ્યમાં સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન, ૨૨ જિલ્લાઓમાં ૨૪ જિલ્લા રમત સંકુલ કાર્યરત.

૨૦૨૩માં ખેલ મહાકુંભ ૨.૦ ઇવેન્ટમાં ૫૩ લાખ ૬૬ હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો.

રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય.

**અન્નદાતાનું માન, અન્નદાતાનું ધ્યાન**

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ૫૮.૭૯ લાખ જેટલા ખેડૂત કુટુંબોને ₹૧૧,૦૫૮.૫૯ કરોડની રાશી સીધી લાભાર્થીઓના બેંક ખાતામાં.

રાજ્યનો ડાંગ જિલ્લો સૌપ્રથમ ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લા બન્યો.

રાજ્યના ૫૩ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી.

૯.૮૫ લાખ ખેડૂતો ૮.૪૫ લાખ એકરથી વધુ જમીન પર સક્રિય રીતે પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે.

નેનો યુરિયાનો વધ્યો વ્યાપ, ૫૬.૬૫ લાખ જેટલી નેનો યુરિયા (૫૦૦ મીલિ) ની બોટલોનો વપરાશ થયો.

કૃષિ ક્ષેત્રે ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા અને કૃષિક્ષેત્રને લગતી માહિતી સેન્ટ્રલ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવા ઇન્ડેક્સ-અ ની સ્થાપના.

લગભગ ૧૫ લાખ ખેડૂતોએ માઇક્રો ઇરિગેશન પદ્ધતિ અપનાવી, ૨૩.૪ લાખ હેક્ટર વિસ્તારને તે હેઠળ આવરી લીધો છે.

છેલ્લા ૩ વર્ષોમાં ખેડૂતોને ₹૨૪,૬૬૦ કરોડની પાવર સબસિડી આપવામાં આવી

કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજ્યના ૧૩,૭૩૦ એટલે કે ૭૬% ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી, ખેડૂતોની જીવન ગુણવત્તામાં સુધારો.

રાજ્યના ૨૪૬ તાલુકાઓમાં રવી કૃષિ મહોત્સવ ૨૦૨૩ નું સફળ આયોજન, જેમાં ૨.૧૦ લાખથી વધુ ખેડૂતોએ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો/નિષ્ણાતો પાસેથી મેળવ્યું ટેક્નિકલ માર્ગદર્શન.

તુવેર ₹૭,૦૦૦ પ્રતિ ક્વિંટલ, ચણા ₹૫૪૪૦ પ્રતિ ક્વિંટલ અને રાયડાની ₹૫૬૫૦ પ્રતિ ક્વિંટલની ટેકાના ભાવે ખરીદી કરી.

વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ચણાનું ઉત્પાદન વધતાં ભારત સરકાર દ્વારા ખરીદી માટે મંજૂર કરેલ જથ્થા ઉપરાંત રાજ્ય સરકારના ખર્ચે વધારાના ૨૨ હજાર મેટ્રિક ટન જેટલા ચણાની ₹૧૧૫ કરોડથી વધુના ખર્ચે ખરીદી કરવામાં આવી.

ઇ-સેવાઓ વધુ સુલભ બને તે માટે સામાન્ય સેવા કેન્દ્રો તરીકે પ્રાથમિક કૃષિ ધિરાણ સંસ્થાઓ (PACS) નો વિકાસ કરવા માટે GOI ની પહેલ અન્વયે ૩૨૩૩ PACS ઓનબોર્ડ થયા, જેમાંથી ૧૮૧૨ PACS કાર્યરત છે.

વિવિધ કૃષિ રાહત પેકેજ અંતર્ગત ૧૨,૭૮,૬૦૦ જેટલા અસરગ્રસ્ત ખેડૂત લાભાર્થીઓને કુલ ₹૧૯૨૫.૮૯ કરોડની સહાય.

ગુજરાતમાં જુલાઈ-૨૦૨૪ મહિનામાં વરસેલા ભારે વરસાદથી નુકસાનગ્રસ્ત વિસ્તારના ખેડૂતો માટે ₹૩૫૦ કરોડનું કૃષિ રાહત-સહાય પેકેજ જાહેર

છેલ્લા ત્રણ વર્ષમાં પશુપાલન ક્ષેત્ર માટે બજેટ જોગવાઈમાં કુલ ૧૩૨%નો વધારો.

મુખ્યમંત્રી ગૌ-માતા પોષણ યોજના અન્વયે ૬૦૯ કરોડ રૂપિયાની સહાય.

લમ્પી સ્કીન ડિસિઝના રોગચાળા દરમ્યાન ૬૩ લાખ સ્વસ્થ પશુઓમાં રસીકરણ.

મિલેટ વર્ષનો લાભ રાજ્યના ૮૦ લાખ જેટલા નાગરિકો અને ખેડૂતોને થયો

**નારી સશક્તિકરણ (સશક્ત નારી, સશક્ત પરિવાર)**

મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ પાંચ લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને લાભ.

નારી સશક્તિકરણ માટે નારી ગૌરવ નીતિ-૨૦૨૪ જાહેર.

પોષણ સુધા યોજનાનો વ્યાપ વધાર્યો, ગુજરાતના તમામ ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં અમલી.

વર્ષ ૨૦૨૩માં સૌપ્રથમવાર જેન્ડર બજેટ ૧ લાખ કરોડને પાર, ૨૦૦થી વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી.

વર્ષ ૨૦૨૪-૨૫માં જેન્ડર બજેટમાં મહિલા સશક્તિકરણની કુલ ૮૦૪ યોજનાઓ આવરી લેવામાં આવી.

'નમો ડ્રોન દીદી યોજના' હેઠળ ગુજરાતમાં મહિલાઓને ખેતીમાં નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ડ્રોન દ્વારા ખાતર અને જંતુનાશકોનો છંટકાવ કરવાની તાલીમ.

**સ્વસ્થ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત**

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ (PMJAY-MA) હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી ₹૫ લાખની સહાય વધારીને ₹૧૦ લાખ.

વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે રાજકોટ AIIMS નું ઉદઘાટન.

ગુજરાતમાં ૨.૬ કરોડથી વધુ નાગરિકોને આયુષ્માન કાર્ડ

પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) અંતર્ગત ગુજરાતમાં નવા ૧૮૮ ડાયાલિસિસ કેન્દ્રો શરૂ.

રાજ્યમાં કુલ ૩૫ ડે કેર કિમોથેરાપી સેન્ટર્સ શરૂ કરવામાં આવ્યા. જેમાં ૬૩ હજારથી વધુ દર્દીઓના ૧,૬૯,૦૬૬ કિયોથેરાપી સેશન્સ થયા.

રાજ્ય વિશિષ્ટ પહેલ અંતર્ગત, વિદ્યાર્થીઓ (૧.૧૫ કરોડ)ની આરોગ્ય તપાસ બાદ ડિજિટલ હેલ્થ કાર્ડ ઉપલબ્ધ કરાવનાર ગુજરાત એક માત્ર રાજ્ય.

૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સર્વિસ અંતર્ગત રાજ્યમાં ૧૫૦ નવી ઇમરજન્સી એમ્બ્યુલન્સનો વધારો, કુલ સંખ્યા ૮૦૦ થઈ.

ફ્રી ડાયાગ્નોસ્ટિક સર્વિસ ઇનીશિએટીવ (FDSI) અંતર્ગત પેટા જિલ્લા હોસ્પિટલો ખાતે લેબોરેટરી ટેસ્ટની સંખ્યા ૩૩ થી વધારી ૧૧૧, જિલ્લા હોસ્પિટલ ખાતે લેબોરેટરી ટેસ્ટની સંખ્યા ૬૮થી વધારી ૧૩૪ કરવામાં આવી.

છેલ્લા ૩ વર્ષોમાં રાજ્યમાં ૯ નવી મેડિકલ કોલેજો કાર્યરત, કુલ ૧૧૦૦ મેડિકલ સીટ્સ વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ.

પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ૧૦,૦૨૯ નિક્ષયમિત્રનું નિક્ષય પોર્ટલમાં રજિસ્ટ્રેશન

ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર માટે ૩,૦૦,૭૨૭ પોષણકીટનું વિતરણ, આ કામગીરીમાં ગુજરાત ભારતમાં પ્રથમ.

નમો શ્રી યોજના હેઠળ ગર્ભવતી મહિલાઓને ૧૨ હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાની યોજના જાહેર.

રાષ્ટ્રીય નેત્રદાન ઝુંબેશ હેઠળ ગુજરાતમાં ૧૪ લાખ સફળ મોતિયાના ઓપરેશન કરાયા.

**શિક્ષિત ગુજરાત, સંપન્ન ગુજરાત**

ગુજરાતમાં શિક્ષણ વ્યવસ્થાની રિયલ ટાઇમ જાણકારી મેળવવાના હેતુથી વિદ્યા સમીક્ષા કેન્દ્રનો પ્રારંભ.

મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત ૮૭૪.૬૮ કરોડના ખર્ચે ૯૭,૧૮૭ સ્માર્ટ ક્લાસરૂમ્સ તથા ૧,૪૩૨.૪૦ કરોડના ખર્ચે ૨૧,૦૩૭ કમ્પ્યુટર લેબ્સ પૂરા પાડવામાં આવ્યા.

શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ દરમ્યાન ૬૬૮૫ ક્લાસરૂમ, ૭૮૭૮ કોમ્પ્યુટર લેબ, ૨૬,૫૭૦ સ્માર્ટ ક્લાસના લોકાર્પણ-ઉદ્ઘાટન.

'નમો લક્ષ્મી' યોજના હેઠળ ધોરણ ૯ થી ૧૨ દરમિયાન ચાર વર્ષોમાં વિદ્યાર્થિનીઓને ₹૫૦ હજારની આર્થિક સહાય.

'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' હેઠળ ₹૨૫ હજારની આર્થિક સહાય.

**ઔદ્યોગિક ક્ષેત્રે ગતિશીલ ગુજરાત**

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નું ૧૦મું સંસ્કરણ સફળતાપૂર્વક સંપન્ન.

વાયબ્રન્ટ ગુજરાતના ૧૦મા સંસ્કરણમાં ૧૪૦થી વધુ દેશોમાંથી ૬૧,૦૦૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો.

વાયબ્રન્ટ સમિટના ભાગ રૂપે ૧૫૦ જેટલા સેમિનાર અને કાર્યક્રમોનું આયોજન.

વાયબ્રન્ટ ગુજરાતના ૧૦મા સંસ્કરણમાં ૨,૮૬૨ B2B મીટિંગ્સ અને ૧,૩૬૮ B2G મીટિંગ્સ યોજાઇ.

ઉદ્યોગોને આત્મનિર્ભરતા માટે સહાયની ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઇન્ડસ્ટ્રીઝ'' જાહેર.

ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય, જ્યાં ૪ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થશે.

સાણંદમાં ₹૨૨,૫૦૦ કરોડના ખર્ચે માઇક્રોન કંપની દ્વારા સેમિકન્ડક્ટર પ્લાન્ટનું કામ પૂરજોશમાં.

ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિક્સ પ્રાઇવેટ લિમિટેડ અને પાવરચીપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન સાથે મળીને ₹૯૧,૦૦૦ કરોડના રોકાણ સાથે સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન યુનિટ સ્થાપશે.

કેયન્સ સેમિકોનનો પ્લાન્ટ સાણંદમાં ₹૩૩૦૦ કરોડના રોકાણો સાથે ૬૦ લાખ ચિપ્સ પ્રતિદિન ઉત્પાદન કરશે.

આત્મનિર્ભર ગુજરાત અંતર્ગત, સ્પર્ધાત્મક બજારમાં ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પ્રદાન કરવા માટે MSMEs માટે આસિસ્ટન્સ ફોર ક્વોલિટી સર્ટિફિકેશન' સુવિધાઓ પ્રદાન કરવામાં આવી રહી છે.

ગુજરાત ૩૮,૦૦૦થી વધુ ZED પ્રમાણિત MSMEs સાથે આ કેટેગરીમાં ટોપ પર્ફોર્મર. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ), શુક્રવાર, તા. ૧૩-૯-૨૦૨૪

- ભારતીય દિનાંક ૨૨, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ભાદ્રપદ સુદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૦મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાષાઢા રાત્રે ક. ૨૧-૩૫ સુધી, પછી ઉત્તરાષાઢા.
- ચંદ્ર ધનુમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૩ સુધી (તા. ૧૪મી), પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭ અમદાવાદ ક. ૦૬ મિ. ૨૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૫, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-ૡ
- ભરતી : સવારે ક. ૦૮-૧૪, રાત્રે ક. ૧૯-૩૩
- ઓટઃ બપોરે ક. ૧૪-૩૨, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૯ (તા. ૧૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - દસમી. સૂર્ય મહાનક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની ક. ૦૯-૩૫. વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શુક્ર ગ્રહદેવતાનું પૂજન, આંબળાના ઔષધીય પ્રયોગો, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, માલ વેંચવો, મિલકત લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લે-વેંચ.
- શ્રી ગણેશ મહિમાઃ ગણેશજી સંવેદન, સંરક્ષણ અને સંવર્ધનના દ્યોતક છે. ગણપતિ મનુષ્યને પોતાની લાંબા સમયની પ્રતિષ્ઠાનું રક્ષણ કરવાનો સંદેશ આપે છે અને પ્રતિષ્ઠા વધારે એવાં કાર્યોમાં પ્રવૃત્ત થવાની પ્રેરણા પણ આપે છે. કોઈપણ વાતના સાર ગ્રહણની ને નિંદા વગેરેથી પ્રભાવિત ન થવાની પ્રેરણા શ્રી ગણેશજી આપે છે.
- આચમનઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ પરિવારના વ્યવહારુ બાબતોમાં સાવચેતી દાખવવી જરૂરી છે. ચંદ્ર-સૂર્ય ત્રિકોણ જાહેર પ્રસંગોમાં સફળતા મેળવશો. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ. શુક્ર ચિત્રા નક્ષત્ર પ્રવેશ. ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણે ૫ અંશ ૧૫ કળાના અંતરે રહે છે. સૂર્ય ઉત્તરા ફાલ્ગુની પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, ગુરુ-વૃષભ, શુક્ર-કન્યા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# પેટ્રોલ, ડીઝલના ભાવ ઘટવાની વકી

નવી દિલ્હીઃ પેટ્રોલ અને ડીઝલના ઉત્પાદન માટે કાચી સામગ્રી તરીકે વપરાતા ક્રૂડતેલના ભાવમાં આંતરરાષ્ટ્રીય ભાવ ઘટીને ત્રણ વર્ષની સૌથી નીચલી સપાટીને સ્પર્શયા બાદ આંશિક રીતે ફરી વધ્યા હતા.

આગામી દિવસોમાં પણ જો આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડતેલના ભાવ નીચા રહેશે તો તેવા સંજોગોમાં સ્થાનિક સ્તરે પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટે એવી શક્યતા હોવાનું તેલ ઉદ્યોગના અધિકારીઓએ જણાવ્યું હતું.

મંગળવારે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડતેલના ભાવ પ્રતિબેરલ ઘટીને ૭૦ ડૉલર કરતાં પણ ઓછા થઈ ગયા હતા.

ડિસેમ્બર ૨૦૨૧ બાદ પ્રથમવાર ક્રૂડતેલના આંતરરાષ્ટ્રીય ભાવ ઘટીને ત્રણ વર્ષની સૌથી નીચલી સપાટીને સ્પર્શયા હતા.

જોકે મૅક્સિકોના અખાતમાં વાવાઝોડાં ફ્રાન્સિનને કારણે ક્રૂડતેલના પુરવઠા પર થયેલી અસરને કારણે ભાવમાં આંશિક વધારો થયેલો જોવા મળ્યો હતો.

છેલ્લાં બે વર્ષથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નહોતો, પરંતુ હવે મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી અગાઉ ઈન્ડિયન ઓઈલ કંપની (આઈઓસી), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (બીપીસીએલ) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (એચપીસીએલ) દ્વારા બંનેના ભાવમાં ઘટાડો કરવામાં આવે એવી શક્યતા હોવાનું ઉદ્યોગજગતના નિષ્ણાતોનું કહેવું છે. (એજન્સી) ■

# ઉધમપુરમાં વધુ બે આતંકવાદી હણાયા

જમ્મુ : જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના બસંતગઢના ઉપરના વિસ્તારોમાં ચાલી રહેલા ઓપરેશનમાં બુધવારે જૈશ-એ-મોહમ્મદ સંગઠન સાથે જોડાયેલા બે આતંકવાદીને ઠાર કરવામાં આવ્યા હતા, એમ સેનાએ જણાવ્યું હતું.

છેલ્લા છ મહિનામાં આ ગાઢ જંગલમાં આતંકવાદીઓ સામે તાજેતરના કાળમાં અડધો ડઝનથી વધુ એન્કાઉન્ટરો થયા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ખંડારા ટોચના ઓપરેશન વિસ્તારમાં વધુ એક આતંકવાદી ફસાયેલો હોવાનું માનવામાં આવે છે અને તેને ઠાર કરવાના પ્રયાસો ચાલુ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે સેનાના પ્રથમ પેરા જવાનો અને પોલીસ દ્વારા સંયુક્ત રીતે ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું અને આતંકવાદીઓ સાથેનો પ્રથમ સંપર્ક લગભગ ૧૨.૫૦ વાગ્યે સ્થાપિત થયો હતો.

રાઇઝિંગ સ્ટાર કોર્પ્સના સૈનિકો દ્વારા ખંડારા ખાતે ચાલી રહેલા ઓપરેશનમાં બે આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. ઓપરેશન ચાલુ છે, સેનાએ એક્સ પરની પોસ્ટમાં જણાવ્યું હતું ■

# સુપ્રીમ કોર્ટનો ચુકાદોઃ પુણેનો કચરા પ્રોસેસિંગ પ્લાન્ટ બંધ નહિ થાય

નવી દિલ્હીઃ પુણેના બાનેરસ્થિત ગાર્બેજ પ્રોસેસિંગ પ્લાન્ટ (જીપીપી)ને બંધ કરવાના નેશનલ ગ્રીન ટ્રીબ્યૂનલ (એનજીટી)ના ચુકાદાને સુપ્રીમ કોર્ટે ગુરુવારે રદ કર્યો હતો અને કહ્યું હતું કે આ પ્લાન્ટને બંધ કરવો લોકહિતની વિરુદ્ધનું હશે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જો આ પ્લાન્ટ બંધ કરવામાં આવશે તો પશ્ચિમ પુણે શહેરનો કચરો સંપૂર્ણ શહેરમાંથી પસાર થઈને હડપસર સુધી લઈ જવો પડશે જે પુણે શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલું છે.

ન્યાયાધીશ બી. આર. ગવઈ, પી. કે. મિશ્રા અને કે. વી. વિશ્વનાથનની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે આને કારણે કચરાની દૂર્ગંધ બિનજરૂરી રીતે સંપૂર્ણ વિસ્તારમાં ફેલાશે અને જનતા માટે નવી સમસ્યા ઊભી કરશે.

બાનેરસ્થિત ગાર્બેજ પ્રોસેસિંગ પ્લાન્ટ બંધ કરવાનો આદેશ આપતા ઑક્ટોબર ૨૦૨૦ના એનજીટીના ચુકાદાને પડકારતી પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્યો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરતા ખંડપીઠે ઉપરોક્ત ચુકાદો આપ્યો હતો.

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બૉર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકાને અનુસરતા ચાર મહિનાની અંદર આ પ્લાન્ટ બંધ કરી દેવાનો તેમ જ તેને અન્ય વૈકલ્પિક સ્થળે ખસેડવાનો પણ એનજીટીએ આદેશ આપ્યો હતો. આદેશને પડકારતી સમીક્ષા અરજીને નકારતા એનજીટીના આદેશને પણ કોર્ટે ધ્યાન પર લીધો હતો. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ગણેશોત્સવના

આવ્યો હતો. એનજીટી દ્વારા 'ઢોલ-તાશા' ગ્રૂપ પર લાદવામાં આવેલા નિયંત્રણો પર સ્ટે આપવાને લગતી નોટિસ જારી કરવાનું જણાવી કોર્ટે કેસની આગામી સુનાવણી માટે શુક્રવાર મુકરર કર્યો હતો અને જણાવ્યું હતું કે 'ઢોલ-તાશા' પુણેનું હાર્દ છે. 'ઢોલ-તાશા' ગ્રૂપને 'ઢોલ-તાશા' વગાડવા દો.

ગણેશોત્સવ દરમિયાન ધ્વનિ પ્રદૂષણને રોકવા 'ઢોલ-તાશા' વગાડનારા જૂથના સભ્યોની સંખ્યા ૩૦ કરતા વધુ ન હોય તેની ખાતરી કરવાનો એનજીટીએ પુણે પોલીસને આદેશ આપ્યો હતો.

ગણેશોત્સવ ચાલી રહ્યો હોવાને કારણે વકીલે આ મામલે તાકીદે સુનાવણી હાથ ધરવાની કોર્ટને હાકલ કરી હતી. કોર્ટે ગુરુવારે તાકીદે આ કેસની સુનાવણી હાથ ધરવા સહમતી દર્શાવી હતી.

'ઢોલ-તાશા' ગ્રૂપના સભ્યોની સંખ્યા ૩૦ સુધી મર્યાદિત કઈ રીતે રાખી શકાય? એવા વકીલે કરેલા પ્રશ્નને કોર્ટે ધ્યાન પર લીધો હતો.

સાત સપ્ટેમ્બરથી શરૂ થયેલો ગણેશોત્સવ ૧૭ સપ્ટેમ્બર સુધી ચાલશે. મહારાષ્ટ્રના અનેક વિસ્તારમાં 'ઢોલ-તાશા' ગ્રૂપ પારંપારિક ગણેશોત્સવનો આંતરિક હિસ્સો છે. (એજન્સી) ■

### સેન્સેક્સ પહેલીવાર

નોંધાવી હતી. સત્ર દરમિયાન સેન્સેક્સે ૮૩,૧૧૬.૧૯ની અને નિફ્ટીએ ૨૫,૪૩૩.૩૫ની નવી વિક્રમી ઊંચી સપાટી નોંધાવી છે. સત્રને અંતે સેન્સેક્સ ૧૪૩૯.૫૫ પોઇન્ટ અથવા તો ૧.૭૭ ટકાના ઉછાળા સાથે ૮૨,૯૬૨.૭૧ પોઇન્ટની નવી વિક્રમી સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે નિફ્ટી ૪૭૦ પોઇન્ટ વધીને ૧.૮૯ ટકાના ઉછાળા સાથે ૨૫,૩૮૮.૯૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

ભારતીય શેરબજારે સત્રના અંતિમ કલાકમાં વેગ પકડ્યો હતો અને મુખ્ય બેન્ચમાર્કને નવી ઐતિહાસિક ઊંચાઈ તરફ ધકેલી દીધા હતા. આ તેજીમાં બૅન્કિંગ અને આઇટી ક્ષેત્રના શેરોએ આગેવાની લીધી હતી, જેમાં ઓટો સેક્ટરના શેરોના સુધારાએ પણ બેન્ચમાર્કને નવી ઊંચી સપાટી તરફ લઇ જવામાં ભૂમિકા ભજવી હતી. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ, એચડીએફસી બેન્ક, ઇન્ફોસિસ અને આઇસીઆઇસીઆઇ બેન્ક જેવા હેવીવેઇટ શેરોએ નિફ્ટી ૫૦માં સામૂહિક રીતે ૧૭૧ પોઇન્ટનો ઉમેરો કર્યો હતો, જે આજે તેના કુલ ઉછાળામાં ૩૮ ટકાથી વધું હિસ્સો ધરાવે છે. આ ઇન્ડેક્સ માટે આ મહિને બીજી વિક્રમી ઊંચી સપાટી છે.

ઈન્ડેક્સના ૫૦ ઘટકોમાંથી, ૪૯ ગ્રીન ઝોનમાં બંધ થયા હતા, જેમાં હિન્દાલ્કોનો શેર ૪.૫ ટકાના વધારા સાથે ગેનર્સની યાદીમાં આગળ રહ્યો છે. ત્યારબાદ ભારતી એરટેલ, એનટીપીસી, શ્રીરામ ફાઇનાન્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, જેએસડબલ્યુ સ્ટીલ, આઇશર મોટર્સ, ઓએનજીસી, અદાણી પોર્ટ્સ એન્ડ એસઇઝેડ, વિપ્રો અને ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝે ત્રણથી ૪.૫ ટકાની વચ્ચેનો વધારો નોંધાવ્યો હતો.આ ઉપરાંત આ સત્રની તેજીની બદોલત સપ્ટેમ્બરમાં નિફ્ટી-ફીફ્ટી બેન્ચમાર્ક ૦.૭ ટકાના અને સેન્સેક્સ સમાન સમયગાળા દરમિયાન ૦.૮ ટકાના સુધારા સાથે, માસિક ધોરણે બંને સૂચકાંકોને સકારાત્મક ઝોનમાં જાળવ્યા છે. ■

### દેશમાં ઍર ટેક્સી

શરૂ કરવા માગે છે. બે દિવસની આ પરિષદમાં એશિયા પૅસિફિક વિસ્તારના નાગરિકી ઉડ્ડયન ખાતા, નિયામક સંસ્થા અને ઉદ્યોગજગતના નિષ્ણાતોએ ભાગ લીધો હતો. ૧૯ દેશના અંદાજે ૩૦૦ કરતા પણ વધુ પ્રતિનિધિઓએ આ પરિષદમાં ભાગ લીધો હતો. (એજન્સી)

### મધ્ય પ્રદેશમાં

રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી, એવી માહિતી અધિકારીએ આપી હતી. બનાવ પછી વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે તરત જ પહોંચ્યા હતા અને બચાવ કામગીરી શરૂ કરી હતી. (એજન્સી) ■

### કર્ણાટકમાં

મલ્લિકાર્જુન બાલદંડીએ માહિતી આપી હતી કે બુધવારના બનાવના સંબધમાં અમે ૪૬ લોકોની ધરપકડ કરી છે. હવે સ્થિતિ સામાન્ય છે. દુકાનો ખુલ્લી છે. અમે કર્ણાટક સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સની વધુ કુમકો ગોઠવી છે. અમે ગેરકાયદે જમાવટ, હત્યાનો પ્રયાસ, જાહેર કર્મચારીને ફરજ બજાવતા રોકવાનો અને લોકોની સંપત્તિને નુકસાન પહોંચાડવાનો કેસ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ નોંધ્યો છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે બદારિકાપોપાલુ ગામના શ્રદ્ધાળુનુ સરઘસ એક ધાર્મિકસ્થળ નજીક પહોંચ્યું ત્યારે બે જૂથો વચ્ચે દલીલબાજી થઈ હતી. અમુક તોફાનીઓએ પથ્થરમારો કરતાં પરિસ્થિતિ વકરી હતી. બે જૂથોની અથડામણ બાદ થોડી દુકાનમાં તોડફોડ કરાઈ હતી. અમુક વાહનોને આગ ચંપાઈ હતી. પોલીસે સૌમ્ય બળનો ઉપયોગ કરીને પરિસ્થિતિ અંકુશમાં લાવી હતી. (એજન્સી) ■

# અંબાજી ભાદરવી પૂનમ મહામેળાનો શુભારંભ: મા અંબાના રથને ખેંચી મેળાની શરૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શક્તિપીઠ અને પવિત્ર યાત્રાધામ અંબાજીમાં આજથી ૧૮મી સપ્ટેમ્બર સુધી સાત દિવસીય ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૪ શરૂ થયો છે. શક્તિ ભક્તિ અને આસ્થાના મીની કુંભ સમાન આ મહા મેળાની આજથી શરૂઆત થતી હોઇ જિલ્લા કલેક્ટર શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન મિહિર પટેલના હસ્તે શુભારંભ કરાયો હતો.

અંબાજી ખાતે દાંતા રોડ ઉપર વેંકટેશ માર્બલ નજીક માતાજીના રથની શાસ્ત્રોક્ત રીતે અને ભક્તિભાવથી પૂજા- અર્ચના કરીને કલેક્ટર સહિત મહાનુભાવોએ રથને થોડેક સુધી દોરીને મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. મેળાનો શુભારંભ થતાની સાથે જ બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાથે ગિરિમાળાઓ ગુંજી ઉઠી હતી.

કલેકટરે લાખો માઇભક્તોને મેળામાં આવકારતાં મા અંબા માઈભક્તોની મનોકામના પૂર્ણ કરે અને મેળો સુખરૂપ નિર્વિઘ્ને પૂર્ણ થાય એવી પ્રાર્થના કરી હતી. મેળાના પ્રથમ દિવસથી વિવિધ સેવા કેમ્પો પણ ધમધમી ઉઠ્યા છે.

મેળાના પ્રારંભ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી એમ. જે દવે, જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા, અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર કૌશિક મોદી સહિત અંબાજી મેળાના આયોજન માટે બનાવવામાં આવેલ વિવિધ સમિતિઓના સુપરવાઇઝર ઓફિસરો અને મોટી સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાત દિવસીય ઉત્સવમાં મા અંબાના દર્શનાર્થે આવતા લાખો શ્રદ્ધાળુઓની સેવા, સુવિધા અને સુરક્ષા માટે અનેકવિધ આયોજન કરાયુ છે. મેળાના સાત દિવસ સુધી યાત્રાધામને સાંકળતા માર્ગો બોલ માડી અંબે જય જય અંબેના નાદથી ગૂંજી ઊઠશે.

રસ્તામાં માઇભક્તોને કષ્ટ ન પડે તે માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠેરઠેર સેવા કેમ્પો પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. મા અંબાને નવલા નોરતાનું નિમંત્રણ પાઠવવા માટેના આ મેળામાં દૂરદૂરના અંતરેથી લાખો શ્રદ્ધાળુઓ કષ્ટ વેઠી ને પણ મા અંબાના ધામ પહોંચશે. ત્યારે ભકતોની સેવા, સુવિધા અને સુરક્ષા માટે વહિવટી તંત્ર સજજ બન્યું છે. ■

# કચ્છને અમદાવાદ સાથે જોડતી મળી નવી વંદે ભારત મેટ્રો ટ્રેન: કચ્છીમાડુઓમાં આનંદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:સરહદી કચ્છ અને અમદાવાદને રેલ માર્ગે જોડતી વધુ એક આધુનિક ટ્રેન સેવાનો પ્રારંભ કરવામાં આવતાં કચ્છીમાડુઓમાં આનંદની લાગણી ફેલાઇ છે.



દાયકાઓથી રાજ્યના આર્થિક પાટનગર અમદાવાદમાં કચ્છના મુસાફરોની અવરજવર સતત વધી રહી છે. ખાસ કરીને ઉનાળુ અને દિવાળી વેકેશનના સમયગાળા દરમિયાન પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળતો હોય છે ત્યારે ભુજ-અમદાવાદ-ભુજ વંદે ભારત મેટ્રો ટ્રેન સપ્તાહના છ દિવસ માટે શરૂ થતાં સ્થાનિક લોકોને મોટી રાહત મળી છે.

આ અંગે કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું હતું કે, ભુજથી અમદાવાદની ઝડપી અને આરામદાયક ટ્રેન સેવાને તાત્કાલિક ધોરણે શરૂ કરવામાં આવે તેવી વર્ષો જૂની કચ્છીઓની માગ હતી જેના સંદર્ભે ભારતીય રેલવે વિભાગ પાસે દરખાસ્ત મુકવામાં આવી હતી જેનો સાનુકૂળ પ્રતિસાદ મળતાં રેલવે તંત્ર સાથે તાજેતરમાં બેઠક યોજવામાં આવી હતી અને તમામ પાસાંઓને તપાસ્યા બાદ આખરે મંજૂરી મળતા હાલ આ વંદે ભારત મેટ્રો ટ્રેનની સુવિધા ઉપલબ્ધ બની છે.

રવિવાર સિવાય ભુજથી ટ્રેન નં.૯૪૮૦૨ વહેલી સવારે બ્રહ્મમુહૂર્તમાં ૫.૦૫ વાગ્યે ઉપડી સવાર નાં ૧૦.૫૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. અમદાવાદથી ટ્રેન સાંજે ૫.૩૦ વાગ્યે ઉપડી રાત્રે ૧૧.૩૦ ભુજ પહોંચશે. આ ટ્રેન અંજાર, ગાંધીધામ, ભચાઉ, સામખિયાળી, હળવદ, ધ્રાંગધ્રા, વિરમગામ, ચાંદોલીયા, સાબરમતી ઊભી રહેશે તેવું સત્તાવાર જાણવા મળી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ટ્રેન સંપૂર્ણ વાતાનુકુલિત છે. તેમાં ઑટોમેટિક ડોર, એલઈડી ડિસ્પ્લે, ટોઈલેટ, ડિજિટલ રૂટ ઈન્ડિકેટર, વિશાળ પેનોરેમિક વ્યૂ આપતી બારી જેવી સુવિધાઓ છે. પ્રત્યેક કોચમાં ૧૦૦ પ્રવાસી પ્રવાસ કરી શકશે.

તાજેતરમાં પ્રતિ કલાકે ૧૧૦ કિલોમીટરની ઝડપે લેવામાં આવેલી ટ્રાયલમાં અમદાવાદથી ગાંધીધામ ચાર કલાકમાં અને ગાંધીધામથી ભુજ એક કલાકમાં મેટ્રો ટ્રેન પહોંચી ગઈ હતી. હાલ ગાંધીનગરથી ભુજ વચ્ચે દોડતી ટ્રેન અમદાવાદથી ભુજ પહોંચવામાં ૬.૩૦ કલાકનો સમય લે છે તેની તુલનાએ આ ટ્રેન મુસાફરોને દોઢ કલાક વહેલી પહોંચાડશે તેમ ગાંધીધામ વિભાગના ચીફ લોકો ઈન્સ્પેક્ટર આર.બી.કશ્યપે જણાવ્યું હતું. ■

# અંબાજી પદયાત્રીઓને પાંચ પ્લાસ્ટિકની બોટલ સામે એક સ્ટીલની બોટલ આપવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાદરવી પૂનમના મેળામાં જઇ રહેલા અંબાજી પદયાત્રીઓને પાંચ પ્લાસ્ટિકની બોટલની સામે એક સ્ટીલની બોટલ આપવામાં આવશે. આ માટે વિવિધ ઉદ્યોગ એશોસિએશન દ્વારા ૫,૦૦૦ સ્ટીલ બોટલનું દાન કરવામાં આવ્યું છે. પદયાત્રામાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અંગે જાગૃતિ માટે ૫૦ થી વધુ શેરી નાટક ભજવાશે.

અંબાજી ખાતે વર્ષોથી યોજાતા ભાદરવી પૂનમના મેળામાં લાખો માઈ ભક્તો ચાલીને આસ્થા સાથે મા અંબાના દર્શન કરે છે. આ પદયાત્રીઓની સેવા માટે વિવિધ સંઘ, ગામ અને શહેરો દ્વારા પદયાત્રા માર્ગ પર સેવા કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. આ દરમિયાન સ્વાભાવિક રીતે થતા વિવિધ કચરાના નિકાલ માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૧૧થી વિવિધ સંસ્થાઓની મદદથી પદયાત્રા માર્ગને સ્વચ્છ રાખવાનું અવિરત મિશન હાથ ધરવામાં આવી રહ્યું છે.

અંબાજી પદયાત્રા માર્ગ પર જોવા મળતા વિવિધ કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવાના ઉદ્દેશ સાથે ૧૦૦ જેટલા સ્વયંસેવકોની ટીમ તેમ જ ૧૦ બોલેરો ગાડી, ૧૦ ઈ-રિક્ષા તેમ જ ઈ-બાઈકને પ્રસ્થાન કરાવવા આજે વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને તેમજ રાજ્ય પ્રધાન મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ફ્લેગ ઓફ સેરેમની યોજાઈ હતી. ■

# વડા પ્રધાન મોદી તા.૧૬-૧૭ ના રોજ અમદાવાદની મુલાકાતે: શહેર પોલીસ છાવણીમાં ફેરવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે અમદાવાદની મુલાકાતે આવવાના છે, જેથી આ બે દિવસ શહેરમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રહેશે. શહેરના કુલ ૧૨૦૦૦ પોલીસ કર્મચારીઓને અલગ અલગ વિસ્તારમાં બંદોબસ્તમાં ગોઠવવામાં આવ્યા છે. આ અંગે અમદાવાદ શહેર પોલીસ દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી હોવાની વિગત શહેર પોલીસ કમિશનર દ્વારા જણાવવામાં આવી હતી. શહેરના પૂર્વ વિસ્તારમાં ૧૬ સપ્ટેમ્બરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો ગ્રાઉન્ડમાં કાર્યકર્તાઓ સાથેનો કાર્યક્રમ યોજાવાનો છે, જેમાં અંદાજે અઢી હજાર જેટલા પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે.

આ જ દિવસે અમદાવાદ શહેરમાં પૂર્વ વિસ્તારમાં કેટલીક જગ્યાએ ઈદ એ મિલાદ નીકળવાના છે. આ જુલુસ દરમિયાન પણ ખાસ વ્યવસ્થા પોલીસ દ્વારા કરવામાં આવી છે. શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમાંથી પોલીસ કર્મીઓને બંદોબસ્તમાં ફાળવવામાં આવ્યા છે, જેમાં મોટાભાગે એરપોર્ટ તરફ ઝોન ફોર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે, જ્યારે ઝોન ૨, ઝોન ૩, ઝોન ૫ અને ૬માં સ્થાનિક પોલીસની સાથે અન્ય જગ્યાએ પોલીસ પણ ફાળવવામાં આવશે.

શહેરના અધિકારીઓ પાસેથી મળતી માહિતી પ્રમાણે, અમદાવાદ શહેરમાં અંદાજે ૧૨,૦૦૦ જેટલી પોલીસ કર્મચારીઓ ફરજ બજાવે છે અને આ બે દિવસ તમામ પોલીસ શહેરમાં ખાસ બંદોબસ્તમાં હાજર રહેશે. અમદાવાદ શહેર પોલીસ કમિશનર જીએસ મલિકે જણાવ્યું હતું કે, આ મામલે અમે તૈયારીઓ કરી લીધી છે અને કેટલોક વધારાનો સ્ટાફ માગવામાં આવ્યો છે, અમને મળી ગયો છે.

ચાર ડીસીપી અને ચાર એએસપી કક્ષાના અધિકારીઓ આ બે દિવસ અમદાવાદ શહેર પોલીસ સાથે કામ કરશે. બીજી તરફ અન્ય ફોર્સ હાલ અન્ય રાજ્યમાં છે અને રાજ્યમાં બીજી જગ્યાએ પણ તહેવારો હોવાથી અમદાવાદ પોલીસનો સૌથી વધુ ઉપયોગ કઈ રીતે થાય તેનું આયોજન કરી દેવામાં આવ્યું છે.

૧૭ સપ્ટેમ્બરે અમદાવાદ શહેરમાં ગણેશ વિસર્જન પણ થવાનું છે. ત્યારે અમદાવાદ શહેર પોલીસને પણ તે પ્રમાણે વ્યવસ્થિત ગોઠવી દેવામાં આવી છે અને તેમને પોતાની ફરજની ફાળવણી પણ કરી દેવામાં આવશે. આ સમગ્ર વ્યવસ્થાને સિનિયર અધિકારીઓ દ્વારા મોનિટરિંગ અને વ્યવસ્થા સાથે જોડવામાં આવશે.

ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ભાગીદારીમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો પ્રારંભ થવા જઇ રહ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો રેલના બીજા તબક્કાના રૂટનો ૧૬ સપ્ટેમ્બરે સેક્ટર-૧થી શુભારંભ કરવામાં આવશે. અમદાવાદના વાસણા એપીએમસીથી ગાંધીનગર સેક્ટર ૧ સુધીની મેટ્રો યાત્રાનું ભાડું રૂ. ૩૫ છે અને ૩૩.૫ કિ.મી.નું અંતર ૬૫ મિનિટમાં પૂરું કરી શકાશે. ■

# અમદાવાદથી વડોદરા, સુરત અને રાજકોટ વચ્ચે નવી હાઈ ટેક વોલ્વો બસ સેવા શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અધતન ટેક્નોલોજી યુક્ત ૨૦ નવીન હાઈટેક બસો આજથી કાર્યરત રહેશે. જેમાં અમદાવાદ નેહરુનગરથી સુરત માટે આઠ બસો, અમદાવાદ નેહરુનગરથી વડોદરા ખાતે આઠ બસો તેમજ અમદાવાદથી રાજકોટ માટે ચાર બસોનું સંચાલન શરૂ કરવામાં આવ્યું છે. રાજ્યના વાહન વ્યવહાર રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ ગાંધીનગર બસ સ્ટેશન ખાતેથી નાગરિકોની પરિવહન સેવામાં ૨૦ નવીન હાઈટેક વોલ્વો બસોને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતના નવા યુગની નવી બસોની શરુઆત થઇ ગઈ છે. આ બસ દેશની પ્રથમ સૌથી સુરક્ષિત બસ છે, આ બસમાં એરફોર્સના એરક્રાફ્ટ અને નેવીની સબમરીનમાં જે પ્રકારની ફાયર સેફ્ટીની સુવિધા હોય છે તે પ્રકારની ફાયરસેફ્ટીની સુવિધા ઉપલબ્ધ છે. જેમાં ફાયર ડીટેકશન અને અલાર્મ, ફાયર ડીટેક્શન અને સપ્રેશન, અને ફાયર ડીટેક્શન અને પ્રોટેક્શનનો સમાવેશ થાય છે. બસમાં કોઈ પણ કારણસર આગની દુર્ઘટના અથવા ધુમાડો ઉત્પન્ન થાય ત્યારે નાઈટ્રોજન ગેસ અને ૨૫૦ લીટરની પાણીની બે ટેન્કો દ્વારા બસની અંદર સ્પ્રિંકલર ટેક્નોલોજીની મદદથી પાણીનો છંટકાવ થશે અને નાગરિકો સુરક્ષિત બહાર આવી શકશે. સાથોસાથ આ બસોમાં મહિલાઓની સુરક્ષાને ધ્યાને રાખીને એક ઈમરજન્સી બટન આપવામાં આવ્યું છે. યાત્રા દરમિયાન મહિલાઓ સાથે કોઈ બનાવ બને ત્યારે મહિલાઓ દ્વારા આ બટન દબાવવાથી નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ થશે અને ગુનેગારને પકડવામાં સરળતા રહેશે.

આ નવીન બસોમાં નાગરિકો માટે વિશેષ સુવિધાઓ ધ્યાનમાં રાખવામાં આવી છે, જેમાં ૪૭ સીટીંગ કેપેસીટી, ૨X ૨ લેધર અને આરામદાયક પુશબેક સીટ, સી.સી.ટી.વી કેમેરા, મોબાઈલ ચાર્જીંગ ફેસીલીટી, ફાયરસેફટી માટે અધ્યતન સ્પ્રિંકલર સિસ્ટમ, સ્મોક ડિટેક્ટર એલાર્મ, એલ.ઇ.ડી. ટી.વી, એક્ઝોસ્ટ ફેન સાથેના હેચ, ઇમર્જન્સી એક્ઝિટ ડોર વગેરે આધુનિક ટેક્નોલોજી સુવિધાઓથી સજજ આ વોલ્વો બસો નાગરિકોની મુસાફરીને વધુ આરામદાયક બનાવશે. ■

# નખત્રાણા બાદ ગણપતિ વિસર્જન કરવા ભુજથી માંડવી પહોંચેલા ભક્તો પર પથ્થરો ફેંકાયા!

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:કચ્છના નખત્રાણાના જડોદર (કોટડા) ગામે કેટલાક અસામાજિક તત્ત્વો દ્વારા ગણેશજીની પ્રતિમા પર પથરાં મારીને સૂંઢ તોડી નાખવાની તેમ જ એક ધર્મસ્થાન પર લીલી ઝંડી લહેરાવી દઈ કોમી તણાવ સર્જવાના પ્રયાસને પોલીસે માંડ નિષ્ફળ બનાવ્યો છે તેવામાં ભુજથી બંદરીય માંડવીમાં ગણેશ વિસર્જન કરવા ગયેલા ભક્તો પર પણ પથ્થરો ફેંકાયા હોવાનો અણછાજતો બનાવ સામે આવતાં પોલીસ તંત્રમાં દોડધામ થઇ પડી છે.

ગત બુધવારે સાંજે ભુજથી માંડવી જઈને ત્યાંના પોર્ટ વિસ્તારમાં ગણેશ વિસર્જન કરવા ગયેલા ભકત સમુદાય પર કાંકરીચાળો કરીને કોમી એખલાસની ડહોળવાનો ફરી પાછો હીન પ્રયાસ કરવામાં આવ્યો છે. ઘટનાસ્થળે ધસી ગયેલી પોલીસે ઉગ્ર બનેલા મામલાને થાળે પાડવા માટે સમજાવટ આદરી હતી અને માંડવીના પોર્ટ વિસ્તારમાં મોટી સંખ્યામાં એકત્ર થયેલા શ્રદ્ધાળુઓને સમજાવટ કરીને દૂર કર્યા હતા.

પ્રાથમિક તપાસ મુજબ આઠથી દસ ભાંગફોડિયાઓએ હિન્દુ ભક્તોની લાગણીને દુભાવવા કાંકરીચાળો કર્યો હતો. પથ્થરમારા વચ્ચે પડકાર ફેંકતા અસામાજિક તત્ત્વો બે મુઠી વાળીને ભાગી છૂટ્યા હતા. સમગ્ર ઘટના અંગે વિશ્વ હિન્દુ પરિષદ અને હિન્દુ યુવા સંગઠને હિન્દુ સમાજના ધાર્મિક ઉત્સવ પર કરવામાં આવતો કાંકરીચાળો હવે સાંખી નહિ લેવામાં આવે તેવો આક્રોશ વ્યક્ત કર્યો હતો.

હાલ પોલીસ સીસીટીવી ફૂટેજ ચકાસી તલસ્પર્શી તપાસ કરી રહી છે.

દરમ્યાન, નખત્રાણામાં ચાર કિશોરોએ ગામમાં સ્થાપિત ગણેશ પ્રતિમા પર પથરાં મારીને પ્રતિમાની સૂંઢ ખંડિત કરી એ બનાવ પોલીસે શરૂઆતમાં કોમી શાંતિ જળવાઈ રહે તે હેતુથી કાયદેસર કાર્યવાહી કરવાના બદલે પોતાની રીતે મામલો થાળે પાડવા પ્રયાસ કર્યો હતો જો કે,બનાવને લગતાં ભડકાઉ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થવાનું શરૂ થયાં બાદ મોડી સાંજે પોલીસે પૂજારી મહેશપુરી રામપુરી ગોસ્વામીની ફરિયાદ લઈ આઠ શખ્સો સામે ધાર્મિક લાગણી દુભાવવા બદલ ગુનો દાખલ કર્યો હતો.

કોમી સંવાદિતાને ખંડિત કરી શકે તેવી આ ઘટનાના અનિચ્છનીય પ્રત્યાઘાત ના પડે તે માટે ઈન્ચાર્જ પોલીસ વડા સાગર બાગમારે ભુજથી સ્થાનિક ગુન્હાશોધક શાખા, સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ સહિતની બ્રાન્ચોને સૂચના આપતાં તમામ આરોપીઓની અટક કરાવી દઈ ગામમાં સર્વત્ર પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. અટકમાં લેવાયેલા ચારે પુખ્ત આરોપીઓને ગુરુવારે અદાલતમાં રજૂ કરી રીમાન્ડ પર લેવાશે તેમ પી.આઈ એ.એમ.મકવાણાએ જણાવ્યું છે. બીજી તરફ, પંડાલની બાજુના હિન્દુ ધાર્મિક સ્થાન પર લીલી ઝંડી લહેરાવવા બદલ પોલીસે ગામની મદરેસાનો મૌલાના ગુલામ હુસેન જાફર, આસિફ સુમરા પડયાર, સાહિલ રમજાન મંધરા અને હનિફ જુણસ મંધરાની અટક કરી છે. દુંદાળા દેવની પ્રતિમાને નુકસાન કરનાર ચારે કિશોર વયના આરોપીઓ સામે જૂવેનાઈલ જસ્ટીસ એક્ટ મુજબ કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# અમદાવાદમાંથી એક કિલો ડ્રગ્સ સાથે બે ની ધરપકડ: કારના ટાયરમાં જથ્થો છુપાવાયો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ડ્રગ્સનું દૂષણ ઘર કરી ગયું છે, રાજ્યના વિવિધ શહેરોમાંથી અવારનવાર મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ઝડપાતો રહે છે, ડ્રગ્સ માફિયાઓ તેમના મજબૂત નેટવર્ક દ્વારા ડ્રગ્સ તસ્કરીનું આ સમગ્ર રેકેટ ચલાવી રહ્યા છે. અમદાવાદને ડ્રગ્સનો ભરડો હોય તેમ સપ્તાહમાં બીજી વખત કેફી પદાર્થોનો જથ્થો પકડાયો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સરખેજ નજીકથી અંદાજે એક કરોડથી વધુની કિંમતનું એક કિલો એમડી ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું, ડ્રગ્સ માફિયાઓએ આ વખતે ડ્રગ્સ છુપાવવા માટે નવી મોડસ ઓપરેન્ડી અપનાવી છે. આ ડ્રગ્સ કારના ટાયરમાં છુપાવેલું હતું. પોલીસે ટાયર ખોલી પહેલા ટ્યૂબ બહાર કાઢી હતી, બાદમાં અંદર ટાયર ફરતે હાથ ફેરવ્યો તો એમડી ડ્રગ્સનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ પણ આ નવી તરકીબથી દંગ થઇ ગઇ હતી. એમડી ડ્રગ્સ સાથે બે શખ્સને ઝડપી પાડવામાં આવ્યા હતા. જો કે ડ્રગ્સ સપ્લાયર ફરાર થઇ ગયો હતો.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે બુધવારે મોડીરાતથી સવાર સુધી સરખેજ વિસ્તારમાં કેટલાક લોકો મોટા જથ્થામાં એમડી ડ્રગ્સ સંતાડીને રાખ્યું હોવાની બાતમીના આધારે અલગ અલગ જગ્યાએ સર્ચ અને રેડ કરવામાં આવી હતી. આ સમગ્ર મામલે તપાસ આગળ વધી ત્યારે બે શંકમદની અટકાયત કરાઈ હતી, જેમાંથી આ લોકો પાસેથી અંદાજે એક કિલો એમડી ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. આ એમડી ડ્રગ્સ મોટા જથ્થામાં લાવીને નાના નાના પેડલરો મારફતે રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં પહોંચાડવાની યોજના હતી.

આ અંગે ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, કોઈ વ્યક્તિ ગાડીના ટાયરમાં ડ્રગ્સ સંતાડતો હોય અને પોલીસ દ્વારા એને પકડી લેવામાં આવે. ટાયરની અંદર પણ કેવી રીતે ડ્રગ્સ છુપાવવામાં આવેલું હતું એ દ્રશ્ય પણ આપ સૌએ જોયા છે. આ માટે હું અમદાવાદ શહેર પોલીસને ખૂબ અભિનંદન આપું છું. તેઓએ હ્યુમન ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરીને કહેવાયને કે અશક્ય કામને શક્ય બનાવ્યું છે અને દેશભરના લોકો સમક્ષ આ નવી મોડસ ઓપરેન્ડીનો ખુલાસો કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદની વટવા જીઆઇડીસીમાંથી પાંચ દિવસ પૂર્વે જ ૨૦૦ કિલો ગાંજો ઝડપાયેલો હતો, ત્યાં ગુરુવારે સરખેજમાંથી એમડી ડ્રગ્સ મળી આવતા પોલીસ તંત્ર એલર્ટ બન્યું છે. રાજ્યના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મહાનગરોમાં યુવા વર્ગ નશાના રવાડે ચડી રહ્યો હોવાથી દુષણ વધ્યું છે. ■

# સરદાર સરોવર ડેમના ૧૫ દરવાજા ખોલાયા: ભરૂચ સહિત નર્મદાના ૪૨ ગામ એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉપરવાસમાં પડતા સતત વરસાદ તથા ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલા પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થયો છે, ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમની જળ સપાટીમાં વધારો નોંધાતા નર્મદા નદીમાંથી કુલ ૨,૧૨,૪૫૭ ક્યૂસેક પાણી છોડાયું છે જેને કારણે ડેમની સપાટી ૧૩૫.૬૭ મીટરે પહોંચતા ડેમના ૧૫ દરવાજા ૧.૯ મીટર ખોલવામાં આવ્યા હતા, આથી વડોદરા, ભરૂચ અને નર્મદાના ૪૨ ગામને એલર્ટ કરવામાં આવ્યા હતા.

ગુરુવારે સવારે સરદાર સરોવર બંધના ૧૫ દરવાજા ૧.૯૦ મીટર ખોલવામાં આવ્યા હતા, જેને કારણે બંધના નીચલા વિસ્તારમાં ૨,૦૦,૦૦૦ ક્યૂસેક પાણી વહ્યું હતું. નદી તળ વિદ્યુત મથકના ૦૬ મશીનો અને સરદાર સરોવર બંધના દરવાજાના સંચાલનને કારણે નર્મદા નદીમાં કુલ ૨,૪૫,૦૦૦ (૪૫,૦૦૦+ ૨,૦૦,૦૦૦) ક્યૂસેક પાણી છોડવામાં આવશે. નર્મદા નદીમાંથી પાણી છોડાવવાને કારણે નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. વડોદરા, ભરૂચ અને નર્મદાના ૪૨ ગામને એલર્ટ કરવામાં આવ્યા હતા.

સરદાર સરોવર બંધના નીચાણવાળા વિસ્તારોમાં કોઈ દુર્ઘટના કે જાનહાની ના થાય તે માટે સુરક્ષાના પગલાં લેવામાં આવી રહ્યા છે, જિલ્લાા આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા પૂરની સ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. આપત્તિના સમયે ૧૦૭૭ નંબર ઉપર સંપર્ક કરી શકાય છે. ■

# ભાજપના સાંસદ રૂપાલા ફરી એક વાર ફસાયા: ક્ષત્રિય સમાજ રૂપાલા પર ખફા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં લોકસભા ચૂંટણી સમયે રાજકોટ સંસદીય બેઠકના ભાજપના તે સમયના ઉમેદવાર અને વર્તમાન સાંસદ પરસોતમ રૂપાલાએ રાજા-મહારાજા અને ક્ષત્રિય સમુદાય વિશે કરેલા વિધાનો બાદ સર્જાયેલા વિવાદમાં ભાજપને ચૂંટણી સમયે જ જબરા વિરોધનો સામનો કરવો પડયો હતો અને હાંફતા હાંફતા ચૂંટણીઓનો મુકાબલો કર્યો હતો તથા ક્ષત્રિય આંદોલનથી જે વાતાવરણ સર્જાયું હતું તેના કારણે ભાજપના મોવડીઓને પણ માફી માગવી પડી હતી.

ફરી એક વખત રૂપાલાએ કરેલાં વિધાનો મુદ્દે ક્ષત્રિય સમાજ મેદાનમાં છે અને હવે તેને હિન્દુ સમાજને સાથે આવવા અપીલ કરી હતી. હાલમાં રૂપાલાએ એક વિધાનમાં તેમની જીભ લપસી હતી અને તેઓએ રામાયણનો એક પ્રસંગ ટાંકતા સમયે કહ્યું હતું કે, ભગવાન રામ પણ વાલીથી ગભરાતા હતા વાસ્તવમાં તેમનો તેઓએ ભગવાન રામ નહીં પરંતુ રાવણ બોલવાની જરૂર હતી.

આ મુદ્દે ક્ષત્રિય સમાજે રૂપાલાને તમામ હોદ્દા પરથી દૂર કરવા ભાજપ સમક્ષ માગણી કરી હતી અને બીજી તરફ રાજયમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી આવી રહી છે. ક્ષત્રિય સમાજની પેન્ડીંગ માંગણીઓ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને અગાઉ લખેલા પત્રની યાદ અપાવી તાત્કાલિક અમલની માંગણી કરી હતી.

ક્ષત્રિય સમાજના અગ્રણી અને ગુજરાત રાજપૂત સંકલન સમિતિના પ્રવક્તા કરણસિંહ ચાવડાએ એક નિવેદનમાં માગણી કરી હતી કે ભાજપના વરિષ્ઠ નેતા પરસોતમ રૂપાલા દ્વારા સનાતન ધર્મના આરાધ્ય ઇષ્ટદેવ અને પ્રજાવત્સલ રાજા ભગવાન શ્રી રામ વિશે વાણીવિલાસ કર્યો છે તેને ગુજરાત રાજપૂત ક્ષત્રિય સંકલન સમિતિ સખત શબ્દમાં વખોડે છે અને આવા વાણીવિલાસ કરનારા સામે કાયદો બનાવવાની માગણી કરી છે.

રૂપાલાએ પૂર્ણ રીતે સનાતન ધર્મ અને ક્ષત્રિય સમાજનું અપમાન કર્યુ છે અને અમારી માગણી હતી કે ભાજપ તેને તમામ જવાબદારીમાંથી મુકત કરે. બીજી તરફ ક્ષત્રિય આંદોલન સમયે લડાયક નેતા તરીકે પદ્મિનીબા વાળાએ પણ ફરી એક વખત મેદાનમાં આવવાની જાહેરાત કરી હતી.

આગામી સમયમાં સંભવત: ડિસેમ્બર માસમાં ગાંધીનગરમાં લાખો ક્ષત્રિયો એકત્ર થશે તેવી તૈયારી હોવાનું જાહેર કર્યુ હતું, ક્ષત્રિય સમાજે કહ્યું હતું કે, ભગવાન રામ ક્ષત્રિય સમાજના જ નહીં પરંતુ તમામ સનાતન ધર્મના આરાધ્ય દેવ છે અને તેથી હિન્દુ સમાજે પણ હવે બહાર આવવું જોઇએ. ■

# સુરતમાં ધાબા પર સંતાડેલા ૨૦ કિલો ગાંજા સાથે શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત પોલીસે ૨૦ કિલો ગાંજા સાથે એક આરોપીની ધરપકડ કરી છે. આરોપીએ પોલીસથી બચવા માટે ઘરના ધાબા પર ગાંજો સંતાડયો હતો, પરંતુ પોલીસને બાતમી મળતા ગાંજા સાથે ઘરમાંથી આરોપીની ધરપકડ કરી હતી. તિરુપતિ સોસાયટીમાં પ્લોટ નંબર ૫૨માં આરોપી ગાંજાનું વેચાણ કરતો હતો. પોલીસે આરોપી રોહિત પ્રધાનની કરી ધરપકડ હતી. સુરતમાં આ આરોપી અલગ-અલગ વિસ્તારમાં નહીં પરંતુ ઘરેથી ગાંજાનું વેચાણ કરતો હતો. પોલીસને માહિતી મળી હતી કે આરોપી ગાંજાનું વેચાણ કરે છે. પોલીસ ઘરે પહોંચી તો આરોપી રટણ કરી રહ્યો હતો કે તે ગાંજો નથી વેચતો પણ પોલીસે કડક પૂછપરછ કરતા તેણે કબૂલ્યું કે ગાંજો ધાબે છુપાવ્યો છે અને ત્યાંથી છૂટક વેચાણ કરતો હતો. ગુજરાત બહારથી આરોપી ગાંજો લાવતો હતો.

પોલીસને શંકા છે આરોપી ગાંજાનું છૂટક નહીં પરંતુ મોટી માત્રામાં વેચાણ કરતો હશે અને અન્ય લોકોને પણ ગાંજો વેચતો હશે કારણ કે આરોપી પાસેથી આટલી મોટી માત્રામાં કઈ રીતે ગાંજો મળી શકે તે પણ એક સવાલ છે. આથી પોલીસે આરોપીની ધરપકડ કરીને ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. સુરતમાં ડ્રગ્સ નાબૂદીનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, પોલીસ દ્વારા અલગ-અલગ જગ્યાએ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે, જે વિસ્તારમાં સૌથી વધુ ડ્રગ્સ મળી આવ્યા તે વિસ્તારમાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર ચેકિંગ દરમિયાન પીઆઈ, પીએસઆઈ તેમજ કોન્સ્ટેબલો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન હજી પણ સુરતમાં ચાલુ રહેશે તેવું સુરત પોલીસનું કહેવું છે. ■

# લિફ્ટમાં સફાઈ કર્મચારીએ કર્યો બાળકીનો વિનયભંગ

મુંબઈ: ઈમારતની લિફ્ટમાં સફાઈ કર્મચારીએ ૧૨ વર્ષની બાળકીનો કથિત વિનયભંગ કર્યો હોવાની ઘટના મીરા રોડમાં બની હતી. આ પ્રકરણે બાળકીના વાલીઓની ફરિયાદને આધારે કાશીમીરા પોલીસે ૫૮ વર્ષના સફાઈ કર્મચારીની ધરપકડ કરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર કાશીમીરા પોલીસની હદમાં રહેતી બાળકી મંગળવારની બપોરે ટ્યૂશન ક્લાસીસમાંથી પાછી ફરી હતી. ઘરે જવા માટે તે ગ્રાઉન્ડ ફ્લોર પરથી લિફ્ટમાં પ્રવેશી હતી. તેની પાછળ પાછળ આરોપી પણ લિફ્ટમાં ઘૂસ્યો હતો. લિફ્ટમાં બાળકીનો વિનયભંગ કરી આરોપીએ આ અંગે કોઈને જાણ કરી તો જાનથી મારવાની ધમકી આપી હતી. ઘરે પહોંચી બાળકીએ તેની સાથે બનેલી ઘટનાની જાણ માતાને કરી હતી.

# બાઈકની અડફેટમાં આવ્યા બાદ એની નીચે દબાયો બાળક, જીવ ગુમાવ્યો

થાણે: ઘર નજીક રમી રહેલા બાળક પૂરપાટ વેગે આવેલી બાઈકની અડફેટમાં આવ્યા પછી તેના નીચે દબાઈ ગયો હતો. ભિવંડીમાં બનેલી આ ઘટનામાં બાઈક નીચે દબાઈ ગયેલા ત્રણ વર્ષના બાળકે જીવ ગુમાવ્યો હતો.

નારપોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના બુધવારની બપોરે ૩.૩૦ વાગ્યાની આસપાસ કોપર પરિસરમાં બની હતી. ત્રણ વર્ષનો અબ્દુલ મનન ભાઈ સાથે ઘર નજીકના શિવ મંદિર પાસે રમી રહ્યો હતો. પૂરપાટ વેગે આવેલી બાઈકે પહેલાં અબ્દુલને ટક્કર મારી હતી અને પછી બાઈક તેના પર ઊંધી વળી ગઈ હતી. આરોપી બાઈક બેફામ હંકારી રહ્યો હતો અને બાઈક પરનો કાબૂ ગુમાવવાને કારણે આ ઘટના બની હતી. બાળકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં લઈ ગઈ હતી. આરોપી બાઈક પર ફરાર થઈ ગયો હતો. પોલીસે ફરાર આરોપીની શોધ હાથ ધરી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૬ અને ૨૮૧ તેમ જ મોટર વેહિકલ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ)

# મઢ-વર્સોવા પુલનો ખર્ચ ૧૮૦૦ કરોડથી ૩,૯૯૦ કરોડ કેમ થયો? આ રહ્યો ખુલાસો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ ઉપનગરના મલાડ (પશ્ચિમ)ના મઢ બેટના રહેવાસીઓને અંધેરી જવા માટે લગભગ ૧૮.૬ કિલોમીટરનું અંતર પાર કરવું પડે છે, તે માટે દોઢ કલાકથી વધુ સમય લાગે છે. પરંતુ મઢ અને વર્સોવા વચ્ચે આવેલી વર્સોવા ખાડી પર બાંધવામાં આવનારા પ્રસ્તાવિત પુલને કારણે ૧૮.૬ કિલોમીટરનું અંતર પાંચ કિલોમીટર પર આવી જશે અને પ્રવાસનો સમય દોઢ કલાકથી માત્ર ૨૦ મિનિટ થઈ જશે. આ પુલને કારણે ઈંધણની સાથે જ સમયની પણ બચત થશે અને પર્યાવરણનું પણ જતન થશે એવો દાવો મુંબઈ મહાનગરપાલિકાએ કર્યો છે. આ પ્રોજેક્ટનો ખર્ચનો અંદાજ અગાઉ ૧૮૦૦ કરોડ રૂપિયા હતો પણ હવે તે ૩,૯૯૦ કરોડ રૂપિયા પર પહોંચ્યો છે.

મઢ-વર્સોવા પુલના બાંધકામ ધીમી ગતિએ ચાલી રહ્યું છે અને તેને કારણે ખર્ચમાં સતત વધારો થઈ રહ્યો હોવાના સતત આક્ષેપ થઈ રહ્યા છે ત્યારે સુધરાઈએ આ પ્રોજેક્ટ વિશે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટના ટેન્ડર ડિઝાઈન એન્ડ બિલ્ડ આધારિત હતા, જેમાં પ્રોજેક્ટનું મુખ્ય એન્જિનિયરિંગ કામ સ્ટ્રક્ચર, મેકેનિકલ, ઈલેક્ટ્રિકલ, કામનો ખર્ચ, એલિવેટેડ રોડ, કેબલ સ્ટે પૂલ, સીસીટીવી, સ્ટ્રીટ લાઈટ, કંટ્રોલ રૂમ સહિતના અનેક કામ માટે ગુડ્સ એન્ડ સર્વિસને બાકાત રખાતા ૨,૦૩૮ રૂપિયાનો ખર્ચ અંદાજિત હતો. આ અંદાજિત ખર્ચ ટેન્ડરની સૂચનામાં પણ જાહેર કરવામાં આવ્યો હતો. ટેન્ડરમાં મેસર્સ. એપકો-આરબીએલ (જેવી) એ સૌથી ઓછી બોલી ૨,૦૨૯ કરોડ રૂપિયા (જીએસટી બાકાત)ની લગાવી હતી. આ બોલી પાલિકાના અંદાજ કરતા ૦.૪૪ ટકા કરતા ઓછી છે. કુલ કામનો સમયગાળો ચોમાસાને પકડીને ૪૨ મહિના છે, જેમાં શરૂઆતના છ મહિનાનો સમય પર્યાવરણ સંબંધી મંજૂરી અને નો ઓબ્જેકશન સર્ટિફિકેટ મેળવવામાં માટે છે અને પ્રત્યક્ષ પ્રોજેક્ટના બાંધકામનો સમયગાળો ૩૬ મહિનાનો છે. આ કૉન્ટ્રેક્ટ મેસર્સ. એપ્કો-આરબીએલને આપવામાં આવ્યો છે.

સુધરાઈના અધિકારીના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટની કુલ કિંમત ૩,૯૯૦ કરોડ રૂપિયા હોઈ તેમાં ૧૮ ટકા જીએસટી સહિત અન્ય પ્રકારના કરવેરા અને કન્સલ્ટન્સી સર્વિસનો સમાવેશ થાય છે. જુદા જુદા કર અને આર્થિક જોગવાઈને ધ્યાનમાં રાખીને મૂળ અંદાજિત ખર્ચની સાથે પ્રોજેક્ટને મંજૂર કરવામાં આવ્યો છે. પ્રોજેક્ટમાં વિલંબ થવા બદલ નહીં પણ જુદા જુદા કરવેરાને કારણે પ્રોજેક્ટની કિંમત વધી ગઈ છે.

# ટ્રેનમાંથી ૭.૩૭ લાખના દાગીના ચોરનાર ચાર પકડાયા

થાણે: લોકલ ટ્રેનમાં ઓવરહેડ રૅકમાં મૂકેલી ૭.૩૭ લાખ રૂપિયાના દાગીના ભરેલી પ્રવાસીની બૅગ ચોરવાના કેસમાં પોલીસે બે સગીર સહિત ચાર જણને પકડી પાડ્યા હતા.

સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર અર્શુદીન શેખે જણાવ્યું હતું કે ઘટના ૩૧ ઑગસ્ટે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)થી કલ્યાણ તરફ જઈ રહેલી ટ્રેનમાં બની હતી. કલ્યાણ જઈ રહેલા ૫૪ વર્ષના પ્રવાસીએ ટ્રેનમાં ઓવરહેડ રૅક પર મૂકેલી કાળા રંગની બૅગ એકાએક ગુમ થઈ ગઈ હતી. બૅગમાં ૭ કિલો ચાંદી અને ૨૦ ગ્રામ સોનાના દાગીના હતા, જેની કિંમત ૭.૩૭ લાખ રૂપિયા હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ફરિયાદીએ અમુક લોકોને ઠાકુર્લી સ્ટેશન પર ઉતાવળે ઊતરતા જોયા હતા. પરિણામે ફરિયાદીએ ડોમ્બિવલી રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(સી) હેઠળ ગુનો નોંધ્યો હતો.

ગુનો નોંધાતાં સ્પેશિયલ ટાસ્ક ફોર્સ અને કલ્યાણ ક્રાઈમ બ્રાન્ચની જૉઈન્ટ ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસની ટીમે સીએસએમટીથી ઠાકુર્લી સ્ટેશન સુધીનાં રેલવે સ્ટેશનો પર લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ફૂટેજને આધારે શકમંદોને ઓળખી તેમને તાબામાં લીધા હતા.

પોલીસે અલ્તમાસ રઝાક ખાન (૨૫) અને શુભમ સંદીપ ઠાસલે (૨૦)ની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓના બે સગીર સાથીને પણ થાણેથી પકડી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી ચોરીની મતા હસ્તગત કરવામાં આવી હતી. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

# કબૂતરોને ચણ નાખનારાને ફટકાર્યો: ચાર વિરુદ્ધ ગુનો

થાણે: કબૂતરોને ચણ નાખનારાને ચાર જણે ફટકારતાં તે ગંભીર રીતે ઘવાયો હોવાની ઘટના થાણે જિલ્લામાં બની હતી. કાપૂરબાવડી પોલીસના જણાવ્યા મુજબ ઘટના બુધવારની બપોરે માનપાડા વિસ્તારમાં શિવાજી નગર સ્થિત મેદાનમાં બની હતી. ફરિયાદી કબૂતરોને ચણ નાખતો હોવાથી ચાર આરોપીએ તેનો વિરોધ કર્યો હતો. ફરિયાદી અને આરોપી વચ્ચે બોલાચાલી થતાં મામલો મારપીટ સુધી પહોંચ્યો હતો. ફરિયાદીને માર માર્યા પછી માથા પર બામ્બુ ફટકારવામાં આવ્યો હતો. હુમલામાં ઘવાયેલા ફરિયાદીને હૉસ્પિટલે લઈ જવાયો હતો. પોલીસે ફરિયાદને આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)

પાચમાં પાનાનું ચાલુ

## મરીન ડ્રાઈવથી

સમય નીકળી જતો હતો. પરંતુ હવે કોસ્ટલ રોડને કારણે આ જ વાહનચાલકો હવે દક્ષિણ મુંબઈના મરીન ડ્રાઈવથી બાન્દ્રા અંતર માત્ર ૧૦ મિનિટમાં પાર કરી શકાશે. તો મરીન ડ્રાઈવથી વર્સોવા સુધીનું અંતર પાર કરવા હાલ બેથી ત્રણ કલાકનો સમય લાગે છે, તેમાં પણ ઘટાડો થઈને આ અંતર માત્ર ૪૦થી ૪૫ મિનિટનું થઈ જશે. ગુરુવારે લોકાર્પણ કરવામાં આવેલા બ્રિજ હાલ ઉત્તર તરફના વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. સોમવારથી શુક્રવાર સુધી સવારના સાતથી રાતના ૧૧ વાગ્યા સુધી આ પુલ ખુલ્લો રહેશે. શનિવાર અને રવિવાર એમ બે દિવસ પુલ બંધ રહેશે. ડિસેમ્બર ૨૪ સુધીમાં સંપૂર્ણ કોસ્ટલ રોડ ખુલ્લો મૂકવામાં આવવાનો છે. માર્ચથી અત્યાર સુધીમાં કોસ્ટલ રોડ પર ઉદ્‍ઘાટનનો ચોથો પ્રસંગ છે. કોસ્ટલ રોડ પ્રોજેક્ટ અંતર્ગત ઉત્તર તરફ માટે કોસ્ટલ રોડ અને બાન્દ્રા-વરલી સી લિંકને જોડનારો (૮૨૭ મીટર લંબાઈના પુલ પરથી ઉત્તર દિશામા ચોપાટીથી વરલી-બાન્દ્રા) આ આ પુલ તાત્પૂરતો ખુલ્લો મુકવામાં આવ્યો છે. આ પુલને કારણે પ્રિન્સેસ સ્ટ્રીટથી બાન્દ્રા એમ ઉત્તર તરફના પ્રવાસ વધુ ઝડપી થશે. એ સાથે જ દક્ષિણ મુંબઈના ટ્રાફિકમાં હજી રાહત મળવાની છે. સમય અને ઈંધણની બચતની સાથે જ ધ્વનિ અને વાયુ પ્રદૂષણમાં પણ ઘટાડો થવાની શક્યતા છે.

કોસ્ટલ રોડ પ્રોજેક્ટ (દક્ષિણ) અંતર્ગત ઉત્તર તરફના રોડ અને બાન્દ્રા-વરલી સી લિંકને જોડનારા આ પુલના લોકાર્પણમાં સ્થાનિક કોળીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યા હતા. આ દરમિયાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે બ્રિજનું નિર્માણ સ્થાનિક માછીમારોના સહકારને કારણે શક્ય બન્યું છે. ઉદ્ધવ ઠાકરે સરકારે માછીમારોની માગણીઓને ન્યાય આપવામાં નિષ્ફળ ગયા હોવાની ટીકા કરતા શિંદેએ કહ્યું હતું કે બ્રિજના નિર્માણ દરમિયાન કોળી સમાજની તમામ સમસ્યા અને ચિંતાનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

કોસ્ટલ રોડ પ્રોજેક્ટને કારણે માછીમારીને ફટકો પડશે એવી નારાજગી અનેક વખત કોળીઓ વ્યક્ત કરી ચૂક્યા હતા. બ્રિજના બે થાંભલા (પિલર) વચ્ચે ૬૦ મીટરનું અંતર હોવાને કારણે માછીમારોની બોટ પિલર સાથે અથડાઈને તેને નુકસાન થવાનો ડર પણ અનેક વખત માછીમારો વ્યક્ત કરી ચૂક્યા હતા. કોળીઓના પ્રતિનિધિઓએ આ મુદ્દો મુખ્ય પ્રધાન શિંદેને પ્રેઝેન્ટેશન મારફત રજૂ કર્યા બાદ તેમણે બે પિલર વચ્ચે ૧૨૦નુ અંતર રાખવા માટેનો નિર્દેશ આપ્યો હતો. લોકાપર્ણના કાર્યક્રમ દરમિયાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે બ્રિજની ડિઝાઈન એવી બનાવી છે કે વાહનચાલકોને તેઓ કોઈ આંતરરાષ્ટ્રીય શહેરમાં હોય તેવો અનુભવ થાય છે. અમારું લક્ષ્યાંક કોસ્ટલ રોડને પાલઘર સુધી લઈ જવાનો છે.

### શિંદે અને ફડણવીસે કોસ્ટલ રોડનું શ્રેય લીધું

કોસ્ટલ રોડ પ્રોજેક્ટને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેનો ડ્રીમ પ્રોજેક્ટ માનવામાં આવે છે ત્યારે મુખ્ય પ્રધાન શિંદેની સાથે જ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ કોસ્ટલ રોડ પ્રોજેક્ટનું શ્રેય લેતા દાવો કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન તમામ મંજૂરીઓ મળ્યા બાદ પુલનું કામ ઝડપથી કરવામાં આવ્યું છે. ફડણવીસે કહ્યું હતું કે કોસ્ટલ રોડ પ્રોજેક્ટ જયારે ચાલુ કરવાનો હતો ત્યારે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ), મુંબઈ સ્ટેટ રોડ ડેવપમેન્ટ કૉર્પોરેશન( એમએસઆરડીસી) અને મુંબઈ મહાનગરપાલિકા આ ત્રણ એજેન્સીનો વિચાર કર્યો હતો. પરંતુ તે વખતે સરકારમાં અમારા મિત્રપક્ષ (ઉદ્ધવ ઠાકરેની શિવસેના) દ્વારા સુધરાઈને આ પ્રોજેક્ટ આપવાની માગણી કરવામાં આવી હતી. જોકે તેમની સરકાર જયારે સત્તા પર હતી કોસ્ટલ રોડનું કામ અટવાયેલું હતું. પરંતુ અમારી સરકાર સત્તા પર આવતા જ કોસ્ટલ રોડનું કામ ઝડપથી પૂરું થયું છે.

### મરીન ડ્રાઈવથી ટી-ટૂ 30 મિનિટમાં શક્ય બનશે

મુંબઈ: શું તમે કલ્પના કરી શકો કે મરીન ડ્રાઈવથી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર માત્ર ૩૦ મિનિટના સમયમાં પહોંચી શકાય. બાંદ્રા-વરલી સી લિંક સાથે ઉત્તર તરફના કોસ્ટલ રોડ કનેક્ટરનું ઉદ્‍ઘાટન થયું છે ત્યારે તમારી ટર્મિનલ-ટૂ કે ટી-ટૂ સુધી પહોંચવા માટેની કલ્પના સાર્થક થવાની શક્યતા છે.

મરીન ડ્રાઈવથી એરપોર્ટ સુધી જવું હોય તો ભારે ટ્રાફિકને કારણે તમને પહોંચવામાં ૯૦ મિનિટથી બે કલાક સુધીનો સમય થઇ જતો હોય છે, પણ કોસ્ટલ રોડ ટ્રાફિકના પ્રવાહને હળવો બનાવી શકે છે. મરીન ડ્રાઈવથી વરલી સુધીનો કોસ્ટલ રોડ કાર્યરત થઇ ગયો છે, પણ સી-લિંક સુધીના કનેક્ટર બ્રિજનું કામ ચાલી રહ્યું છે. નવું સેક્શન ખુલ્લું થવાથી વાહનચાલકો સી-લિંકને એક્સેસ કરી શકશે અને ત્યાંથી બાંદ્રા સુધી પહોંચી શકશે અને બાદમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેથી એરપોર્ટ પહોંચી શકાશે.

હાલમાં કોસ્ટલ રોડ પરથી વાહન ચલાવવામાં ૧૦ મિનિટથી ઓછો સમય થાય છે અને સી-લિંક પર બીજી ૧૦ મિનિટ થાય છે. જોકે અહીંથી પસાર થતાં વાહનોને કારણે બ્રીચ કેન્ડીના રહેવાસીઓને ભારે ત્રાસ વેઠવો પડી રહ્યો છે. અહીં થતા ટ્રાફિકને કારણે પોલ્યુશન અને અન્ય ત્રાસની ફરિયાદ તેઓએ પાલિકા અને ટ્રાફિક પોલીસને કરીને કોસ્ટલ રોડના અન્ય વૈકલ્પિક એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટની પણ માગ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુરુવારે બપોરે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વરલીથી સી-લિંક સુધીના ૮૦૦ મીટર કોસ્ટલ રોડના ઉદ્‍ઘાટનને લીલી ઝંડી આપી દીધી હતી. જોકે બ્રિજની બીજી બાજુનું કામ હજુ બાકી હોઈ ડિસેમ્બર સુધી પૂરું થાય એવી શક્યતા છે. પાર્કિંગનું કામ પણ આગામી વર્ષ સુધીમાં પૂરું થાય એવી ધારણા સેવાય છે.

## બારગર્લને

દરોડો પાડ્યો હતો. એ બારમાં અમુક વાંધાજનક કૃત્ય થતાં હોવાની માહિતી મળ્યા બાદ પોલીસે દરોડો પાડ્યો હતો. એ સમયે અમુક બારગર્લ અશ્લીલ પદ્ધતિથી ડાન્સ કરી રહી હતી અને ગ્રાહકો તેમના તરફ પૈસા ફેંકતા હોવાનું અને વેઈટર્સ એ પૈસા ભેગા કરી રહ્યા હતા. ગ્રાહક અશ્લીલ હાવભાવથી નૃત્ય કરીને બારગર્લને પ્રોત્સાહિત કરતા હોવાનું જણાતું હતું. અરજીકર્તા એમાંનો એક હતો, એવો પોલીસે દાવો કર્યો હતો.બીજી બાજુ બારમાં પોતાની માત્ર હાજરી એ પોતાના પર અશ્લીલ કૃત્ય કર્યું હોવાનો ગુનો દાખલ કરવો એ પૂરતું નથી. હું નૃત્ય કરનારી મહિલાની દિશામાં પૈસા ફેંકતો કે પછી અશ્લીલ હાવભાવ કરતા દેખાયા નહોતો, એવો દાવો અરજીકર્તાએ કર્યો હતો. કોર્ટે પણ હાઈ કોર્ટે આવા જ પ્રકરણમાં આપેલા ચુકાદાનો આધાર લઇને અરજીકર્તાની દલીલ માન્ય કરી હતી અને તેના વિરુદ્ધનો ગુનો રદ કર્યો હતો. દરમિયાન આ પ્રકરણે પોલીસે દાખલ કરેલા ગુનાને રદ કરવાની માગણી માટે અરજીકર્તાએ હાઈ કોર્ટનાં દ્વાર ખટખટાવ્યાં હતાં. સપ્ટેમ્બર, ૨૦૨૩માં કોર્ટે અરજીકર્તા વિરુદ્ધના ખટલાને સ્ટે આપ્યો હતો.

## બાન્દ્રાથી વિલેપાર્લેના

પૂર્વથી વિલેપાર્લેની કૂપર હૉસ્પિટલ સુધીના લગભગ ૧૨૮ સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પોલીસે તપાસ્યાં હતાં. આખરે બુધવારની રાતે ૧૦ વાગ્યાની આસપાસ તે કૂપર હૉસ્પિટલના કમ્પાઉન્ડમાંથી મળી આવ્યા હતા. કૂપર હૉસ્પિટલમાં જ મેડિકલ ચેકઅપ માટે તેમને દાખલ કરાયા હતા. તબીબી સહાય પછી હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવતાં કોલવણકર પરિવારમાં પાછા ફર્યા હતા. છેલ્લા એક સપ્તાહમાં તેમણે ભાગ્યે જ કંઈ ખાધું હતું. તેમના શરીરમાંથી પાણી પણ ઓછું થઈ ગયું હોવાનું પોલીસે કહ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ ગુમ થયેલા કોલવણકર સૌપ્રથમ બાન્દ્રા પશ્ચિમમાં લકી હોટેલ નજીક આવેલા તેમના જૂના ઘર નજીક ગયા હતા. જોકે પછી તે બીજા માર્ગે વળી ગયા હોવાનું સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં દેખાયું હતું. બીએઆરસીમાં ૪૦ વર્ષ કામ કર્યા પછી કોલવણકર ૨૦૦૮માં નિવૃત્ત થયા હતા. તેમણે ભૂકંપ સંબંધી સિસ્મોલૉજીમાં સ્પેશિયલાઈઝેશન કર્યું હતું અને તેમનાં સંશોધને દુનિયાભરના દેશોને ભૂકંપના સ્થળની ભૂકંપ આવે તે પહેલાં જાણકારી આપવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. તેમનાં કાર્યોનો અનુવાદ આખી દુનિયાની ૧૨૫ ભાષામાં કરવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ ચંદ્રકથી તેમનું સન્માન પણ કરાયું હતું. તેમનો પુત્ર અમિત લંડનમાં રહે છે.

# હિન્દુ મરણ

**મેઘવાળ**

ગામ પાલીતાણા હાલમાં ઘાટકોપર સ્વ. ગોવિંદભાઈ રામજી મહિડા, સ્વ. ગંગાબેન મહિડાના સુપુત્ર લલિતભાઈ (ઉં.વ. ૬૫) તા. ૭/૯/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વિશ્રામભાઈ ગોહિલ, સ્વ. મધુબેનના જમાઈ. રેખાબેનના પતિ. ભરતભાઈ, સ્વ. મહેશભાઈ, દિલીપભાઈ, શાતાબેનના મોટાભાઈ. ધર્મેશ, હર્ષાબેના પિતાશ્રી. હિરેનભાઈ, સુનીલભાઈના સસરા. બારમાની વિધિ તા. ૧૪/૯/૨૪ શનિવારના સાંજે પાંચ, ગુરૂકૃપા ઉગમ હા. સો. ટી, બિ. ૬૭,૩૦૨, સુભાષચંદ્ર બોઝ ગાર્ડનની સામે, ઘાટકોપર ઇસ્ટ.

**નાઘેર દશા શ્રી માળી વણિક**

ઘાટવડ નિવાસી હાલ પુણે જયંતકુમાર જમનાદાસ શાહ (ઉં.વ. ૭૫) તે શ્રીમતી મંજુલાબેન શાહના પતિ. પોપટલાલ લક્ષ્મીચંદ બખાઈના જમાઈ. સ્વ. વિલાસબેન જગદીશચંદ્ર, દીનાબેન યોગેશકુમાર શાહ, જયશ્રીબેન પ્રવીણભાઈ, બીપીનચંદ્ર જમનાદાસ, ભરતભાઈ જમનાદાસ, રાજેશભાઈ જમનાદાસના મોટાભાઈ. કૌશિકભાઈ, દિપાલીબેન રાજેનભાઈ, જસ્મીનાબેન કૈશલભાઈ, હીનાબેન હાર્દિકભાઈના પિતાશ્રી. મિત્તલબેન કૌશિકભાઈ શાહના સસરા. જનવના દાદા. બુધવાર, તા. ૧૧/૯/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

સાવરકુંડલા નિવાસી હાલ દહિસર વ્રજલાલ હીરજીભાઈ કવા (ઉં.વ. ૬૭) તે ૧૧/૯/૨૪ના રામચરણ પામેલ છે. તે દક્ષાબેનના પતિ. વિક્રમ, વિભા વિશાલકુમાર હરસોરા તથા મોના અજીતકુમાર પંચાલના પિતા. સ્વ. કેશવભાઈ, જવેરભાઈ, સ્વ. શારદાબેન મગનલાલ, મંગળાબેન મનસુખલાલ, સ્વ. રસીલાબેન મનસુખલાલના ભાઈ. સ્વ. હરિલાલ મોતીલાલ પરમાર વઢવાળવાળાના જમાઈ. સ્વ. ટપુભાઈ ગોવિંદભાઇ સોલંકીના ભાણેજ. પ્રાર્થનાસભા ૧૩/૯/૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**લુહાર સુથાર**

ગામ મહુવા હાલ બોરીવલી લલ્લુભાઈ ભાણજીભાઇ હરસોરાના ધર્મપત્ની અ.સૌ. મમતાબેન (ઉં.વ. ૬૨) ૧૧/૯/૨૪ના રામશરણ પામેલ છે. તે અલ્પા, જીજ્ઞેશ, પ્રિતેશના માતુશ્રી. કાંતિભાઈ કૈલાશબેન, સ્વ. ભાનુબેન, સ્વ. મંગુબેન, સ્વ. જયાબેન, સ્વ. મંજુબેનના ભાઈના પત્ની. રાધિકા, કિંજલ, સન્નીકુમાર પરમારના સાસુ. સ્વ. જમનાબેન હરજીવનભાઈ ચુડાસમા સાવરકુંડલાની દીકરી. પ્રાર્થનાસભા ૧૩/૯/૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**હાલાઈ લોહાણા**

હરીપર નિવાસી હાલ મલાડના અ.સૌ. અંજલી સુરેશભાઈ કરસનદાસ પાબારી (ઉં.વ. ૬૫) તા. ૧૧-૯-૨૪ના બુધવાર શ્રીજીચરણ પામેલ છે. તે સમીર અને અર્જુનના માતુશ્રી. કોમલ અને મનીષાના સાસુ. જીયા, ટીશા અને પ્રિશાના દાદી. હંસાબેન મોહનભાઈ, સ્વ. કુમુદબેન, સ્વ. પુરષોતમભાઈ, ગં.સ્વ. સરોજબેન જગમોહનદાસભાઈ, જયશ્રીબેન જીતેન્દ્રભાઈ, સ્વ. ઉષાબેન હરીશભાઈના દેરાણી. પિયરપક્ષે સ્વ. કમલાબેન મોહનભાઈ નેરૂરકરના દીકરી. પ્રાર્થનાસભા તા. ૧૪-૯-૨૪ના શનિવારે ૫.૦૦ થી ૭.૦૦. હાલાઈ લોહાણા બાળશ્રમ બેન્કવેટ હોલ, મથુરાદાસ એક્ષ્ટેંશન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ ગામ ગોંડલ હાલ ઘાટકોપર સ્વ. પ્રભાબેન જયંતીલાલ મુળજીભાઈ મણિયારના સુપુત્ર સ્વ. મુકુંદભાઈ મણિયાર (ઉં.વ. ૭૫) તા. ૧૨/૯/૨૪ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સરોજબેનના પતિ. વિજય, કાર્તિક, હિનાના પિતા. ચંદ્રિકા, પ્રતીક્ષાના સસરા. જીતેશ મચ્છરના સસરા. જગદીશભાઈ, સ્વ. ભરતભાઈ, કિરણભાઈના મોટાભાઈ. નરોત્તમદાસ દેવચંદ છાટબારના જમાઈ. પ્રાર્થનાસભાઃ બીએપીએસ સ્વામીનારાયણ સંસ્કાર કેન્દ્ર, તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪, ૪ થી ૫.૩૦. ૯૦ ફીટ રોડ, લવેન્દ્ર બાગ નજીક, જય ગાયત્રી કૉ.ઑ.હા.સો., ગરોડિયા નગર, ઘાટકોપર (ઈસ્ટ).

**સુતાર**

હલવદ નિવાસી (હાલ મુંબઈ) ગં.સ્વ. સુશીલા મકવાના (ઉં.વ.૮૩) તે સ્વ. મનહરલાલ મકવાણાના પત્ની. સ્વ. સવિતા નરભેરામ ચૌહાણના પુત્રી. ડૉ. નીતા રાજેન્દ્ર સરૈયા, સ્વ. રીટા, સ્વ. હીના અને ચિ. તૃપ્તિના માતા. તે સ્વરા સરૈયાના નાનીમા. બુધવાર, તા. ૧૧-૯-૨૪ના દેવલોક પામ્યા છે. બેસણું અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

મમીબાઈ જેરામ સેજપાલ ગામ ભૂજવાળાના સુપુત્ર હાલે-ભાયંદર વાલજી જેરામ સેજપાલ (ઉં.વ. ૮૧) તા. ૧૦-૯-૨૪ના રામશરણ પામેલ છે. તે હંસરાજ કાનજી કતીરા ગામ મસ્કાના જમાઈ. મંજુલાબેનના પતિ. રાજેશના પિતા. નિશાબેનના સાસરા. સ્વ. દયારામ, સ્વ. હિરાલાલ, છગનલાલ, સ્વ. બબીબેન, સ્વ. જીવાબેન, સ્વ. તુલસાબેનના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

મુંબઈ નિવાસી, રેખા ઠક્કર (ઉં.વ. ૮૯) તે સ્વ. મહેન્દ્ર વ્રજલાલ ઠક્કરનાં ધર્મપત્ની. સ્વ. પાર્વતી ને સ્વ. પ્રાગજી મકનજી સેજપાલનાં સુપુત્રી. સ્વ. મેહુલ અને મયંકનાં માતુશ્રી. લીના મયંક ઠક્કરનાં સાસુ. યશ અને રિશીનાં દાદી. તા. ૧૦ સપ્ટેમ્બર, ૨૪ના શ્રીજીચરણ પામ્યાં છે. પ્રાર્થનાસભા તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૪ની સાંજે ૫થી ૬.૩૦, શંખ હોલ, ઈસ્કોન, જુહુ, મુંબઈ-૪૦૦૦૪૯.

**હાલાઈ લોહાણા**

ગં.સ્વ. દેવ્યાનિબેન વિઠ્ઠલદાસ કુંડલિયા (જટનિયા) (ઉં.વ. ૯૨) (દ્વારકા-વરવાળા વાળા) હાલ વિલેપાર્લે તા. ૧૧-૯-૨૪ના અવસાન પામેલ છે. તે અશોકભાઈ, અજીતભાઈ, સ્વ. નીતિનભાઈ, અનિલભાઈના માતુશ્રી. સ્વ. મગનલાલ કુંડલિયાના ભાભી. સ્વ. ગીરધરદાસ ઠક્કરના દીકરી. લૌકિક પ્રથા બંધ છે.

# જૈન મરણ

**સ્થા. જૈન**

અમરેલી નિવાસી હાલ બોરીવલી સ્વ. જીતેન્દ્રભાઈ કેશવલાલ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. ભાનુમતીબેન (ઉં.વ. ૮૭) તે હરગોવિંદદાસ પાનાચંદશેઠ મોટા લીલીયાના દીકરી. સ્વ. હર્ષા ભરત દેસાઈ, સ્વ. દીનાબેન, નીતિનભાઈ, પરિન્દુ હરેશ કોઠારીના માતુશ્રી. દિનાના સાસુ. મંગળાબેન, વિમળાબેન, વિલાસબેન, જસુબેન, હર્ષદભાઈ, મનુભાઈ, પુષ્પાબેન, મુકુંદભાઈ, પ્રદીપભાઈ તથા પ્રફુલાબેનના બહેન. સ્વ. ભાનુબેન, ગં.સ્વ. હંસાબેન, સ્વ. કાંતિભાઈ, સ્વ. રેખાબેનના ભાભી. ૧૧/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાધનપુરી જૈન**

હેતલ અમરીશ શાહ (ઉં.વ. ૫૫) તે હાલ કાંદિવલી સ્વ. અમરીશ દિનેશભાઇના ધર્મપત્ની. કલ્પના દિનેશભાઇના પુત્રવધૂ. ગુણવંતિબેન બિપીનભાઈના દીકરી. હાર્દિક તથા સોનલ-કશીશના માતુશ્રી. શીતલ રાકેશ, મયુરી પિયુષ, એકતા અજયકુમારના બહેન. ૧૧/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૩/૯/૨૪ના ૩ થી ૫. પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વડાલાના રતનબેન લખમશી ગાલા (ઉં.વ. ૮૬) તા. ૧૦/૯/૨૪ના અવસાન પામ્યા છે. પુરબાઇ ભાણજીના પુત્રવધૂ. લખમશીના પત્ની. સંજય, કમલા, તરલા, અનીલા, જીગ્નાના માતા. વડાલા ચાંપઇબાઇ દેવરાજ શેઠીયાના પુત્રી. વશનજી, દામજી, કુંવરજી, સુરજી, ખેતબાઇ, મોંઘીબાઇના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. સંજય ગાલા, એ-૬૦૪, ઇનફીનીટી ટાવર, જીતેન્દ્ર રોડ, મલાડ (ઇ.).

દેઢીઆના મહેન્દ્ર હેમરાજ ગોસર (ઉં.વ. ૬૮) તા. ૯-૯-૨૪ના અવસાન પામ્યા છે. ધનબાઈ હેમરાજ દેવશીના સુપુત્ર. વાસંતીના પતિ. જીગર, ઓજસના પિતાશ્રી. વિનોદ, જયેશ, માયાના ભાઈ. મંજલ રે.ના પ્રભાબેન (પાનબાઈ) શામજી વેલજી ગડાના જમાઈ. પ્રા : શ્રી વ.સ્થા. જૈન શ્રા.સં. કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦.

મોટા આસંબિયાના રતીલાલ (માસા) સાવલા (ઉં.વ. ૮૯) તા. ૧૧/૯ના દેહ ત્યાગ કરેલ છે. મેઘબાઇ કાનજી ચાંપશીના પુત્ર. ગંગાબાઇના પતિ. વસંતબાળા, દીના, હર્ષા, રાજેન્દ્ર, લતા (લીના) દીપેશના પિતા. કુંવરજી, ધનવંતીના ભાઇ. નાની તુંબડી વેજબાઇ હરશી પાસવીરના જમાઇ. પ્રા. : શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.). સમય ૪.૦૦ થી ૫.૩૦.

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

ઠાડચ નિવાસી હાલ કાંદિવલી સ્વ. પ્રેમચંદભાઈ રણછોડદાસ પાતાણીના ધર્મપત્ની ગં.સ્વ. પદમાબેન પાતાણી (ઉં.વ. ૯૦) ૧૦/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે રાજેશ, ઋષભ, કૃપા અશ્વિનકુમાર અજમેરા તથા દીપાબેન નિલેષકુમાર શાહના માતુશ્રી. બીજલ તથા સેજલના સાસુ. હસમુખ, પ્રવિણચંદ્ર, પ્રકાશ, નિતેશ, કૈલાશબેન ગીરધરલાલ, સવિતાબેન અનંતરાય, ભારતીબેન મહેન્દ્રભાઈના ભાભી. પિયરપક્ષે સ્વ. મનસુખલાલ ચત્રભુજ વકીલના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સી ૩, એચ ૭૯-૮૦ મહાવીરનગર, શંકરલેન, કાંદિવલી વેસ્ટ.

**વેરાવળ વિશા ઓસવાળ જૈન**

વેરાવળ નિવાસી હાલ બોરીવલી નાથાલાલ ગોપાલજી શાહના પુત્રવધૂ તથા કિરણભાઈના ધર્મપત્ની કનકલતાબેન (ઉં.વ. ૬૮) ૩૦/૮/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે હેતલ મુદિત બોથરા તથા શિવાની મિતેશ શાહના માતુશ્રી. જીનાનશી તથા રિવના નાની. પિયરપક્ષે ભગવાનદાસ સોમચંદ શાહના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. ૩૦૧, પટકેશ્વર એપાર્ટમેન્ટ, બાભઈ નાકા, બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી જૈન**

જેસર નિવાસી મણિલાલ ડુંગરશિંહ વોરાના પુત્ર હિંમતલાલ (ઉં.વ.૮૫) તા. ૨૯/૮/૨૪ને ગુરુવાર અરિહંતશરણ પામેલ છે. તે જયેશ, રાજેશ, મેહુલ, હર્ષા, બીનાના પિતાશ્રી. પારુલ, જયશ્રી, તૃપ્તિ, અજીતકુમાર, નિતેશકુમારના સસરા. ફોરમ, ભૂમિ, હર્ષ, જીનયના દાદા. જયસુખભાઇ, સ્વ. ઇન્દ્રવદનભાઈ, સ્વ. હીરાબેન, કમળાબેન, સરલાબેન, ઉર્મિલાબેનના મોટાભાઈ. મણિલાલ માણેકચંદ શેઠ ગાધકડાવાળાના જમાઈ. પિતૃ વંદના તા. ૧૩/૯/૨૪ના શુક્રવાર ૯ થી ૧૧, જીવરાજ ભાણજી સ્મારક ટ્રસ્ટ હૉલ, અશોક નગર નાહુર ગાવ, મેહુલ થિયેટરની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મોરબી નિવાસી હાલ સાયન મુંબઈ સમીરભાઈ દુલેરાય મહેતાના ધર્મપત્ની અ.સૌ. શિલ્પાબેન મહેતા (ઉં.વ. ૫૭) કુ. દિશા અને કુ. દૃષ્ટિના માતુશ્રી. સ્વ. રંજનબેન અને સેવંતીલાલ દલિચંદ દોશીના દીકરી. ડો. મનોજભાઈ દુલેરાય, સંધ્યાબેન નીશીથભાઈ તથા સોનલબેન રાજેન્દ્રભાઈના ભાભી. અ.સૌ. હર્ષાબેન મનોજભાઈ મહેતાના દેરાણી. ભારતીબેન હરેશભાઈ, તરુણભાઈ, સ્વ. જીતેશભાઇના બેન. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩/૯/૨૪ ને શુક્રવાર ૩:૩૦ થી ૫:૩૦. લખમસી નપ્પુ હૉલ, ૩૧૧, ચંદાવરકર રોડ, માટુંગા (સેન્ટ્રલ રેલવે ). લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર (દૈત્રોજ) નિવાસી હાલ ઘાટકોપર કાંતિલાલ વનમાળીદાસ શાહના સુપુત્ર જીતેન્દ્ર (ઉં.વ. ૬૬), તા. ૧૧-૯-૨૪ના બુધવાર અવસાન પામેલ છે. તે દક્ષાબેનના પતિ. પ્રિતેશ, જિનલ તથા તેજલના પિતાશ્રી. મોના, સચિનકુમાર, પ્રદિપકુમારના સસરા. સસરાપક્ષે શ્રી દામોદર જીવરાજ મહેતાના જમાઈ. (પાડરશીંગાવાળા) મહેશભાઈ, કપિલભાઈના બનેવી. સાદડી શનિવાર, તા. ૧૪-૯-૨૪ના ૯.૦૦ થી ૧૧.૦૦. સ્થળ- કે.વી.કે. સ્કુલ હોલ, ભાજી ગલી, સાઈનાથ નગર, ઘાટકોપર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ દહિસર સ્વ. મુક્તાબેન રતિલાલ કામદારના પુત્ર. તે માલતીબેનના પતિ. કિર્તી રતિલાલ કામદાર (ઉં.વ. ૭૧). સમીર અને તેજલ અહમદ અન્સારીના પિતાશ્રી. મહેશભાઈ, આશા વિનોદરાય અવલાણી અને મીના શરદકુમાર શેઠના ભાઈ. વેવાઈ પક્ષે ભાવનગર નિવાસી સ્વ. દિલીપભાઈ વલ્લભદાસ શેઠના બનેવી તા. ૧૨/૯/૨૪ ગુરુવારના અરિહંત શરણ પામેલ છે. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ધીરજલાલ પ્રેમચંદ શાહ ટાણાવાળાના સુપુત્ર વિરેન્દ્રભાઇ શાહ (ઉં. વ. ૭૫) હાલ મુલુંડ બુધવાર, તા. ૧૧-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે ભદ્રાબેનના પતિ. દેવગુપ્ત વિજયજી મ. સા.કિર્તીભાઇ, લલિતભાઇ, ગીરીશભાઇ, ભદ્રેશભાઇ, સરોજબેન, તરુણાબેન, રંજનબેન અને ભક્તિરસા શ્રીજી મ.સા.ના ભાઇ. તેજસ શાહ, દિપાલી અને જયણાના પિતાશ્રી. સેજલ તેજસ શાહ, મિતેષકુમાર જસાણી, જીગરકુમાર ગોગરીના સસરા. શ્વસુર પક્ષે સાવરકુંડલા નિવાસી દોશી ચંપકલાલ કપૂરચંદના જમાઇ. લૌકિક વ્યવહાર તથા સાદડી પ્રથા બંધ છે. ઠે. ૫૦૩, ૫મે માળે, શ્રી સિદ્ધિ પ્લાઝા કો. ઓપ. હા. સોસાયટી, આર. આર. ટી. રોડ, ચેતના હોસ્પિટલની સામે, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડી સ્થા. જૈન**

વડોદ નિવાસી (હાલ નાલાસોપારા) સ્વ. વ્રજલાલ જેઠાલાલ ડગલીના ધર્મપત્ની ગં. સ્વ. મીનાબેન ડગલી, તે સ્વ. શાંતાબેન કાન્તીલાલ મણીયારના દીકરી (ઉં. વ. ૭૨) તે સમીર (બટુક)ના માતુશ્રી. કામીનીના સાસુ. ફોરમ અને યશના દાદી. તે રીટાબેન બીપીનભાઈ ખંધોર, નીતાબેમ સુધીરકુમાર દોશી, સ્વ. ગીતાબેન, સંગીતાબેન અરવિંદકુમાર શાહ, ભરતભાઈ મણિયારના બેન ૧૧-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકીક વ્યવહાર - પ્રાર્થનાસભા બંધ રાખેલ છે. સરનામુંઃ એફ-૪, નેમીનાથ નગર, આચોલે રોડ, નાસાલોપારા (પૂર્વ).

**દશાશ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

અમદાવાદ નિવાસી (હાલ મુંબઈ)ના સ્વ. ઉષાબેન- નરોત્તમભાઈ મશરૂવાલાના પુત્રવધૂ હેમાબેન દર્શીતભાઈ (ઉં. વ. ૫૨) ૭-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે થાનગઢ નિવાસી વિનુભાઈ હરિલાલ શાહના પુત્રી. કમલેશભાઈ, મેહુલભાઈ, મીનાબેનના બહેન. મનીષા અને ચૈતાલીના નણંદ. ધરાના મમ્મી. શમાબેન હેમલભાઈના દેરાણી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૩-૯-૨૪, શુક્રવારે સવારે ૧૦.૩૦ થી ૧૨. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, શ્રી કરશન લધુભાઈ નિસર હોલ, ૧૨, જ્ઞાનમંદિર રોડ, કબુતરખાના પાસે, દાદર. (વે.).

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ આધોઈના સ્વ. રમેશ ગેલાભાઈ વેરશી કારિયા (ઉં.વ. ૬૩) તા. ૧૧-૯-૨૪, બુધવારના અવસાન પામેલ છે. સંતીબેન વેરશીના પૌત્ર. મીણાબેન ગેલાભાઈના પુત્ર. વિરજી, રસીક, સ્વ. નેમચંદ, ભગવાનજી, કસ્તુરના ભાઈ. સ્વ. વિજયા, ઈન્દુ, સ્વ. શુશીલાના દેર. મીનાના જેઠ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. બી-૧૮, મંગલમ સી.એચ.એસ. મથુરાદાસ રોડ, લિજ્જત પાપડ, કાંદિવલી (વેસ્ટ).

ગામ ભરૂડિયાના સ્વ. રતનશી ઉર્ફે બાબુભાઈ કરશન વિસરીયા (ઉં.વ. ૮૨) તા. ૧૧-૯-૨૪ના અવસાન પામેલ છે. સ્વ. બુદ્ધિબેન કરશન નોંઘા વિસરીયાના પુત્ર. સ્વ. હીરુબેનના પતિ. સ્વ. (લક્ષ્મી, દિવાળી), ઝવેરના ભાઈ. રવના સ્વ. ભમીબેન ભીમશી વાલજી ગાલાના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠેઃ બી/૪ ૪૦૩, પૂનમ પાર્ક, લાલબાગ, મુંબઈ.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

વિંછીયા નિવાસી હાલ દાદર જીતેન્દ્રભાઈ તે હેમલતાબેન છબીલદાસ અજમેરાના (ઉં.વ. ૭૬) તા. ૧૨-૯-૨૪, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે વિણાબેનના પતિ. મનીષ-સિલ્વીયા, અમિત-નિશા, હિરલબેન જીગ્નેશભાઈ સંઘવીના પિતાશ્રી. કિશોરભાઈ, કિરીટભાઈ, નિમુબેન, હસુમતીબેન, જાગૃતિબેનના ભાઈ. શ્વસુર પક્ષે લીલાવતીબેન હિંમતલાલ ખંધારના જમાઈ. ડૉ. નવીનભાઈ, સ્વ. જીતેન્દ્રભાઈ, સ્વ. પ્રવિણભાઈ, સ્વ. હસુભાઈ, સ્વ. કિશોરભાઈ, સ્વ. મુકેશભાઈ, દેવીબેન, નીતાબેનના બનેવી. પ્રાર્થનાસભા તા. ૧૪-૯-૨૪ના શનિવારે ૧૧થી ૧૨.૩૦. સ્થળઃ નોર્થ ઈન્ડિયન કલબ, ભાઈદાજી રોડ, માટુંગા-સાયન, મુંબઈ-૪૦૦૦૨૨.

# પારસી મરણ

રોશન મીનોચેર રાનદેરિયા તે મરહૂમો ભીખુ મીનોચેર રાનદેરિયાના દીકરી. તે ફીરોઝ ને ફ્રેનીના બહેન. તે અકશય ને અશનીના માસી. તે આબાનના ભાભી. તે મરહૂમો ફરોખ હોરમસ હીરજીકાકા ને દીના ફરોખ હીરજીકાકાના ભાનેજ. તે નીરવાન ને વિદુરના ગ્રેના. (ઉં.વ.૮૭) રે.ઠે. નાજુ મેનોર, ઓલિવર રોડ, રેકલમેશન કોલાબા, મુંબઈ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૯-૨૦૨૪ના દિને બપોરે ૩.૪૦ વાગે કરાની અગ્યારીમાં છેજી.

પરવીઝ દારાયસ મિસ્ત્રી તે મરહૂમ દારાયસના ધન્યાની. તે મરહૂમો રતી કૈખશરુ મારશેલના દીકરી. તે કેરસી ને હોરમઝના માતાજી. તે રોશની ને હુતોકશીના સાસુજી. તે ફલી તથા મરહૂમો અદી ને હોમાયના બહેન. તે જેનીફર, હોશેદર, કયઝીનના બપઈજી (ઉં.વ. ૮૨) રે.ઠે. ૬૬-બી, મોતીવાલા મેનશન, ચોથે માળે, એ.કે. મારગ, ગોવાલીયા ટેંક, મુંબઈ-૪૦૦૦૩૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૪-૯-૨૦૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ભાભા નં-૧માં ડુંગરવાડી.

## મલાઈકાના પિતાની

હતો. પોલીસને ઘટનાસ્થળ કે મહેતાના ઘરમાંથી કોઈ સુસાઈડ નોટ મળી નહોતી. પરિણામે મહેતાના આવા પગલા ભરવા પાછળનું કારણ જાણી શકાયું નહોતું. જોકે છેલ્લા કેટલાક સમયથી તે ડિપ્રેશનમાં હતા, એમ પોલીસનું કહેવું છે.

મહેતાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ભાભા હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. પોસ્ટમોર્ટમના પ્રાથમિક અહેવાલમાં માથા, પગ અને હાથ પર અનેક ઇજાને કારણે તેમનું મૃત્યુ થયું હોવાનું જણાવાયું હતું.

બીજી બાજુ, પોલીસની એક ટીમે મહેતાના ઘર અને તે જે જગ્યાએ પટકાયા તેનું નિરીક્ષણ કર્યું હતું. મહેતાના ફ્લૅટની બાલ્કનીની દીવાલ લગભગ સાડાત્રણ ફૂટ ઊંચી હોવાનું પોલીસે માપ્યું હતું. આટલી ઊંચી દીવાલ પાસેથી ધક્કો મારીને કોઈને નીચે ફેંકવું પોલીસને અશક્ય લાગી રહ્યું છે. એ સિવાય કદાચ ચક્કર આવવાને કારણે મહેતા નીચે પડી ગયા હોય એવું બની શકે, પરંતુ પોલીસને એ શક્યતા પણ ઘણી ધૂંધળી લાગી રહી છે.

એક અધિકારીના કહેવા મુજબ અત્યાર સુધીની તપાસમાં મહેતાએ આત્મહત્યા કરી હોવાનું લાગી રહ્યું છે. તેમ છતાં અમારી ટીમ આત્મહત્યા અથવા અકસ્માતે પડી ગયા એમ બે દિશામાં તપાસ કરી રહી છે.પોલીસની એક ટીમ મહેતાના પરિવારના સભ્યોનાં નિવેદન નોંધી રહી છે. એ સિવાય મહેતાને ઘટનાસ્થળે લોહીલુહાણ હાલતમાં જોનારા સાક્ષીઓનાં પણ નિવેદન નોંધવામાં આવશે. ■

| | | |
|---|---|---|
| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |

# મરીન ડ્રાઈવથી બાન્દ્રા ૧૦ મિનિટમાં

કોસ્ટલ રોડના બાન્દ્રા-વરલી સી લિંક સાથેના કનેક્ટરના લોકાર્પણ પછી આમ કહ્યું મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ





## આ કોસ્ટલ રોડને છેક પાલઘરના વાઢવણ બંદર સુધી લઈ જવાશેઃ જોકે આ પ્રસંગે અજિત પવાર ગેરહાજર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટમાં મહત્ત્વનો તબક્કો ગણાતા મુંબઈ કોસ્ટલ રોડ અને અસ્તિત્વમાં રહેલા બાન્દ્રા-વરલી સી લિંકને જોનાડારા પુલનું ગુરુવારે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારે આપેલી મુદતના બે દિવસ પહેલા જ પુલનું કામ પૂરું થતા લોકાર્પણના આ પ્રસંગે જોકે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની ગેરહાજરી જણાઈ આવી હતી. રિબન કાપ્યા બાદ એકનાથ શિંદે સાથે દેવેન્દ્ર ફડણવીસે ડ્રાઈવર સીટ પર બેસીને બ્રિજ પર ૮૨૭ મીટર સુધી સવારી કરી હતી. આજથી આ પુલ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવશે.

દક્ષિણ મુંબઈથી બાન્દ્રા પહોંચતા વાહનચાલકોને હાલ ૪૫ મિનિટથી વધુ સમય લાગે છે ત્યારે મુંબઈ કોસ્ટલ રોડ બાન્દ્રા-વરલી સી લિંક સાથે જોડાઈ જવાને કારણે જ હવે આ અંતર ફક્ત ૧૦ મિનિટમાં પાર કરી શકાવાનું છે ત્યારે ભવિષ્યમાં આ જ કોસ્ટલ રોડ ભાયંદર, વિરારથી આગળ પાલઘર સુધી પહોંચીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવેલા વાઢવણ પોર્ટને જોડશે.



**સ્ટિયરિંગ તો નાયબ મુખ્ય પ્રધાનના હાથમાંઃ** બાંદ્રા-વરલી સી લિંકને જોડતા કોસ્ટલ રોડ્ના ભાગના લોકાપર્ણ પછી એના પર કાર ચલાવી રહેલા દેવેન્દ્ર ફડણવીસ અને સાથે એક્નાથ શિંદે.ઉપર એક્નાથ શિંદે શ્રીફળ વધેરતી વખતે અને બાજુમાં કોસ્ટલ રોડનો નવા શરૂ કરાયેલા ભાગનો ફોટો. (અમય ખરાડે)

પુલના લોકાર્પણ પ્રસંગે મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે કોસ્ટલ રોડ પ્રોજેક્ટ ગેમ ચેન્જર બની જવાનો છે અને ભવિષ્યમાં આ પુલને પાલઘર સુધી લંબાવવામાં આવવાનો છે, જ્યાં વાઢવાણ પોર્ટનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવવાનો છે. વાઢવાણ પોર્ટ દુનિયાના ૧૦ સર્વશ્રેષ્ઠ પોર્ટમાનું એક બનશે. કોસ્ટલ રોડ અને બાન્દ્રા-વરલી સી લિંકને જોડનારો આ બ્રિજને ૧૫ સપ્ટેમ્બરથી ખુલ્લો મૂકવાનું પ્રસ્તાવિત હતું, જોકે તેનું કામ પહેલા જ પૂરું થઈ જતા તેને ત્રણ દિવસ પહેલા એટલે કે ૧૨ સપ્ટેમ્બરના જ ખુલ્લો મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે નવા ખોલવામાં આવેલા પુલના હિસ્સા પર વાહનો માટે ઝડપ મર્યાદા ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની હશે, તો એક્ઝિટ પર ૩૦ કિલોમીટર પ્રતિ કલાકની હશે. આ પુલને કારણે દક્ષિણ મુંબઈથી બાન્દ્રા પહોંચતા અગાઉથી પોણો કલાકથી પણ વધુ

(જુઓ પાનું ૪) ▸▸





(અમય ખરાડે)

## દાદરમાં પડ્યો મોટો ખાડો, એમાં ફસાઈ ગઇ કાર

મુંબઈઃ મધ્ય મુંબઈના દાદર વિસ્તારમાં ગુરુવારે રોડમાં મોટો ખાડો પડી જતાં અને એમાં એક કારનું પૈડું ખાડામાં ફસાઈ જતાં ભારે પ્રમાણમાં ટ્રાફિક થયો હતો. સવારે સાડાઅગિયાર વાગ્યે દાદર પશ્ચિમ સ્થિત વીર સાવરકર માર્ગમાં આવેલા કિસ્મત જંક્શન નજીક બનેલી ઘટનામાં કોઇ જાનહાનિ થઇ નહોતી, એવું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું. ત્રણ બાય પાંચ ફૂટના ખાડામાં ફસાયેલી કારને ટ્રાફિક પોલીસે સ્થાનિક લોકોની મદદથી બહાર કાઢી હતી. આ ઘટનાનો વીડિયો બાદમાં સોશિયલ વીડિયોમાં વાઈરલ થયો હતો. કારનું ડાબી તરફનું આગળનું પૈડું ઊંડા ખાડામાં ફસાઈ ગયું હોવાનું વીડિયોમાં સ્પષ્ટ દેખાતું હતું. પાલિકાના અધિકારીએ આ અંગે વધુમાં માહિતી આપતાં જણાવ્યું હતું કે સ્થાનિક વોર્ડના સ્ટાફ અને રોડ વિભાગના કર્મચારીઓને જાણ કરવામાં આવી હતી અને ક્ષતિગ્રસ્ત રોડનું તાત્કાલિક ધોરણે સમારકામ કરવામાં આવ્યું હતું. (પીટીઆઈ)■



## બાન્દ્રાથી પાર્લા વચ્ચેના ૧૨૮ સીસીટીવી કૅમેરા ચકાસ્યા પછી બીએઆરસીના વિજ્ઞાની મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાભા ઍટમિક રિસર્ચ સેન્ટર (બીએઆરસી)માંથી નિવૃત્ત થયેલા જાણીતા વરિષ્ઠ વિજ્ઞાની વિનાયક કોલવણકર (૭૬)ને પોલીસે આખરે શોધી કાઢ્યા હતા. સિસ્મોલૉજીમાં સ્પેશિયલાઈઝેશન કરનારા કોલવણકર ગુમ થયાના સપ્તાહમાં જ કૂપર હૉસ્પિટલના પરિસરમાંથી મળી આવ્યા હતા.

બાન્દ્રા પૂર્વમાં પીએફ ઑફિસ પાછળની એમઆઈજી કોલોનીમાં પત્ની સાથે રહેતા કોલવણકર છેલ્લાં ચાર વર્ષથી અલ્ઝાઈમરની સમસ્યાથી પીડાતા હતા. ગયા અઠવાડિયે ગુરુવારની સાંજે ફૂલ ખરીદવા માટે તે ઘરથી નીકળ્યા હતા, પરંતુ પાછા ફર્યા નહોતા.

આ પ્રકરણે નિર્મલ નગર પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવાઈ હતી. વરિષ્ઠ પોલીસ અધિકારીએ વિજ્ઞાનીને શોધી કાઢવા માટે ૧૧ જેટલા પોલીસ અધિકારી અને કર્મચારીની એક ટીમ બનાવી હતી. આ ટીમે વિજ્ઞાનીને શોધવા માટે તેમના ઘર નજીક લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસવાથી શરૂઆત કરી હતી. બાન્દ્રા (જુઓ પાનું ૪) ▸▸

## મલાઈકાના પિતાનો આપઘાત કે પછી અકસ્માતે થયેલું મોત?

### પોલીસ હજી અંધારામાંઃ જોકે હત્યાની શક્યતા સાફ નકારી કઢાઈ શરૂઆતના ઑટોપ્સી રિપોર્ટમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફિલ્મ અભિનેત્રી અને મૉડેલ મલાઈકા અરોરાના સાવકા પિતા અનિલ મહેતાએ આત્મહત્યા કરી કે અકસ્માતે તેમનું મૃત્યુ થયું હતું તે અંગે પોલીસ હજુ અવઢવમાં હોવાનું કહેવાય છે. જોકે પોસ્ટમોર્ટમના પ્રાથમિક અહેવાલ અને ઘટનાસ્થળનું નિરીક્ષણ કરી વરિષ્ઠ પોલીસ અધિકારી હત્યાની શક્યતાનો સાફ ઇનકાર કરી રહ્યા છે.

બાન્દ્રા પશ્ચિમમાં આયેશા મનોર બિલ્ડિંગના છઠ્ઠા માળે રહેતા અનિલ મહેતાએ બુધવારની સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ ફ્લૅટની બાલ્કનીમાંથી કથિત કૂદકો મારી આત્મહત્યા કરી હતી. મહેતાનો જમીન પર પટકાવાનો અવાજ સાંભળી સિક્યોરિટી ગાર્ડ દોડી આવ્યો (જુઓ પાનું ૪) ▸▸

## કૉંગ્રેસી સાંસદના સ્ટન્ટના વીડિયોથી થયો વિવાદ

મુંબઈઃ મહારાષ્ટ્રની ભંડારા બેઠકના કૉંગ્રેસના સાંસદ પ્રશાંત પડોલે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરી ગાડીના બૉનેટ ઉપર સ્ટન્ટ મારતો વીડિયો તૈયાર કર્યો હતો, જે ઇન્ટરનેટ પર ખૂબ જ વાઇરલ થઇ રહ્યો છે.

એક બાજુ પુણે પોર્શ કાંડ, મુંબઈમાં ઑડી દ્વારા થયેલા અકસ્માત અને મહારાષ્ટ્ર પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળેના પુત્રની કાર દ્વારા થયેલા અકસ્માતને પગલે બેફામ ડ્રાઇવિંગનો મુદ્દો ચર્ચામાં છે ત્યારે કૉંગ્રેસના સાંસદ દ્વારા કરવામાં આવેલા જોખમી અને ટ્રાફિકના નિયમોનું રીતસરના ખડેચોક ઉલ્લંઘનની લોકો ખૂબ ટીકા કરી રહ્યા છે. ભંડારા બેઠકના કૉંગ્રેસના સાંસદ પ્રશાંત પડોલે એક સફેદ રંગની એસયુવી(સ્પોર્ટ્સ યુટિલિટી વ્હિકલ)ના બોનેટ એટલે કે ગાડીના આગળના ભાગ પર બેસીને પાણી ભરેલાં રસ્તા પરથી પસાર થયેલા વીડિયોમાં દેખાય છે. ■



## મહાયુતિમાં શું રંધાઇ રહ્યું છે ?

## મોડી રાતે શિંદે-અજિત પવાર મળ્યા, ફડણવીસ ગેરહાજર

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીને પગલે રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. તમામ રાજકીય પક્ષોએ પ્રવાસો, બેઠકો, સંવાદો શરૂ કરી દીધા છે. દરમિયાન બુધવારે મોડી રાત્રે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, સાંસદ પ્રફુલ પટેલ, મંત્રી દાદા ભુસે અને મંત્રી ઉદય સામંત વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક વર્ષા બંગલે યોજાઈ હતી. જો કે આ બેઠકમાં નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ગેરહાજર રહેતાં વિવિધ ચર્ચાઓ શરૂ થઇ છે. આ કદાચ પહેલી બેઠક હશે, જેમાં ફડણવીસ હાજર નહોતા.

વિધાનસભા ચૂંટણીનું બ્યુગલ ગમે ત્યારે વાગી શકે છે. તે પૃષ્ઠભૂમિ પર તમામ પક્ષોએ કામ કરવાનું શરૂ કરી દીધું છે. કેન્દ્રીય મંત્રી અમિત શાહની મુંબઈ મુલાકાત દરમિયાન બેઠકમાં લોકસભામાં થયેલી ભૂલો ટાળવા, મધ્યસ્થતા દ્વારા ગઠબંધનમાં બેઠકોના અણબનાવને ઉકેલવા સૂચનાઓ આપવામાં આવી હતી.

ચારેય વચ્ચે વર્ષા બંગલામાં મિટિંગ ચાલી રહી હતી. આ સમયે નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને પ્રફુલ પટેલ 'વર્ષા'માં આવ્યા હતા. ત્યાં ગણપતિના દર્શન કર્યા બાદ તેમણે આ સભામાં ભાગ લીધો હતો. આ અભિયાનના પ્રચાર અને પ્રસારને લઈને ચાલી રહેલી આ બેઠકમાં મહાયુતિના બે મુખ્ય પક્ષના નેતાઓ હાજર હતા, પરંતુ ભાજપના નેતા અને રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ મુંબઈમાં હોવા છતાં હાજર ન રહેતાં વિવિધ રાજકીય ચર્ચાઓ શરુ થઈ હતી. ■

## ન્યાયતંત્ર પર અમને વિશ્વાસઃ સુપ્રિયા સુળે

પુણેઃ વડા પ્રધાનની સીજેઆઇના ઘરની મુલાકાત અંગે બારામતીના સાંસદ તેમ જ શરદ પવારના પુત્રી સુપ્રિયા સુળેએ જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતના ચીફ જસ્ટિસ બંને મારાથી અનુભવની બાબતે અને ઉંમરમાં ઘણા મોટા છે, તેથી આ હું કંઇ બોલું એ યોગ્ય નહીં ગણાય. જોકે કોઇ વડા પ્રધાન દેશના ચીફ જસ્ટિસના ઘરે ગયા હોય તેવું ક્યારેય સાંભળ્યું નથી. મને પણ આંચકો લાગ્યો હતો. જોકે મને દેશની અદાલતો પર પૂરો ભરોસો છે. ■

## બારગર્લને અશ્લીલ ડાન્સ માટે પાનો ચડાવવો એ ગુનો નથીઃ હાઈ કોર્ટ

મુંબઈઃ ડાન્સબારમાં બારગર્લને અશ્લીલ પદ્ધતિથી નૃત્ય કરવા માટે માત્ર પ્રોત્સાહન કરવું એ કોઇ ગુનો નથી કે નથી એ ભારતીય દંડસંહિતાની કલમ ૨૯૪ અંતર્ગત અશ્લીલ કૃત્ય ઠરતું, એવું હાઈ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું. આ પ્રકરણમાં એક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો જેને કોર્ટે રદ કર્યો હતો.

ભારતીય દંડસંહિતાની કલમ ૨૯૪ હેઠળ એકાદી વ્યક્તિ સાર્વજનિક ઠેકાણે અશ્લીલ કૃત્ય કરે કે પછી ગીત ગાય અને અશ્લીલ શબ્દ ઉચ્ચારે તો એ ગુનો ગણાય છે. કાંદિવલી સ્થિત અરજીકર્તા મીતેશ પુનમિયાએ આમાંનું કોઇ પણ કૃત્ય કર્યું નથી. જેથી તેના વિરુદ્ધ ફેબ્રુઆરી, ૨૦૧૬માં દાખલ થયેલા ગુનાને રદ કરીને ન્યાયાધીશ અજય ગડકરી અને ન્યાયાધીશ નીલા ગોખલેની ખંડપીઠે રાહત આપતાં સ્પષ્ટ કર્યું હતું.

પોલીસે નોંધેલા ગુના અનુસાર મુંબઈ પોલીસની સોશિયલ સર્વિસ બ્રાંચે સી પ્રિન્સેસ બાર અને રેસ્ટોરાં ખાતે ફેબ્રુઆરી, ૨૦૧૬માં

(જુઓ પાનું ૪) ▸▸



**વરસાદ વચ્ચે ગૌરી-ગણપતિને વિદાયઃ** મુંબઈમાં ગુરુવારે સાંજના છ વાગ્યા સુધીમાં જુદા જુદા દાદર શિવાજી પાર્ક સહિતના વિસર્જન સ્થળો પર ૩,૩૨૦ ગૌરી-ગણપતિની મૂર્તિઓના વિસર્જન કરવામાં આવ્યા હતા, જેમાં સાર્વજનિક મંડળના ૧૦, ઘરના ૨,૭૦૬ અને ગૌરીની ૬૦૪ મૂર્તિઓનો સમાવેશ થાય છે. (અમય ખરાડે)



# દુલીપ ટ્રોફીમાં ઈશાન કિશનનું જોરદાર કમબૅક, શમ્સ મુલાનીનું ફાઇટબૅક

## વિકેટકીપરે ફટકાર્યા ૧૧૧ રન, મુંબઈનો ઑલરાઉન્ડર સેન્ચુરીની નજીક





મુલાની-કોટિયન વચ્ચે ૯૧ની ભાગીદારી થઈ હતી. કિશને (જમણે) ૧૭ બાઉન્ડરીઝની મદદથી ૧૧૧ રન બનાવ્યા હતા.

અનંતપુરઃ અહીં દુલીપ ટ્રોફીમાં ચાર-ચાર દિવસની મૅચવાળા પ્રારંભિક રાઉન્ડમાં ગુરુવારે ત્રીજા અને ચોથા નંબરની મૅચ શરૂ થઈ હતી જેમાં એકંદરે બૅટર્સનું પ્રભુત્વ જોવા મળ્યું હતું. એક મૅચમાં વિકેટકીપર-બૅટર ઇશાન કિશને (૧૧૧ રન, ૧૨૬ બૉલ, ત્રણ સિક્સર, ૧૪ ફોર) ડોમેસ્ટિક ક્રિકેટમાં જોરદાર કમબૅક કરીને ઇન્ડિયા-સી ટીમને મુસીબતમાંથી ઉગારી હતી. બીજી તરફ, મુંબઈના ઑલરાઉન્ડર શમ્સ મુલાની (૮૮ નૉટઆઉટ, ૧૭૪ બૉલ, ત્રણ સિક્સર, આઠ ફોર)એ એક છેડો સાચવી રાખીને ઇન્ડિયા-એ ટીમને વધુ મુશ્કેલીમાં જતા રોકી હતી.

ગયા અઠવાડિયે આ સ્પર્ધાના આરંભમાં ઋતુરાજ ગાયકવાડના સુકાનમાં ઇન્ડિયા-સીનો શ્રેયસ ઐયરની ઇન્ડિયા-ડી ટીમ સામે ચાર વિકેટે વિજય થયો હતો, જ્યારે શુભમન ગિલના સુકાનમાં ઇન્ડિયા-એ સામે અભિમન્યુ ઈશ્વરનની કૅપ્ટન્સીમાં ઇન્ડિયા-બી ટીમનો ૭૬ રનથી વિજય થયો હતો.

ગુરુવારે નવી મૅચના પહેલા દિવસે ગાયકવાડના સુકાનમાં ઇન્ડિયા-સી ટીમે બૅટિંગ મળ્યા પછી રમતના અંત સુધીમાં પાંચ વિકેટે ૩૭૫ રન બનાવ્યા હતા. રજત પાટીદાર (૪૦ રન, ૬૭ બૉલ, આઠ ફોર)ની ૯૬ રનના ટીમ-સ્કોર પર અને સાઇ સુદર્શન (૪૩ રન, ૭૫ બૉલ, આઠ ફોર)ની ૯૭મા રને વિકેટ પડી ત્યાર બાદ કિશન અને ગાયકવાડ (૪૬ નૉટઆઉટ, ૫૦ બૉલ, બે સિક્સર, સાત ફોર) વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૮૯ રનની ભાગીદારી થઈ હતી. કિશને ધમાકેદાર સદી ફટકાર્યા બાદ પેસ બોલર મુકેશ કુમારે તેને ક્લીન બોલ્ડ કર્યો અને ત્યાર પછી બાબા ઇન્દ્રજીત (૭૮ રન, ૧૩૬ બૉલ, નવ ફોર)નું પણ ટીમને મહત્ત્વનું યોગદાન મળ્યું હતું. ગાયકવાડની સાથે પહેલી મૅચનો હીરો માનવ સુથાર આઠ રને રમી રહ્યો હતો. ઇન્ડિયા-બી ટીમ વતી મુકેશ કુમારે સૌથી વધુ ત્રણ વિકેટ અને રાહુલ ચાહરે એક વિકેટ લીધી હતી. નવદીપ સૈની તથા વૉશિંગ્ટન સુંદરને વિકેટ નહોતી મળી.

કિશન ખરેખર તો શ્રેયસ ઐયરના સુકાનવાળી ઇન્ડિયા-ડી ટીમમાં હતો, પરંતુ તે ઈજાગ્રસ્ત હોવાથી સંજુ સૅમસનને ઇન્ડિયા-ડી ટીમમાં સમાવાયો હતો. જોકે કિશન પાછો રમવા આવતાં ગાયકવાડની ઇન્ડિયા-સી ટીમમાં સ્થાન અપાયું અને તેણે સેન્ચુરીના ધમાકા સાથે કમબૅક કર્યું.

બીજી બાજુ, ગિલની ગેરહાજરીમાં મયંક અગરવાલ ઇન્ડિયા-એ ટીમનું સુકાન સંભાળી રહ્યો છે અને તેની ટીમે ઐયરની ઇન્ડિયા-ડી સામે ૧૪૪ રનમાં છ વિકેટ ગુમાવી હતી, પરંતુ મુલાનીના નૉટઆઉટ ૮૮ રન તથા તનુષ કોટિયનના ૫૩ રનની મદદથી આ ટીમે વળતી લડત સાથે કમબૅક કર્યું હતું. મુલાની-કોટિયન વચ્ચે સાતમી વિકેટ માટે ૯૧ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી.

ઇન્ડિયા-ડી ટીમ વતી હર્ષિત રાણા, વિદવથ કેવરપ્પા અને અર્શદીપ સિંહે બે-બે વિકેટ લીધી હતી. ■

# ભારત-પાકિસ્તાન વચ્ચે હૉકીમાં શનિવારે ટક્કર

## એશિયન ચૅમ્પિયન્સ ટ્રોફીમાં હરમનની ટીમનો ચોથો વિજય, કોરિયાને ૩-૧થી હરાવ્યું

હુલનબુઇર (ચીન)ઃ ભારતની મેન્સ હૉકી ટીમે એશિયન ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ગુરુવારે સતત ચોથો વિજય મેળવ્યો હતો. ભારતે કોરિયાને ૩-૧થી હરાવ્યું હતું. હરમનપ્રીત સિંહના સુકાનમાં ભારતીય ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી ગઈ છે, પરંતુ એ પહેલાં શનિવાર, ૧૪મી સપ્ટેમ્બરે ભારતનો વધુ એક લીગ મુકાબલો થશે જેમાં ભારતની ટક્કર કટ્ટર હરીફ પાકિસ્તાન સાથે થશે.

ભારતની સેમિ ફાઇનલ સોમવારે રમાશે. ભારત ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે અને ફાઇનલ મુકાબલો મંગળવાર પર નિર્ધારિત છે.

ભારતે ગુરુવારના વિજય પહેલાંના ત્રણેય લીગ મુકાબલા પણ જીતી લીધા હતા જેમાં ભારતે યજમાન ચીનને ૩-૦થી, જાપાનને ૫-૦થી અને મલેશિયાને ૮-૧થી હરાવ્યું હતું.

પૅરિસ ઑલિમ્પિક્સના બ્રૉન્ઝ-મેડલિસ્ટ ભારત વતી પ્રથમ ગોલ અરાસજીત સિંહ હુન્ડલે આઠમી મિનિટમાં કર્યો હતો. કૅપ્ટન હરમનપ્રીત સિંહે નવમી અને ૪૩મી મિનિટમાં પેનલ્ટી કૉર્નરને ગોલમાં પરિવર્તિત કર્યો હતો.

કોરિયા વતી એકમાત્ર ગોલ જિહુન યૉન્ગે ૩૦મી મિનિટમાં કર્યો હતો.

આ ટૂર્નામેન્ટમાં કુલ છ દેશની ટીમ ભાગ લઈ રહી છે. ટોચની ચાર ટીમ સેમિ ફાઇનલમાં પહોંચી રહી છે. ભારતીય ટીમ બુધવારે સેમિમાં પહોંચનાર પ્રથમ ટીમ બની હતી. ■

# ફૂટબોલરે મૅસ્કટ પહેરીને ફરતી મહિલાનો વિનયભંગ કર્યો, અદાલતે પાંચ વર્ષે હળવો દંડ ફટકાર્યો!



મૅડ્રિડઃ સ્પેનના સૉકર ખેલાડી હુગો મૅલોએ પાંચ વર્ષ પહેલાં મેદાન પર મહિલાનો વિનયભંગ કર્યો હતો એ કેસમાં અદાલતનો છેક પાંચ વર્ષે ચુકાદો આવ્યો છે જેમાં હુગોને ૬,૬૦૦ ડૉલર (અંદાજે સાડાપાંચ લાખ રૂપિયા)નો દંડ કર્યો છે તેમ જ ભોગ બનેલી મહિલાને કાનૂની વળતર તરીકે ૧,૧૦૦ ડૉલર (અંદાજે ૯૨ હજાર રૂપિયા) ચૂકવવાનો આદેશ આપ્યો છે. જોકે મહિલા સાથે જે છેડતી થઈ એની સરખામણીમાં આ દંડ ખૂબ હળવો કહેવાય.

લા લિગા લીગ નામની સ્પેનની લોકપ્રિય ફૂટબૉલ સ્પર્ધાની એક મૅચની પહેલાં કેટલીક મહિલાઓ ટૂર્નામેન્ટનું મૅસ્કટ (પ્રતીક)નું મોટું માસ્ક તથા કૉસ્ચ્યૂમ પહેરીને મેદાન પર ફરી રહી હતી અને ખેલાડીઓ સાથે હાથ મિલાવતી હતી તેમ જ તેમને મૅચમાં જીત બદલ શુભેચ્છા આપતી હતી.

હુગો એમાંની એક સ્વયંસેવિકા સાથે હાથ મિલાવતી વખતે તેના સ્તનને અડ્યો હતો. મહિલાની અશ્લીલ મજાકવાળી એ ઘટનાનો વીડિયો વાઇરલ થયો હતો. ભોગ બનેલી મહિલાએ હુગો વિરુદ્ધ ફરિયાદ કરી હતી. શરૂઆતમાં તો અદાલતે એ કેસ કાઢી નાખ્યો હતો, પરંતુ એ ફેંસલા સામે અપીલ થતાં કેસ આગળ ચાલ્યો હતો.

હુગોએ ત્યારે ઇન્સ્ટાગ્રામ પર જણાવ્યું હતું કે તે જાણી જોઈને મહિલાના સ્તનને અડ્યો એ કોઈ પુરવાર નથી કરી શક્યું.

હુગો પોતાની વિરુદ્ધમાં આવેલા ચુકાદાને ઉપલી અદાલતમાં પડકારી શકશે, પરંતુ જે કંઈ કાનૂની ખર્ચ થયો છે એ તેણે ભરપાઈ તો કરવો જ પડશે. ■

# કોહલી ૫૮ રન બનાવશે એટલે ૧૪૭ વર્ષના ઈતિહાસમાં તેના નામે લખાશે અનોખો વિક્રમ

## આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઓછી ઈનિંગ્સમાં ૨૭,૦૦૦ રન બનાવનાર ક્રિકેટર બનશે

ચેન્નઈઃ ભારતીય ક્રિકેટર્સનું દોઢ મહિનાનું વેકેશન પૂરું થવાની તૈયારીમાં છે અને ખેલાડીઓ પાછા મેદાન પર ઊતરશે એટલે વિવિધ ફૉર્મેટોમાં રસાકસી જામશે અને નવા વિક્રમો રચાવાની શરૂઆત થઈ જશે. વિરાટ કોહલી હંમેશાં ટૉક ઑફ ધ ટાઉન રહેતો હોય છે. તે મેદાન પર હોય એટલે કૅમેરા સૌથી વધુ તેના પર તાકવામાં આવ્યો હોય છે અને સાથીઓના સેલિબ્રેશનમાં પણ તે કાયમ અગ્રેસર હોય છે. આવનારા બે અઠવાડિયામાં તેનું નામ ફરી ગૂંજવા લાગશે. એનું કારણ એ છે કે તેને ૧૪૭ વર્ષના આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઇતિહાસમાં કોઈએ ન મેળવી હોય એવી સિદ્ધિ તેના નામે લખાશે.

૧૯મી સપ્ટેમ્બરે ચેન્નઈમાં બાંગ્લાદેશ સામે બે મૅચવાળી ટેસ્ટ સિરીઝની પ્રથમ મૅચ શરૂ થશે. કોહલી (ટેસ્ટ, વન-ડે અને ટી-૨૦ સહિતની) ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં ૨૭,૦૦૦ રનના મૅજિક ફિગરથી ફક્ત ૫૮ રન દૂર છે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૭,૦૦૦ કે એનાથી વધુ રન ફક્ત ત્રણ બૅટર્સના નામે છે અને હવે ૨૬,૯૪૨ રન બનાવનાર કોહલી ૫૮ રન બનાવશે એટલે તેમની હરોળમાં આવી જશે.

### કોના કેટલી ઈનિંગ્સમાં કેટલા આંતરરાષ્ટ્રીય રન?

| પ્લેયર | ઇનિંગ્સ | રન | સેન્ચુરી | હાફ સેન્ચુરી | ફોર | સિક્સર |
|---|---|---|---|---|---|---|
| સચિન | ૭૮૨ | ૩૪,૩૫૭ | ૧૦૦ | ૧૬૪ | ૪૦૭૬+ | ૨૬૪ |
| સંગકારા | ૬૬૬ | ૨૮,૦૧૬ | ૬૩ | ૧૫૩ | ૩૦૧૫ | ૧૫૯ |
| પૉન્ટિંગ | ૬૬૮ | ૨૭,૪૮૩ | ૭૧ | ૧૪૬ | ૨૭૮૧ | ૨૪૬ |
| કોહલી | ૫૯૧ | ૨૬,૯૪૨ | ૮૦ | ૧૪૦ | ૨૬૬૨ | ૩૦૧ |
| જયવર્દને | ૭૨૫ | ૨૫,૯૫૭ | ૫૪ | ૧૩૬ | ૨૬૭૯ | ૧૭૦ |



બાંગ્લાદેશ સામેની આગામી ટેસ્ટમાં ૫૮ રન બનાવતાં જ કોહલીના ૨૭,૦૦૦ રન પૂરા થશે. આ ત્રણ બૅટર્સ તેની આગળ છેઃ સચિન તેન્ડુલકર (૭૮૨ ઇનિંગ્સમાં ૩૪,૩૫૭ રન), કુમાર સંગકારા (૬૬૬ ઇનિંગ્સમાં ૨૮,૦૧૬ રન) અને રિકી પૉન્ટિંગ (૬૬૮ ઇનિંગ્સમાં ૨૭,૪૮૩ રન).

૧૪૭ વર્ષના ક્રિકેટના ઇતિહાસમાં નવો રેકૉર્ડ એ બનવાનો છે કે કોહલી કુલ ૬૦૦થી પણ ઓછી ઇનિંગ્સમાં ૨૭,૦૦૦ ઇન્ટરનૅશનલ રન પૂરા કરનારો વિશ્વનો પહેલો ક્રિકેટર બનશે. કોહલીએ અત્યાર સુધીમાં ૨૬,૯૪૨ રન ૫૯૧ ઇનિંગ્સમાં બનાવ્યા છે.

ઇન્ટરનૅશનલ સેન્ચુરીઝમાં કોહલી માત્ર ક્રિકેટિંગ-ગૉડ સચિનથી પાછળ છે. સચિને કુલ ૧૦૦ ઇન્ટરનૅશનલ સેન્ચુરી ફટકારી હતી, જ્યારે કોહલીના નામે ૮૦ સદી છે. પૉન્ટિંગે ૭૧ અને સંગકારાએ ૬૩ સેન્ચુરી ફટકારી હતી.

કોહલીએ ૨૬,૯૪૨ રનમાંથી ૮,૮૪૮ રન ટેસ્ટમાં, ૧૩,૯૦૬ રન વન-ડેમાં અને ૪૧૮૮ રન ટી-૨૦મા બનાવ્યા છે. ■

# બાંગ્લાદેશ સામે બુમરાહનું સ્પેશિયલ ડેબ્યૂ

## યૉર્કર-સ્પેશિયાલિસ્ટ પહેલી વાર બાંગ્લાદેશ સામે ટેસ્ટ રમશે



ચેન્નઈઃ આગામી ૧૯મી સપ્ટેમ્બરે ચેન્નઈમાં ચેપૉકના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે પ્રથમ ટેસ્ટ શરૂ થશે જેમાં કેટલાક કારણસર જોરદાર રસાકસી જોવા મળી શકે. મુખ્ય કારણ એ છે કે નજમુલ શૅન્ટોના સુકાનમાં બાંગ્લાદેશની ટીમ હજી આ જ મહિને પાકિસ્તાન સામે એની જ ધરતી પર ઐતિહાસિક ટેસ્ટ-જીત અને પછી ઐતિહાસિક સિરીઝ-વિજય મેળવીને ભારત આવી રહી છે એટલે રોહિત શર્મા ઍન્ડ કંપનીએ બાંગ્લાદેશીઓના જોશ અને ઝનૂન સામે ખૂબ સાવધ રહેવું પડશે. બીજું, જસપ્રીત બુમરાહ માટે આ સ્પેશિયલ ટેસ્ટ અને સ્પેશિયલ ડેબ્યૂ બની શકે. વાત એવી છે કે બુમરાહ ટેસ્ટ ફૉર્મેટમાં ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ, ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા, શ્રીલંકા અને વેસ્ટ ઇન્ડિઝ સામે રમ્યો છે, પરંતુ પાડોશી દેશ બાંગ્લાદેશ સામે રમવાનો તેને હજી મોકો નથી મળ્યો. એ રીતે, બાંગ્લાદેશ સામે તેનું સ્પેશિયલ ડેબ્યૂ બની રહેશે. બીજું, પાકિસ્તાનને સિરીઝમાં બે પછડાટ આપીને શ્રેણીમાં એનો ૨-૦થી વ્હાઇટવૉશ કરનાર બાંગ્લાદેશને બુમરાહે બતાવી દેવું પડશે કે પાકિસ્તાનને એની ધરતી પર હરાવી શકાય, પણ ભારતને એની પિચો પર હરાવવું લોઢાના ચણા ચાવવા જેવું છે. ■

# ગોલકીપરનો કૅમેરામૅનને લાફો

બૉગોટા (કોલમ્બિયા)ઃ એક ટીવી કૅમેરામૅને કહ્યું છે કે મંગળવારે કોલમ્બિયાએ વર્લ્ડ નંબર-વન અને ૨૦૨૨ના ફિફા વર્લ્ડ કપના ચૅમ્પિયન આર્જેન્ટિનાને ૨-૧થી હરાવ્યું ત્યાર બાદ આર્જેન્ટિનાના ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝે તેને તમાચો મારી દીધો હતો. જૉની જૅક્સન નામના આ કૅમેરામૅને કોલમ્બિયાના પત્રકારોને કહ્યું, 'મંગળવારની મૅચને અંતે રેફરીએ ફાઇનલ વ્હીસલ વગાડી ત્યાર બાદ હું મારા કૅમેરા સાથે માર્ટિનેઝ તરફ ગયો હતો. હું તેની નજીક પહોંચ્યો ત્યારે તે એક પ્લેયરને અભિનંદન આપી રહ્યો હતો. અચાનક જ માર્ટિનેઝે મારા કૅમેરાને હાથથી ફટકો માર્યો હતો જેમાં કૅમેરા નીચે પડી ગયો હતો. મારી ફૂટેજમાં એ ઘટના કેદ થઈ ગઈ હતી.'

જૅક્સને મીડિયામેનને વધુમાં કહ્યું, 'માર્ટિનેઝે મને લાફો મારી દીધો હતો. મને તેના પર બહુ ગુસ્સો આવ્યો. જેમ તે પોતાનું કામ કરી રહ્યો હતો એમ હું પણ મારું કામ કરી રહ્યો હતો. તે રમ્યો અને હું મારા કૅમેરાથી શૂટિંગ કરી રહ્યો હતો.' કોલમ્બિયાના સ્પોર્ટ્સ પત્રકારો અને ફોટોગ્રાફર્સ, કૅમેરામેનના સંગઠને માર્ટિનેઝને એક કે વધુ મૅચમાંથી સસ્પેન્ડ કરવાની માંગણી કરી છે. ■

# પૅરાલિમ્પિક્સના મેડલ વિજેતા ઍથ્લીટો સાથે પીએમ મોદી મજાકમસ્તીના મૂડમાં...

પીએમ મોદીએ ગઈ કાલે દિવ્યાંગ ઍથ્લીટ્સ સાથે બહુમૂલ્ય ક્ષણો વીતાવી હતી (જમણે). આ સમારંભનો ૪૩ સેકન્ડનો વીડિયો બહાર પડ્યો છે. અવનિએ પોતાના ગ્લવ્ઝ ભેટ આપ્યા હતા (જમણે, નીચે). (પીટીઆઇ)



નવી દિલ્હીઃ દિવ્યાંગ સ્પર્ધકો માટેની પૅરિસ પૅરાલિમ્પિક્સમાં ઇતિહાસ રચીને સ્વદેશ પાછા આવેલા ભારતીય ઍથ્લીટ્સ ગુરુવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા જેનો રસપ્રદ વીડિયો બહાર આવ્યો છે. પીએમ મોદી ગયા મહિને પૅરિસ ઑલિમ્પિક્સના ઍથ્લીટ્સને મળ્યા પછી હવે દિવ્યાંગ ઍથ્લીટ્સ સાથે પણ મજાકના મૂડમાં હતા અને તેમની સાથે હળવી પળો માણવા ઉપરાંત તેમની તેમ જ તેમના કોચની ભરપૂર પ્રશંસા પણ કરી હતી.

પૅરિસ પૅરાલિમ્પિક્સમાં ભારતીયો સાત ગોલ્ડ, નવ સિલ્વર અને તેર બ્રૉન્ઝ મેડલ સહિત કુલ ૨૯ મેડલ જીત્યા હતા અને પૅરાલિમ્પિક ગેમ્સના ઇતિહાસમાં ભારતનો આ નવો વિક્રમ છે.

૨૦૨૧ની ટોક્યો પૅરાલિમ્પિક્સમાં ભારત ૧૯ મેડલ જીત્યું હતું અને ૨૪મા સ્થાને રહ્યું હતું, પરંતુ આ વખતે ભારત વધુ ૧૦ મેડલ જીત્યું અને ૧૮મા નંબર પર રહ્યું.

ખરી વાત એ છે કે આ વખતે ભારતે કુલ પચીસ મેડલ જીતવાનું લક્ષ્ય રાખ્યું હતું અને એ લક્ષ્ય પાર કરવાની સાથે કુલ ૨૯ મેડલ સાથે ભારતીય સંઘ ફ્રાન્સથી પાછો આવ્યો છે. ગુરુવારે મોદી સાથેની મુલાકાત દરમ્યાન ખેલકૂદ પ્રધાન ડૉ. મનસુખ માંડવિયા અને ભારતીય પૅરાલિમ્પિક કમિટીના ચીફ દેવેન્દ્ર ઝાઝરિયા પણ હતા.

જુડોમાં ભારતને પૅરાલિમ્પિક્સનો પહેલો જ ચંદ્રક અપાવનાર બ્રૉન્ઝ-મેડલિસ્ટ કપિલ પરમારે પીએમ મોદીને મોમેન્ટો ગિફ્ટ આપ્યો હતો. મોદીએ પરમારને ઑટોગ્રાફ આપ્યો હતો. સતત બીજો પૅરાલિમ્પિક્સ ગોલ્ડ મેડલ જીતનાર શૂટર અવનિ લેખરાએ મોદીને પોતાના સ્પેશિયલ ગ્લવ્ઝ તથા જર્સી ભેટ આપ્યાં હતાં અને મોદીએ તેને ધન્યવાદ વ્યક્ત કરતો સંદેશ લેખિતમાં આપ્યો હતો. મોદીએ અવનિના માથા પર હાથ મૂકીને તેને આશીર્વાદ આપ્યા હતા.

સ્પોર્ટ્સ મિનિસ્ટ્રીએ આ મુલાકાતનો ૪૩ સેકન્ડનો વીડિયો તૈયાર કર્યો છે જે વાઇરલ થયો છે. એમાં પીએમ મોદીએ મેડલ વિજેતાઓને અભિનંદન આપ્યા એ સહિતની યાદગાર પળો આ વીડિયોમાં સામેલ છે.



રમતગમત ખાતાના પ્રધાન ડૉ. માંડવિયાએ સરકાર તરફથી દરેક ગોલ્ડ મેડલ વિજેતાને ૭૫ લાખ રૂપિયાનું, દરેક સિલ્વર મેડલ વિજેતાને ૫૦ લાખ રૂપિયાનું અને દરેક બ્રૉન્ઝ મેડલ વિજેતાને ૩૦ લાખ રૂપિયાનું ઇનામ આપવામાં આવ્યું છે. ■

# ૪, ૪, ૬, ૬, ૬, ૪ઃ સૅમ કરૅન માટે ટ્રૅવિસ હેડ બન્યો હૅડેક

## ઑસ્ટ્રેલિયાએ ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ ટી-૨૦ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ સાથે જીતી લીધી

સાઉધમ્પ્ટન (ઇંગ્લૅન્ડ)ઃ ઑસ્ટ્રેલિયાએ બુધવારે કટ્ટર હરીફ ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ શ્રેણીમાં ધમાકેદાર પર્ફોર્મન્સીસ સાથે વિજયી શરૂઆત કરી હતી. ઓપનર ટ્રૅવિસ હેડ (૫૯ રન, ૨૩ બૉલ, ચાર સિક્સર, આઠ ફોર) આ મુકાબલાનો મૅન ઑફ ધ મૅચ બન્યો હતો. તેણે એક તબક્કે બ્રિટિશ પેસ બોલર સૅમ કરૅનની ઓવરમાં (૪, ૪, ૬, ૬, ૬, ૪) કુલ ૩૦ રન ફટકાર્યા હતા. તેની એ ફટકાબાજીથી ઑસ્ટ્રેલિયાનો સ્કોર ૪૧/૦થી ૭૧/૦ ઉપર પહોંચી ગયો હતો. હેડે ૧૯ બૉલમાં ૫૦ રન પૂરા કર્યા હતા.

ઑસ્ટ્રેલિયાને બૅટિંગ મળી ત્યાર બાદ એણે જે ૧૭૯ રન બનાવ્યા એમાં હેડ ઉપરાંત મૅથ્યૂ શૉર્ટ (૪૧ રન) અને વિકેટકીપર જૉશ ઇંગ્લિસ (૩૭ રન)ના પણ મહત્ત્વના યોગદાન હતા. બ્રિટનના લિવિંગસ્ટને ત્રણ તેમ જ આર્ચર અને મહમૂદે બે-બે વિકેટ લીધી હતી.

ઇંગ્લૅન્ડની ટીમ ૧૯.૨ ઓવરમાં ૧૫૧ રને આઉટ થઈ જતાં ઑસ્ટ્રેલિયાનો ૨૮ રનથી વિજય થયો હતો. ઑસ્ટ્રેલિયાની બોલિંગમાં શૉન અબૉટ (૨૮ રનમાં ત્રણ), ઍડમ ઝૅમ્પા (૨૦ રનમાં બે), જૉશ હૅઝલવૂડ (૩૨ રનમાં બે)ની મુખ્ય ભૂમિકા હતી.

હવે બીજી ટી-૨૦ શુક્રવારે (ભારતીય સમય મુજબ રાત્રે ૧૧.૦૦ વાગ્યાથી) રમાશે. ■

પ્રતીક્ષાનો અંતઃ અંક પ્રગટ થઇ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

આરંભઃ ઈ.સ. ૧૮૧૪ ▪ વર્ષઃ ૨૧૧

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ

મુંબઈ સમાચાર

▪ વિક્રમ સંવત ૨૦૮૧-૮૨
▪ શાલિવાહન શક સંવત ૧૯૪૬-૪૭
▪ ઈ.સ. તા. ૦૨-૧૧-૨૦૨૪ થી તા. ૧૯-૦૩-૨૦૨૬

કિંમતઃ ₹ ૧૦૦/-



સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર ૩૫૨ પૃષ્ઠનો દળદાર અંક

માહિતી માટે સંપર્ક કરોઃ ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩

મુંબઈ સમાચાર — રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી — ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬

# મેટિની

કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી

# રોલ તો જોખીને જ સ્વીકારવાનો...

## શ્રીદેવીની દીકરી જહાન્વી કપૂર મમ્મી જેટલી ટેલેન્ટેડ નથી, પણ એના પરફોર્મન્સ સંકેત જરૂર આપે છેકે એની આવતી કાલ જરૂર ઉજળી છે



શ્રીદેવી - બોની કપૂરની દીકરી જહાન્વી કપૂર હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં છ વર્ષથી કામ કરી રહી છે, પણ એના નામ સાથે એક સુધ્ધાં હિટ ફિલ્મ નથી બોલતી. તેમ છતાં અત્યાર સુધીની દરેક ફિલ્મમાં મહત્ત્વધરાવતા રોલ માટે એની પસંદગી થતી રહી છે. જોકે, જહાન્વીને બિગ બેનરની ફિલ્મ હોય એટલે કોઈ પણ રોલ સ્વીકારી લેવો એવું ધોરણ નથી રાખ્યું. રોલની નોંધ લેવાશે એવું લાગે તો જ એ સ્વીકારવાનો એવા વલણને એ વફાદાર રહી છે. શો-કેસની ઢીંગલી બનવામાં એને કોઈ રસ નથી. દમદાર રોલ ન હોય તો એ ફિલ્મમાં કામ કરવાથી કરિયરને કોઈ લાભ થશે કે કેમ એ વાતને પણ મહત્ત્વ શ્રીદેવીની પુત્રી આપે છે.

જ્યારે પણ કોઈ ઓફર આવે ત્યારે હું જાતને પહેલો સવાલ એ કરું છું કે આ ફિલ્મ કરવાથી મને કંઈ શીખવા મળશે ખરું? રોલ સ્વીકારવાનું કે નકારવાનું મારું આ ધોરણ યોગ્ય છે કે એનાથી મને આર્થિક લાભ થાય કે નહીં એ હું નથી જાણતી, પણ હું નિર્ણય આ જ રીતે લઉં છું. 'ઘોસ્ટ સ્ટોરીઝ'માં મારો રોલ મોટો ન હોવા છતાં ડિરેક્ટર ઝોયા અખ્તર હતી એટલે હું કામ કરવા તૈયાર થઈ. ઝોયા સાથે કામ કરવાની તક કોણ ગુમાવે? એના સાનિધ્યમાં રહીને કશુંક શીખવા મળશે અને એક એક્ટ્રેસ તરીકે મારો વિકાસ થશે એ આશય સાથે કામ કરવા માટે તૈયાર થઈ હતી. અને મારી ધારણા સાચી ઠરી. અફલાતૂન અનુભવ રહ્યો ઝોયા અખ્તર સાથે કામ કરવાનો. અમને ઘણું શીખવા મળ્યું. એક્ટિંગ અને ફિલ્મો મને બેહદ પસંદ છે. દરેક ફિલ્મ સાથે મારું કામ બહેતર બને એ મારી પ્રાયોરિટી છે.


ટૂંકમાં રોલ જોખીને પછી જ સ્વીકારવાનો એવું જહાન્વી માને છે.ના પાડવાની હિંમત જહાન્વી કપૂરમાં છે. એસ. એસ. રાજામૌલી 'આરઆરઆર' માટે કાસ્ટિંગ કરી રહ્યા હતા ત્યારે જુનિયર એનટીઆર સામે જહાન્વીને રોલ ઓફર કરવામાં આવ્યો હતો. રાજામૌલીના બેનરની ફિલ્મની ઓફર લોભામણી તો હતી જ, પણ માત્ર મોટા બેનર સાથે જોડાવાનો મોહ અભિનેત્રીએ જતો કર્યો. એ માટે એનું કારણ સ્પષ્ટ હતું. ફિલ્મમાં આલિયા ભટ્ટના રોલને જેટલું પ્રાધાન્ય મળે છે એવું ફોકસ પોતાના રોલ માટે નથી એવું લાગતા જહાનવીએ પ્રેમથી ના પાડી દીધી હતી. મજેદાર વાત એ છે કે અગાઉ શ્રીદેવીએ પણ 'બાહુબલી'માં દેવસેનાના રોલ માટે રાજામૌલીને ના પાડી હતી. અલબત્ત, એ વખતેકારણ મહેનતાણું - પૈસાનું હતું એમ કહેવાયુંહતું. જહાનવીએ 'આરઆરઆર' માટે ના પાડી શો-કેસની ઢીંગલી બનવામાં કોઈ રસ નથી એ ફરી એકવાર સાબિત કર્યું છે.

જોકે, આલિયા ભટ્ટને મળશે એવું માનવામાં આવતું હતું એ રોલ જ્યારે ઓફર થયો ત્યારે જહાનવીએ તરત હા પાડી દીધી. નિર્માતા કરણ જોહર અને દિગ્દર્શક શશાંક ખૈતાનજોડીની બે રોમેન્ટિક કોમેડી 'હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા' અને 'બદ્રીનાથ કી દુલ્હનિયા' સિરીઝની ત્રીજી ફિલ્મ 'સની સંસ્કારી કી તુલસી કુમારી'માં વરુણ ધવન સાથે લીડ રોલ જહાન્વી કરી રહી છે. રોલ દમદાર હશે જ, કારણ કે આલિયા ભટ્ટ વિશે વિચાર થયો હતો અને આલિયા ઢીંગલીનો રોલ તો સ્વીકારે નહીં જ ને. આ સિવાય એક ફિલ્મમાં એને ડબલ રોલ ઓફર થયો હતો, જેમાં એક પાત્ર ગંભીર હતું જ્યારે બીજું રમતિયાળ પ્રકૃતિનું હતું. આ ફિલ્મ કરવાથી સિનેપ્રેમીઓ તરત પોતાની સરખામણી 'ચાલબાઝ'ની શ્રીદેવી સાથે કરશે એવું લાગતા જહાનવીએ ડબલ રોલ માટે ના પાડી દીધી હતી.

પંકજ પરાશર દિગ્દર્શિત 'ચાલબાઝ' (૧૯૮૯)માં શ્રીદેવીનો ડબલ રોલ હતો. આ ઉપરાંત , શ્રીદેવીની બાયોપિકમાં કામ કરવાની પણ પુત્રીએ સાફ ના પાડી હતી. અલબત્ત, એ માટે કોઈ કારણ જણાવ્યું નહોતું. એમ તો 'ધડક' પહેલા એ. આર. મુરગદાસ (આમિર ખાનની 'ગજની'ના ડિરેક્ટર) મહેશ બાબુ સાથે એક તેલુગુ ફિલ્મમાં જહાન્વીને લેવા ઉત્સુક હતા, પણ ઉંમરમાં બહુ તફાવત (મહેશ બાબુ જહાન્વી કરતા ૨૪ વર્ષ મોટા છે) હોવાથી એક્ટ્રેસે ના પાડી દીધી હતી. દેવ આનંદ કરતાં અડધી ઉંમરની એક્ટ્રેસ દેવસા'બની હીરોઈન બનવા તૈયાર થઈ જતી એ યુગ હવે સમાપ્ત થઈ ગયો છે. આજની જનરેશનના મોટાભાગના કલાકાર 'તોલ મોલ કે બોલ' સિદ્ધાંતમાં માને છે.

જહાન્વી 'દેવરાઃ પાર્ટ વન' નામની તેલુગુ એક્શન ફિલ્મમાં પણ કામ કરી રહી છે. આ ફિલ્મ સાઉથની અન્ય ત્રણ ભાષા ઉપરાંત હિન્દીમાં પણ ડબ કરવામાં આવશે. ૩૦૦ કરોડના બજેટમાં તૈયાર થઈ રહેલી આ ફિલ્મ આવતા મહિને રિલીઝ થવાની છે અને એમાં જહાન્વી જુનિયર એનટીઆર સામે લીડ રોલ કરી રહી છે. આ ફિલ્મમાં એનો રોલ બહુ પ્રભાવશાળી નથી, પણ સાઉથની ફિલ્મોમાં કામ કરવાથી ઘણું શીખવા મળતું હોવાથી આ ફિલ્મ તેણે સ્વીકારી છે.

જહાન્વીની પહેલી ફિલ્મ 'ધડક' ૨૦૧૮માં રિલીઝ થઈ હતી. મરાઠી ફિલ્મ 'સૈરાટ'ની આ રી-મેકને ભવ્ય સફળતા નહોતી મળી, પણ સારો વકરો કર્યો હતો. ફિલ્મમાં જહાનવીના પર્ફોર્મન્સે આશા જરૂર જગાવી હતી. 'રુહી', 'ગુંજન સક્સેના', 'બવાલ', 'મિલી' તેમ જ આ વર્ષે રિલીઝ થયેલી 'મિસ્ટર એન્ડ મિસિસ માહી' અને 'ઉલઝ'માં જહાનવીની એક્ટિંગ ઉત્તરોત્તર બહેતર થતી નજરે પડી છે. મમ્મી શ્રીદેવી જેવું અભિનય કૌશલ જહાન્વી પાસે નથી, પણ દરેક ફિલ્મ પછી આવતી કાલ વધુ ઉજળી હોવાનો સંકેત એ જરૂર આપે છે. ■



કુંદન શાહ

# કોમનમેનનો જિનિયસ ગુજરાતી ડાયરેક્ટર

ડ્રેસ-સર્કલ

સંજય છેલ

એણે કારકુન જેવું ટેરેલીનનું શર્ટ, લૂઝ પેંટ, ફાટેલાં જૂતાં અને લાંબી છત્રી પકડીને પહેલી ફિલ્મ બનાવેલી. એ નખશિખ મિડલક્લાસ ગુજરાતીના દેખાવ પર, ફિલ્મ લાઇનમાં સૌ મજાક કરતું, પણ એણે ૧૯૮૨માં માત્ર ચાર જ લાખના બજેટમાં કલ્ટ-કોમેડી હિટ ફિલ્મ 'જાને ભી દો યારોં' આપી. ત્યાર બાદ, યે જો હૈ ઝિંદગી-નુક્કડ- સર્કસ-મનોરંજન- વાગલે કી દુનિયા જેવી ૧૯૮૦-૯૦ના દાયકાની સુપરહિટ અને સેન્સિબલ ટીવી સિરિયલો બનાવીને લાખો રૂપિયા કમાયો.. તેમ છતાંય એક કરકસરિયા ગુજજુની જેમ એ મુંબઇની ભીડ ભરી બસમાં પ્રવાસ કરતો ને જૂની સ્ક્રિપ્ટ્ના કાગળો પાછળ નવી સ્ક્રિપ્ટ લખતો!

એ માણસે નેશનલ એવોર્ડ વનર 'જાને ભી દો યારો' જેવી ક્લાસિક ફિલ્મ બનાવી હતી છતાંયે ૧૧ વરસ સુધી બીજી ફિલ્મઃ 'કભી હાં, કભી ના' બનાવવા જાલિમ સંઘર્ષ કર્યો.પછી એને સંજય દત્ત અને કુમાર ગૌરવની સુપરહિટ 'નામ' ફિલ્મ માટે એક જમાનાના સ્ટાર અને નિર્માત રાજેનંદ્રકુમારે એને સાઇન કરેલો, પણ પછી જિદ્દી સ્વભાવને કારણે વાત બની નહીં. એણે છેક દિલ્હીથી મુંબઇ સુધી શાહરૂખ નામના નવા છોકરાને બોલાવીને નેશનલ લેવલ પર ચમકાવેલો. એ માણસ એટલે ગુજરાતનું ગૌરવઃ કોમનમેનનો ડિરેક્ટર કુંદન શાહ...!

થોડાં વરસ અગાઉ ૭ ઓક્ટોબર -૨૦૧૭ના રોજ ઉંઘમાં જ વિદાય લેનાર ફિલ્મકાર કુંદન શાહ, જો ના હોત તો હું ક્યારેય કોમેડી કે સેટાયરવાળી ફિલ્મો-સિરિયલો લખી ના શકયો હોત. મારા જેવા અજાણ્યા લેખકને કુંદને 'નુક્કડ' માં સ્ક્રિપ્ટ લખવા આપી. કુંદન ના હોત તો મને છેવાડાના માણસો, કોમનમેન વિશે વિચારવાની લિબરલકે ઉદારમત વાળી દ્રષ્ટિ જ ના મળી હોત.

૧૯૮૦-૯૦ના દાયકાના ફિલ્મજગતમાં ખૂબ ભેદભાવ હતો. અમારા જેવા કૈં કેટલાય સ્ટ્રગલરોનું એક કાયમી ઠેકાણું કે જાણે માવતર હતુંઃ કુંદન અને સઈદ-અઝિઝ મિર્ઝાની ઓફિસ. જ્યાં ગમે ત્યારે કારણ વિના પણ જઇને હું, નીરજ વોરા, આશુતોષ ગોવારિકર વગેરે કડકા કલાકારો ત્યાં બિંદાસ લંચ લઇ શકતા. કુંદન અને મિર્ઝા બંધુઓ એવા ઉદાર હતા કે ટીવી સિરિયલનો પોતાનો પ્રોફિટ સૌ કલાકારો - ટેક્નિશિયનોમાં સરખે ભાગે વહેંચી દેતા! મારા જેવા નવા લેખકને સામેથી બોલાવીને છેક ૧૯૯૪માં ૧૦,૦૦૦ રૂ.નો ચેક આપતા ને મારું ગુજરાન ચાલે માટે મહિનામાં વધુમાં વધુ એપિસોડ લખવા આપતા. (અત્યારે નામ લઇને નિંદા નથી કરવી, પણ આજના ગુજરાતી નિર્માતાઓ કરોડો કમાઇને લેખકોના લાખો રૂપિયા અટકાવી કે ગપચાવી રાખે છે.) ગુજરાતી માધ્યમમાં ભણેલા મારા જેવાને કુંદન અને અઝિઝ મિર્ઝાએ અંગ્રેજીમાં લખતો-બોલતો કર્યો. મારા જેવા અનેકોના વિચારોમાં સિસ્ટમ સામે સવાલ કરવાના વિચારો વાવ્યા. વિશ્વ સિનેમાનું ગ્રામર શીખવ્યું.

આવા એ કુંદન અને મિર્ઝાબંધુઓની ઓફિસમાં મારા જેવા જ અનેક સ્ટ્રગલરોમાંનો એક હતોઃ શાહરૂખ ખાન! એ દિલ્હીથી આવીને કુંદન અને મિર્ઝાભાઈઓની ઓફિસમાં મહિનાઓ સુધી મફતમાં રહેતો. કમીની કમર્શિયલ ફિલ્મ ઈંડસ્ટ્રીમાં આવું આજે કે ત્યારે કે ક્યારે પણ આવી દરકાર કોણ કરતું?

કુંદન શાહની જ ફિલ્મમાં મજરૂહ સુલ્તાનપુરીનું અદ્ભૂત ગીત હતુંઃ 'વો તો હૈ અલબેલા, હઝારોં મેં અકેલા'. કુંદન શાહ, ખરા અર્થમાં અલબેલા કલાકાર હતા. કુંદન શાહની વ્યંગાત્મક ફિલ્મ 'જાને ભી દો યારો' જે દેશની ૧૦૦ મહાન ફિલ્મોમાં ગણાય છે એની વિચિત્ર સ્ક્રિપ્ટ કુંદને પોતે લખેલી. આમ તો પોતે કુંદન, એ હદે કંજૂસ કે વડાપાંઉ પણ એ રીતે વિચારીને ઓર્ડર કરે જાણે કોહિનૂર હીરો ખરીદતો હોય ! પણ એ દિલનો એવો દિલાવર કે 'નુક્કડ' સિરિયલમાં ૩૦-૩૦ કલાકારોને રોજીરોટી મળે માટે એવી સ્ક્રિપ્ટ લખાવડાવે.. જો કોઈ કલાકારની એમાં રોલ ના હોય તો સામેથી કહેઃ યાર સંજય, પેલા એક્ટરના એકાદ-બે ડાયલોગ નાખી દે..બિચારાની એક એંટ્રીથી એને એપિસોડનાં પૈસા મળી જાય !

ખબર નહીં કેમ, આપણા એ અદના ફિલ્મમેકરને ગુજરાતી સમાજે ક્યારેય પોતાનો ગરવો ગુજરાતી ગણ્યો જ નહીં. ૧-૨ ગુજરાતી ફિલ્મ અને દોઢ-બે વેબસિરીઝ બનાવનારાઓને કે ગરબા ગાયકો કે લોકસાહિત્યને નામે હસાયરા' કરનારાઓને વારેવારે વધાવનાર ગુજરાતી છાપાં-મેગેઝિન-ચેનલ કે મીડિયાએ ભાગ્યે જ કદીક કુંદન શાહને એક પોતિકા ગુજરાતી ફિલ્મ-મેકર તરીકે નવાજયો.

કુંદન શાહ, એ હસ્તી હતી કે જેની સેંસ-ઓફ-હ્યુમર પર વિખ્યાત કાર્ટૂનિસ્ટ આર.કે. લક્ષ્મણ પણ ફિદા હતા. 'વાગલે કી દુનિયા' (આજની નહીં,૧૯૯૨-૯૩ની) સિરિયલ લક્ષ્મણનાં કાર્ટૂનોમાં આવતા 'કોમનમેન' પર આધારિત હતી. હકીકતમાં કુંદન શાહ, પોતે જ ખરો 'કોમનમેન' હતો.




જે સિસ્ટમ, સરકાર કે સમાજ સામે હસતાં-હસાવતાં અંદરનો આક્રોશ પ્રગટ કરતો. ખરેખર તો કુંદન શાહ જેટલો કોમનમેન હતો એટલો જ ફિલ્મ લાઈન માટે અન-કોમન હતો. શાહરૂખ જેવા સ્ટારને પણ ૩૫-૪૦વાર એકનો એક શોટ ફરી ફરી રી-ટેક કરાવીને થકવી દે ને સૌની સામે એની ઓવર-એક્ટિંગ માટે ટીકા પણ કરી શકે એવો નિર્દેશક હતો. કુંદન શાહે ૧૯૮૫માં ભારતની પહેલી સુપર હિટ કોમેડી સિરિયલ 'યે જો હૈ ઝિંદગી' બનાવેલી, જેમાં સંવાદો લખવા માટે એ હિંદી વ્યંગકાર શરદ જોષીને પહેલીવાર લઈ આવેલ. કુંદનના અવસાન બાદ નસીરુદ્દીન શાહ જેવા અંહકારી અભિનેતાએ કહેલુંઃ જાને ભી દો..ફિલ્મનાં શૂટિંગ દરમિયાન એ ફિલ્મમાં કે કુંદનમાં મને જરાયે ભરોસો નહોતો...પણ કુંદન જિનિયસ હતો.!

કુંદનને આમેય એકટરો અને સ્ટાર્સ સામે વાંધા હતાં. 'કભી હાં કભી ના' ફિલ્મ પછી શાહરૂખે કયારેય કુંદન સાથે કામ ના કર્યું, કારણકે કુંદન એને એકટિંગ વિશે ખરેખરું સંભળાવી દેતો. કુંદન કોમેડી ફિલ્મમાં પણ ચકાસી ચકાસીને પૂછતાઃ યાર, ઇસ મેં આત્મા કહાં હૈ? પોએટ્રી કહાં હૈ?! મૃત્યુના થોડાં જ મહિના પહેલા મને ફોન કરીને કુંદનભાઇએ કહેલુંઃ સંજય, ફસાઈ ગયો છું. એક કમર્શિયલ પ્રોડ્યુસરે મને મોટી ફિલ્મ માટે સાઈન કર્યો છે. શું કરું, યાર?

મેં કહેલુંઃ અરે, તમે નહીં, પેલો પ્રોડ્યુસર ફસાયો છે!'

એ પછી અમે બહુ હસેલા. બસ છેલ્લીવાર..! ■




# ચામાં ડૂબેલી બિસ્કિટ ને સાથ ન આપે એ સાથી....એ બંને નકામાં !

અરવિંદ વેકરિયા

સનતે મિત્ર ભાવે મદદ કરી- શોમાં સરસ ગોઠવાય ગયો. એનું કમિટમેન્ટ પૂરું થયા પછી મારે ફરી એના રિપ્લેસમેન્ટની શોધ આદરવી પડશે, પણ ખરાં સમયે એણે સાથ આપ્યો અને નાટક સંભાળી લીધું. બાકી,ચામાં ડૂબેલી બિસ્કિટ અને સાથ ન આપે એ સાથી, બંને નકામાં.

હવે મારે ટેન્શન હતું કુમુદ બોલેની જ્ગ્યાએ ભૈરવી શાહને ગોઠવવાનું. કુમુદ બોલેએ મને બાહેંધરી આપી કે 'હું ભૈરવીને મારી રીતે તૈયાર કરી દઈશ, લગ્ન પછી જ્યારે હું સાસરે સીધાવીશ ત્યારે ભૈરવીને પૂરી તૈયાર કરી દાદુ, તમને આપીશ. પછી તો તમે એક-બે દિવસમાં બીજા કલાકારો સાથે સહેલાઇથી મિક્ષ કરી દેશો.'

મને એમની આ વાતથી ઘણી રાહત મળી હતી. બાકી લગ્ન માથા પર હોય ત્યારે કોણ આવી તૈયારી બતાવે? મને તો અનુભવ છે કે કોઈને એક કલાકાર તરીકે મદદ કરવાં જઈએ તો સાથી કલાકારો રિહર્સલમાં પણ નથી સહકાર આપતા. આવો અનુભવ મને નાટક 'પિતૃ દેવો ભવઃ ' માં, સ્વ.ચંદ્રકાંત ઠક્કરનું રિપ્લેસમેન્ટ કરવામાં થયેલો. એમનું પ્રોડક્શન સંભાળનાર ભરત જોશી (ભ.જો.)એ મને રિહર્સલ કરાવેલાં. એક માત્ર એ નાટક સાથે સંકળાયેલા મુકેશ રાવલ મને રિહર્સલ આપવા આવેલા. બીજા ઘણાં નામી કલાકારોમાંથી કોઈ નહોતું આવ્યું. મારે એક જ દિવસમાં સંવાદો અને મુવમેન્ટ સાથે તૈયાર થવાનું હતું. શો બીજા દિવસે હુબલીમાં હતો. કોઈએ નૈતિક ફરજ ન બજાવી. હકનો હલવો સૌને ભાવે પણ ફરજની ફાકી કોઈએ નથી ખાવી...બાકી આ નાટકમાં સનત મિત્ર તરીકે તો કુમુદ બોલે પોતાની નૈતિક ફરજ સમજી મને પ્રોત્સાહિત કર્યો.

'થોડાં વધુ શો થયા. કુમુદ બોલેની લગ્નની તારીખ નજીક આવતી હતી. એક શોમાં મને એમણે કહ્યું : દાદુ, આજે આ મારો છેલ્લો શો છે. લાઈનમાં કોઈને કીધું નથી, પણ તમે આવજો. ભૈરવી લગભગ તૈયાર થઈ ગઈ છે. તમે એક-બે દિવસ રિહર્સલ કરી લેજો.'

હું કુમુદબહેનનાં લગ્નમાં ગયેલો. એમને અને એમનાં સિંધી ફિયાન્સને 'શુભેચ્છા' આપી તો સામે કુમુદબહેને પણ મને ભૈરવી સાથે શરૂ થતાં શો માટે 'શુભકામના' આપી. એના પછીના બીજાં બે દિવસ જવા દીધા. પછી ભૈરવીબહેન સાથે રિહર્સલ રાખ્યાં. ખરેખર, કુમુદબહેનની મહેનત મને દેખાઈ આવી. મુવમેન્ટ સાથે એમણે ભૈરવીબહેનને બરાબર 'રેડી' કરી દીધેલા.

અહીં એક વાત કહી દઉં કે એના લગ્નની 'શુભેચ્છા' પછી કુમુદ બોલેનો આજ સુધી મને સંપર્ક નથી થયો. ત્યાં સુધી કે ભૈરવીબહેને પહેલો શો કર્યો પછી મેં એમને ફોન કર્યો, એક નહિ, સતત અઠવાડિયું ફોન કરતો રહ્યો પણ ક્યારે'ય કોન્ટેક્ટ ન કરી શક્યો એનો મને અફસોસ છે. કુમુદ બોલેએ એક સહ-કલાકાર તરીકે કરેલો ઉપકાર મને હંમેશાં યાદ રહેશે.

દિલમાં એ જ વસે છે જેનું મન સાદું હોય, કરી છૂટવાની ભાવનાવાળું હોય કેમ કે સોયમાં એ જ દોરો પ્રવેશ કરી શકેછે, જેમાં કોઈ ગાંઠ ન હોય. જેટલા શો કુમુદબહેને કર્યા એમાં એક પરિવારના સભ્યની જેમ રહ્યાં. મારા આટલા બધા સિનિયર હોવા છતાં પણ સહાયરૂપ રહ્યાં. કોઈ કલાકાર સાથે એમને ક્યારે'ય કોઈ વાતે વાંધો નહોતો પડ્યો. કદાચ એમનો સ્વભાવ એવો હતો કે કઈ ખરાબ કરવાનો વિચાર આવે તો કાલ પર ટાળો અને કઈ સારું કરવાનો વિચાર આવે તો આજે જ કરી નાંખો એટલે જ કોઈ કલાકાર સાથે એમને રહ્યાં ત્યાં સુધી વાદ-વિવાદ ન થયો.

સનત તો સેટ થઈ ગયો હતો. ભૈરવી પણ પહેલા શો પછી નિખરી આવ્યાં . એ પણ મારા સિનિયર અને અભિનેત્રી પણ ઉમદા. પહેલા શો પછી મને કહે : ટપુડા, બરાબર કર્યું ને?' મેં કહ્યું : 'પ્લીઝ, ટપુડાને શરમાવો નહિ. ! '

શો ચાલતા રહ્યાં. અમદાવાદમાં નલીન દવે, મહેશ વૈદ્ય, અને હસમુખ ભાવસાર જેવા ત્યાંનાં જાણીતાં કલાકારોને લઈ મોટે ઉપાડે શરૂ કરેલું આ જ નાટક, રાજકોટ પછી ગુજરાત-સૌરાષ્ટ્રનું બીજું કોઈ ગામ ન જોઈ શક્યું. જો કે પૈસા રોકનાર નિર્માતા તુષાર શાહની જ ઇચ્છા નહોતી એટલે આગળ કોઈ પ્રયત્ન કરવાનું જ મુલતવી રાખ્યું. અભય શાહ તો હતા જ એમની સાથે ત્યાના જાણીતા ધનજી સોલંકી, જે ગુજરાતનાં પ્રમાણ પત્ર મેળવી આપવાનું કામ કરતાં. મુંબઈનાં નિર્માતા મુંબઈથી સ્ક્રિપ્ટ મોકલે એટલે ગુજરાતમાં એ નાટક ભજવવા માટે રાઈટ્સ તો જોઈએ.

એનું પ્રમાણપત્ર સચિવાલયમાંથી મેળવવું પડે. એ કામ ધનજી સોલંકી સુપેરે કરી આપતા. ક્યારેક ઈમરજન્સીમાં એક-બે દિવસમાં પણ કાઢી આપતા. સમજોને કે એ કામ માટે એમની મોનોપોલી હતી. હા, થોડો ચાર્જ લેતા. આમ પણ એ એમની દોડાદોડીનો જ ચાર્જ હતો. એ ક્યારેક અભયભાઈ સાથે અમુક શો પણ આયોજિત કરતાં. ( આજે આ બંને- અભયભાઈ અને ધનજીભાઈ આ દુનિયામાં નથી.) એ બંને અમારું નાટક જે રીતે મુંબઈમાં ધૂમ ચાલી રહ્યું હતું એ વાતથી માહેર તો હતા જ. અભયભાઈએ શરૂઆતમાં અમદાવાદમાં અમને મદદ કરી. એમને


નાટકનાં એક દ્રશ્યમાં સનત વ્યાસ

આશા હતી કે મુંબઈમાં ધૂમ મચાવતું નાટક અમદાવાદમાં અને આજુબાજુનાં શહેરોમાં પણ ધૂમ મચાવશે, પણ એ આશા ઠગારી નીકળી. એમને થયું કે મુંબઈના કલાકારો સાથે ભજવાતું આ નાટક અહીં ભજવવાની ટ્રાય કરવી જોઈએ. એમણે ધનજી સોલંકીને ભાગીદાર બનાવ્યા. અમને ફોન કરી બે શો માટે આમંત્રણ આપ્યું. શો ભાવનગર ખાતે ભજવવાના હતા.

મેં બીજે દિવસે ફોન કરી ભટ્ટસાહેબને જણાવ્યું.ભટ્ટ સાહેબ મને કહે : જોયું? તમે અમદાવાદ માટે મને કહ્યું ત્યારે મેં શા માટે જોડવાની ના પાડેલી? ત્યારે જ કહ્યું હતું કે 'આપણે આ ટીમ સાથે જઈશું. તુષારભાઈને વધુ કમાવું હતું. મેં ના પાડી તો એકલા મંડી પડ્યા. સહુનો સાથ રાખવો પણ સાથમાં સ્વાર્થ ન રાખવો. ખેર, હા પાડી દે, પણ રવિવાર છોડીને. આપણા હાઉસફૂલ જતા શો છોડીને નહિ.'

મેં અભયભાઈને ભટ્ટસાહેબની વાત 'રવિવાર છોડીને' જણાવી ભાવનગર માટે લીલી ઝંડી આપી દીધી.

***

હું નથી આકાશ કે મને અઢળક તારા મળે, જીવનમાં એક આશ છે મને મારા મળે.

***

ડબલ રિચાર્જ

ટિચરઃ A.B.C.D. બોલ ટેણિયા...
ટેણિયોઃ A.B.C.D.H.L.
ટિચરઃ G F ક્યાં?
ટેણિયોઃ એ આપણા નસીબમાં જ નથી.

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# ‘તુમ મુજે યૂં ભુલા ના પાઓગે’

## રાજ કપૂરની મ્યુઝિક ટીમના હોનહાર સર્જક હસરત જયપુરીનું યોગદાન જેટલું માતબર છે એટલી પ્રશંસાના હકદાર એ નથી બની શક્યા

હિન્દી ફિલ્મ સંગીતના ગોલ્ડન પિરિયડની વાત નીકળે ત્યારે ગીતકાર તરીકે પહેલા બે નામ સાહિર લુધિયાનવી અને શૈલેન્દ્રના જ આવે. સાહિરસાબ એટલે ક્રાંતિકારી સર્જક, શૈલેન્દ્રનાં ગીતોમાં જીવનની વાસ્તવિકતા ટપકતી. આ દોરમાં હસરત જયપુરી નામના ગીતકારે પણ ડંકો વગાડ્યો, જેમની કલમમાંથી પ્રેમ નીતરતો હતો. લવ સોંગ્સ પર એમની ફાવટ હતી તો આશા - અરમાન વ્યક્ત કરતા ફિલોસોફિકલ સોંગ્સ તેમ જ કેટલાંક હળવાં રમૂજી ગીતોની ભેટ પણ એમણે આપી છે.

આ ૧૭ સપ્ટેમ્બરે હસરત સાહેબની ૨૫મી પુણ્યતિથિ છે એ નિમિત્તે એમની ફિલ્મી ગીત સફરની એક-બે ઓછી જાણીતી બાજુ પર પ્રકાશ પાડવાનો પ્રયાસ વાચકોને જરૂર ગમશે.

હસરત અને શૈલેન્દ્ર એ બન્ને રાજ કપૂરની ફિલ્મોનાં સંગીતનાઆધાર સ્તંભ. શૈલેન્દ્રને રાજ કપૂરે શોધી કાઢ્યા હતા તોહસરત જયપુરી પર પૃથ્વીરાજ કપૂરની નજર પડી હતી. સદનસીબે બંને ગીતકાર, પણ એમની વચ્ચે કોઈ સ્પર્ધા નહોતી. રાજ કપૂરની ફિલ્મોમાં બંને ગીતકારનેમોકો મળતો. ‘બરસાત’થી (૧૯૪૯) હસરત જયપુરી - શૈલેન્દ્ર રાજ કપૂર સાથે જોડાયા અને ‘તીસરી કસમ’ (૧૯૬૬) સુધી આ જોડી અતૂટ રહી. શૈલેન્દ્રનું અકાળે અવસાન જ એમને છૂટા પાડી શક્યું. બંનેને એકબીજાના હુન્નર માટે અપાર આદર હતો અને એનું સર્વોત્તમ પ્રમાણ છે ‘તીસરી કસમ’.

ગીતકાર શૈલેન્દ્ર ખુદ આ ફિલ્મના પ્રોડ્યુસર હતા. ફિલ્મમાં ૧૧ ગીત છે, જેમાંથી એક લોકગીત છે અને બાકીના દસે દસ ગીત શૈલેન્દ્રને લખતા કોઈ રોકી ન શક્યું હોત અને એમની ક્ષમતા સુધ્ધાં હતી, પણ ના, ૧૭ વર્ષના સાંનિધ્યને કારણે પ્યાર - મોહબ્બત - ઈશ્ક ઘૂંટવામાં હસરતજી અવ્વલ છે એ શૈલેન્દ્ર જાણતા હતા એટલે જ ‘તીસરી કસમ’માંબે ગીત હસરત જયપુરી પાસે લખાવ્યા. એમાંથી એક ’દુનિયા બનાનેવાલે ક્યા તેરે મનમેં સમાઈ’ આજે પણ સંગીત રસિયાઓના હૈયામાં સચવાઈને પડ્યું છે.

હસરત જયપુરીનું પ્રથમ ગીત ’’જીયા બેકરાર હૈ છાઈ બહાર હૈ, આજા મોરે બાલમા તેરા ઈંતઝાર હૈ’ -ને અફાટ લોકપ્રિયતા મળી હતી. આ ગીત ગાનારાં લતા મંગેશકરે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ’પોતાની આવડતનું માર્કેટિંગ કરવાની આવડત એમની (હસરત ) પાસે નહોતી. બહુ ઓછા લોકો જાણે છે કે હસરત જયપુરી માટે રાજ કપૂરને ખૂબ માન હતું. આર. કે. ફિલ્મ્સ માટે તેમણે કેટલાક સુપર હિટ સોન્ગ લખ્યાં , જેમાંથી કેટલાંક ગાવાની તક મને મળી હતી.’

લતા દીદીએ ગાયેલાં હસરત સાહેબનાં ગીતોની યાદીમાં એક ગીત છે ‘સંગમ’નું ‘યે મેરા પ્રેમપત્ર પઢકર કે તુમ નારાઝના હોના’. એ વાત જગજાહેર છે કે ફિલ્મમાં આ ગીત મોહમ્મદ રફીએ ગાયું છે, પણ બહુ ઓછા લોકો જાણે છે કે છેલ્લી ૩૦ સેકન્ડ દરમિયાન લતાજીના સ્વરમાં ‘કે તુમ મેરી ઝિંદગી હોકે તુમ મેરી બંદગી હો’ પંક્તિ આવે છે અને પ્રેમમાં બે હૈયા એક થાય એ લાગણીનો સાક્ષાત્કાર એમાં થાય છે. ફિલ્મમાં લતા દીદીનોહિસ્સો છે, પણ કમનસીબે ઓડિયોમાં નથી.




હસરત જયપુરી અને પહેલા જ સુપરહિટ સોન્ગમાં નિમ્મી

અહીં રસપ્રદ વાત એ છે કે હસરતસાબનો આગ્રહ હતો કે રફી સાથે લતાજી પણ ગાય અને એ આગ્રહ પાછળ ગીતકારની અંગત જીવનની મધુર સ્મૃતિ જવાબદાર હતી.

વાત એમ હતી કે વીસેક વર્ષની ઉંમરે હેન્ડસમ હસરતજી જયપુરમાં એક યુવતીના પ્રેમમાં ગળાડૂબ હતા. એ સમય ડેટિંગનો નહીં, પ્રેમપત્ર લખવાનો હતો. હસરતજીએ યુવતીના નામે પ્રેમપત્ર લખ્યો, પણ એ ક્યારેય એને મોકલી ન શક્યા અને બીજા વીસેક વર્ષ પછી ‘સંગમ’માંએ પત્ર જાહેર થયો. હસરતજીની પ્રેમિકાનું નામ રાધા હતું અને ‘સંગમ’માં વૈજયંતિમાલાનું નામ પણ રાધા જ છે. પ્રેમની માળા કેવી કેવી રીતે જપવામાં આવતી હોય છે, હેં ને!

હિન્દી ફિલ્મ સંગીતમાં એક પ્રકાર ટેન્ડમ સોન્ગનો છે, જેમાં એક જ ગીત અલગ અલગ ગાયક દ્વારા રજૂ કરવામાં આવે છે. હસરતજી લિખિત એવાં ત્રણ ગીત છે, જે લતા અને રફી બંનેએ ગાયા છે અને લોકપ્રિય થયા છે. એક છે ’જંગલી’નું ’એહસાન તેરા હોગા મુજપર’. બંને ગાયકના સ્વરમાં સરખી ધૂનમાં રજૂ થયેલાં ગીતના શબ્દોમાં કાના માત્રાનો પણ ફરક નથી અને તેમ છતાં સ્ત્રી અને પુરુષનીદિલની બારીઓમાંથી પંખીડા ખુલ્લા આકાશમાં એવું ઉડ્ડયન કરે છે કે હસરત સાહેબના જ ‘પંછી બનું ઉડતી ફિરું મસ્ત ગગન મેં’ ગીતનું સ્મરણ થઈ જાય.

બીજું ગીત છે ’આરઝૂ’ (૧૯૬૫)નું ‘અજી રુઠકર અબ કહાં જાઈએગા, જહાં જાઈએગા હમેં પાઈયેગા’ ફિલ્મમાં આ ગીત પણ રફી સાબ અને લતા દીદીએ ગાયું છે, પણ બંનેના શબ્દોમાં થોડો ફરક છે. રફીના ગીતમાં ‘અજી હમસે બચકર કહાં જાઈએગા, જહાં જાઈએગા હમેં પાઇયેગા’નો અંદાજ છે. રૂઠકરને સ્થાને બચકર શબ્દ પ્રેમના સાક્ષાત્કારનું દર્પણ છે. દીદીના ગીતમાંત્રણ કડી છે, જ્યારે એમના ગીતની માત્ર ત્રીજી કડી રફી સાબનાં ગીતમાં લેવામાં આવી છે. બંને ગીતના શબ્દોમાં પ્રેમ ભાવના એવી રીતે ટપકે છે કે પુરુષ સ્ત્રી માટે ગાય કે સ્ત્રી પુરુષ માટે ગાય, અઢી અક્ષરની દુનિયા પર વાવટો લહેરાયો હોવાની લાગણી થાય.

ત્રીજું ગીત છે ‘પગલા કહીંકા’નું ‘તુમ મુજે યૂંભૂલાના પાઓગે’. ફિલ્મમાં પહેલા રફીનું ગીત આવે છે અને પછી બદલાયેલા સંજોગોમાં લતાનું ગીત આવે છે. બંને ગીતનું મુખડું સરખું છે, પણ અંતરા એકબીજાથી તદ્દન ભિન્ન છે. હસરત સાહેબની સરળ વાણીમાં ગજબનું દર્દ નીતરે છે. અલબત્ત, બંને સિંગરની ગાયકી અને અફલાતૂન સ્વરાંકનના સંયોજ નથી ગીત અવિસ્મરણીય બની ગયા છે. ૩૫૦ ફિલ્મમાં ૨૦૦૦થી વધુ ગીત લખ્યા પછી એક ઈન્ટરવ્યૂમાં હસરતજીએ કહ્યું હતું કે ‘મારા ગયા પછી પણ લોકો મારા ગીત જરૂર યાદ કરશે...

વાત એમની સાચી હતી આજે પણ છે. એમના જ એક ગીતનું મુખડું છેઃ ‘તુમ મુજે યૂં ભુલા ના પાઓગે, જબ કભી ભી સુનોગે ગીત મેરે, સંગ સંગ તુમ ભી ગુનગુનાઓગે.’

### ટાઈટલ સોન્ગના કસબી

હિન્દી ફિલ્મ સંગીતમાં ટાઈટલ સોન્ગએક એવી ખાસિયત છે જે એની પોતાની છે. રાજ કપૂરે આ પરંપરા વ્યવસ્થિત ધોરણે શરૂ કરી એવુંમાનવામાં આવે છે. અલબત્ત, એમાં સંગીતકાર શંકર-જયકિશન તેમજ ગીતકાર શૈલેન્દ્ર - હસરત જયપુરીનું વિશેષ યોગદાન રહ્યું છે.

(એક ચોખવટ : ટાઈટલ સોન્ગ એટલે ફિલ્મના ટાઈટલ વખતે રજૂ થતું ગીત નહીં, પણ ફિલ્મનું ટાઈટલ ગીતના શબ્દોમાં વણાઈ ગયું હોય એ ગીત.)

હિન્દી ફિલ્મ સંગીતમાં અનેક મશહૂર ટાઇટલ સોન્ગ બન્યા છે. જોકે, કથા અને પાત્રનું હાર્દ જાળવી આવા ગીત લખવા આસાન નથી. ટાઈટલ સોન્ગ લખવામાં શૈલેન્દ્રની મહારથ જાણીતી હતી. પહેલી જ ફિલ્મ ‘બરસાત’માં ટાઇટલ સોન્ગ ‘બરસાત મેં હમ સે મિલે તુમ, તુમ સે મિલે હમ બરસાત મેં’ શૈલેન્દ્રની જ કમાલ છે.

જોકે, હસરત જયપુરી પણ એમાં પાછા પડે એવા નહોતા. એમની કલમે પણ કેટલાંક યાદગાર ટાઈટલ સોન્ગ આપ્યા છેઃ ‘દિલ મેરા એક આસ કા પંછી’ (આસ કા પંછી), ’દિવાના મુજકો લોગ કહેંગે ((રાજ કપૂરનું ‘દીવાના’), ‘દિલ એક મંદિર હૈ, પ્યાર કી જિસમેં હોતી હૈ પૂજા (દિલ એક મંદિર)’, ‘યે હરિયાલી ઔર યે રાસ્તા, ઈન રાહોં પર તેરા મેરા જીવનભર કા રાસ્તા’ (હરિયાલી ઔર રાસ્તા), ‘એક ઘર બનાઉંગા તેરે ઘર કે સામને, દુનિયા બસાઉંગાતેરે ઘર કે સામને’ (તેરે ઘર કે સામને), ‘મુજકો અપને ગલે લગા લો અય મેરે હમરાહી, તુમકો ક્યા બતલાઉંમૈં કે તુમસે કિતના પ્યાર હૈ’ (હમરાહી), ‘જીયા ઓ, જીયા ઓ જીયા કુછ બોલ દો, અરેઓ દિલ કા પર્દા ખોલ દો’ (જબ પ્યાર કિસી સે હોતા હૈ), ‘અજી ઐસા મૌકા ફિર કહાં મિલેગા’ (એન ઈવનિંગ ઈન પેરિસ), ‘રૂખ સે જરા નકાબ હટા દો, મેરે હુઝૂર, (મેરે હુઝૂર)’, ‘કૌન હૈ જો સપનોં મેં આયા’ (ઝુક ગયા આસમાન), ‘ગુમનામ હૈ કોઈ, બદનામ હૈ કોઈ’ (ગુમનામ), ‘સાંસોં કી તાર પર ધડકન કી તાલ પર (ગીત ગાયા પત્થરોં ને), ‘લે ગઈ દિલ ગુડિયા જાપાન કી’ (લવ ઈન ટોક્યો), ‘જિસકે લિયે તડપે હમ સારા જીવન ભર, યહી હૈ વો સાંજ ઔર સવેરા’ (સાંજ ઔર સવેરા). ■

શો-શરાબા

દિવ્યકાંત પંડ્યા

# ગુડબાય, ડિયર ડાર્થ વેડાર !

અમુક વ્યક્તિ આ જગત છોડીને જાય ત્યારે એવું લાગે કે આપણા જીવનનો કેવડો મોટો હિસ્સો એમની સાથે જોડાયેલો હતો. એની વિદાય પછી આપણને સાંભરે કે કલાજગતમાં એમણે આપેલું યોગદાન આપણા જીવન સાથે કઈ રીતે સંકળાયેલું હતું. કલા કે સિનેમા પ્રત્યેના એમના અને આપણા પ્રેમનું મહત્ત્વ ત્યારે ગાઢ રીતે સમજાય....

જેમ્સ અર્લ જોન્સ એવું જ એક નામ. હજુ માંડ ચાર દિવસ પહેલાં ખૂબ લાંબું અને અચ્છુ આયુષ્ય ભોગવીને એ આ દુનિયા છોડી ગયા.

જેમ્સ અર્લ જોન્સ આમ તો હોલીવૂડના એક પ્રસિદ્ધ અભિનેતા, પરંતુ ભારતના અઠંગ સિનેચાહકો સિવાય સામાન્ય દર્શકોમાંથી બહુ જ ઓછા લોકો એમના વિશે પૂરતા માહિતગાર હશે. આમ છતાં એક કલાકારની જિંદગીમાં- ભાગ્યમાં લખાયું હોય તો એક યા બીજી રીતે એ લોકોના હૃદય સુધી પહોંચી જ જતા હોય છે.



## એવું કંઈ નથી જેના માટે મને નિવૃત્તિની ઈચ્છા થાય માટે હું કદી નિવૃત્ત નહીં થાઉંઃ જેમ્સ અર્લ જોન્સ



શેક્સપિયરનું નાટકઃ ‘ઓથેલો’

જેમ્સને વૈશ્વિક ખ્યાતિ એમના અભિનય માટે નહીં, પરંતુ અવાજ માટે મળી. અત્યંત પ્રખ્યાત અને સૌથી જૂની સાયન્સ ફિક્શન ફ્રેન્ચાઇઝમાંની એક એવી ‘સ્ટાર વોર્સ’ના પાત્ર ડાર્થ વેડારનો વિશ્વભરના અસંખ્ય દર્શકોમાં લોકપ્રિય અવાજ એટલે જેમ્સ અર્લ જોન્સનો અવાજ. એવું જ એમનું બીજું પાત્ર એટલે ૧૯૯૪ની ડિઝની ફિલ્મ ‘લાયન કિંગ’નો મુફાસાનો અવાજ,જે એમની સિદ્ધિનું કારણ બન્યો. જોકે, એમની કારકિર્દી આટલા પૂરતી સીમિત નહોતી... ચાલો, આજે એક કલાકાર તરીકે એમના યાદગાર યોગદાન અને જીવનને યાદ કરી એમને સ્મરાંણજંલિ આપીએ.

૧૯૩૧માં મિસિસીપ્પીમાં એક્ટર, બોક્સર, બટલર અને શોફર પિતા રોબર્ટ અર્લ જોન્સ અને શિક્ષિકા માતા રુથને ત્યાં જેમ્સનો જન્મ થયો .માતા-પિતા આફ્રિકન-અમેરિકન અને આઈરીશ મૂળના, પણ જેમ્સના જન્મ પછી પિતા એક્ટિંગ માટે ઘર છોડીને જતા રહ્યા હતા. એમનો ઉછેર મિશિગનના એક ખેતરમાં નાના-નાની દ્વારા થયો હતો. વજનદાર અને પ્રભાવી અવાજથી દર્શકોમાં આકર્ષણનું કેન્દ્ર બનનાર જેમ્સનું બચપણ અવાજના જ કારણે સંઘર્ષમય બન્યું હતું . નાનપણમાં એમને સ્ટેમરીંગ એટલે કે અટકી અટકીને બોલવાની તકલીફ હતી. એના કારણે શાળામાં મોટાભાગે ચૂપ રહેવામાં જ માનતા. એમના ઈંગ્લિશ ટીચર ડોનાલ્ડ ક્રોચના ધ્યાનમાં જેમ્સની આ ચુપકીદી આવી. એ ઉપરાંત ડોનાલ્ડે જેમ્સની બીજી પણ એક ખાસ વાત નોંધી કે જેમ્સને કવિતામાં રસ છે. ટીચરે જેમ્સને કશું બોલ્યા વગર શાંત બેસી રહેવાના બદલે વધુ કવિતા લખવા અને પોતે લખેલી કવિતાને આખા વર્ગ સામે જોરથી સંભળાવવામાં પ્રવૃત્ત કર્યા. જે આગળ જતા કલાના માધ્યમ માટે પથદર્શક બની. કવિતા અને અભિનયમાં રહેલી જેમ્સની રુચિના કારણે એમની સ્ટેમરીંગની તકલીફ ઓછી થઈ અને પછી તો સાવ જ દૂર થઈ ગઈ. એમણે કોરિયા સાથેના યુદ્ધ સમયે આર્મીમાં પણ નોકરી કરી પછી એમને રિઝર્વ ઓફિસર્સના ટ્રેનિંગ કોર્સમાં નોકરી મળી..

યુદ્ધ પૂરું થયા પછી એમણે મિશિગન યુનિવર્સિટીમાંથી ૧૯૫૫માં ડ્રામામાં બેચલર ઓફ આટ્ર્સ ભણવાનું પૂરું કર્યું. અને એ પછી સ્ટેજ મેનેજર અને પછી અભિનેતા તરીકે સૌપ્રથમ વખત શેક્સપિયરના પાત્ર ઓથેલોના નાટકમાં મુખ્ય પાત્ર મેળવીને ૧૯૫૫માં જેમ્સની કારકિર્દીની શરૂઆત થઈ. એ જ સમયે પરિવારે ઘર ચલાવવા અને કામની શોધમાં સ્થળાંતર કરવું પડ્યું.

જેમ્સે એ વખતે ઘર છોડીને એક્ટિંગ કરવા માટે જતા રહેલા પોતાના પિતાને મળવા અને એમની સાથે કામ કરવા માટે ન્યૂયોર્ક જવાનો નિર્ણય કર્યો. આમ જન્મ પછી ૨૪ વર્ષે જેમ્સ પિતાને મળ્યા અને પિતા-પુત્રનો ખરો સંબંધ શરૂ થયો. ન્યૂયોર્ક આવ્યા પછી જેમ્સે અમેરિકન થિયેટર વિંગમાં અભ્યાસ શરૂ કર્યો, પણ નવા શહેરમાં નાટકની સફર શરૂ રાખવા માટે એમણે જેનિટ (દરવાન) તરીકે પણ કામ કર્યું. જેનિટર તરીકે કામ કરતા એ છોકરાને જોઈને કોઈને અંદાજ પણ નહીં હોય કે આ જ વ્યક્તિ એક દિવસ માત્ર બીજો બ્લેક અમેરિકન બનશે કે જેના નામ પરથી કોઈ થિયેટરનું નામ રાખવામાં આવશે. અને જે થિયેટરને ‘જેમ્સ અર્લ જોન્સ થિયેટર’ નામ આપવામાં આવ્યું એ જ કોર્ટ થિયેટરમાં ૧૯૫૮માં જેમ્સની બ્રોડવે કારકિર્દી ફ્રેન્કલિન રૂઝવેલ્ટ પર આધારિત ડોરી શેરી દિગ્દર્શિત ‘સનરાઈઝ એટ કેમ્પબેલો’ નાટક થકી શરૂ થઈ હતી. પછી તો જેમ્સની અભિનય પ્રતિભાના કારણે એમનું નામ ત્યાંના શેક્સપિયર ફેસ્ટિવલના સર્કિટમાં ચર્ચાવા લાગ્યું.

એમણે શેક્સપિયરનાં લખેલાં નાટકોમાં ધ ટેમ્પેસ્ટમાં કેલિબન, મેકબેથમાં મેકડફ અને ફરી એક વખત ઓથેલોનું પાત્ર ભજવ્યું. એ ૧૯૬૦ના દશકમાં શેક્સપિયરના એક્ટર્સમાં એમની ગણના થવા લાગી હતી. નાટકોમાં ઉજળી કારકિર્દીના લીધે ફિલ્મજગતની સફરની શરૂઆત પણ યાદગાર બની.

વિશ્વ સિનેમાના ઇતિહાસમાં ટોચના દિગ્દર્શકમાં સામેલ એવા સ્ટેન્લી કુબ્રિકની ફિલ્મ ડોક્ટર સ્ટ્રેન્જલવ’માં પાત્ર મેળવીને જેમ્સની ફિલ્મ કરિયરની શરૂઆત થઈ .

જેમ્સ અર્લ જોન્સની નાટક ફિલ્મ્સમાં અભિનય અવાજની એમાંની જાદુગરી અને ભજવેલાળ યાદગાર પાત્રો ઉપરાંત એવોડ્ર્સની દુનિયામાં મળેલી એક અસાધારણ સિદ્ધિની વાત પણ એટલી જે રસપ્રદ છે એને પણ આપણે મમળાવીશું હવે પછી. ■

### લાસ્ટ શોટ

*‘હૃદયમાં શબ્દો હોય પણ તમે તેને બહાર ન લાવી શકો તેનાથી મુશ્કેલ ચીજ જિંદગીમાં બીજી કોઈ નથી.’*

– જેમ્સ અર્લ જોન્સ

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

# ફ્લોપ ફિલ્મનો ઓળિયોઘોળિયો દર્શકો પર, એમ?




કોઇપણ ભાષાની ફિલ્મ બોક્સ ઓફિસ પર ચાલે, દોડે, ભાંખોડિયા ભરે કે સાવ ઊભી જ રહી જાય તે તમામ ઘટના માટે અલગ અલગ કારણ હોય છે, પરંતુ જ્યારે ફિલ્મમાં કોઈ ત્રુટિ હોય ને તે ન ચાલે ત્યારે તેની પાછળનું કારણ માત્ર ને માત્ર ફિલ્મના મેકર્સ જ હોય છે.

જોકે હાલમાં રિલીઝ થયેલી બે ફિલ્મ હિન્દીની ખેલ ખેલ મેં’ અને તમિલની ‘ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ’ના ડાયરેક્ટરોએ સાવ નવી જ વાત કરી છે. આ બંનેને પોતપોતાની ફિલ્મોની નિષ્ફળતા માટે ઓડિયન્સ એટલેકે દર્શકોને એટલે કે આપણને દોષ આપ્યો છે.

‘ખેલ ખેલ મેં’ના ડાયરેક્ટર મુદસ્સર અઝીઝનું કહેવું છે કે એમની ફિલ્મ ફ્લોપ થઇ તે પાછળનું કારણ છે કે ઓડિયન્સ તેને સમજી ન શકી! તો થાલાપતિ વિજયની તમિલ ફિલ્મ ‘ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ’નું હિન્દી અને તેલુગુ ડબિંગ વર્ઝન કેમ ન ચાલ્યું એ પાછળ આ ફિલ્મના ડયરેક્ટર વેંકટ પ્રભુએ આ ફિલ્મમાં આવેલા ચેન્નાઈ સુપર કિંગ્સના રેફરન્સને દોષ આપ્યો છે.

પ્રભુનું કહેવું છે કે એમણે ફિલ્મમાં CSK ને જીતતી દેખાડી છે એ કદાચ હિન્દી અને તેલુગુ દર્શકોને નથી ગમ્યું એટલે ફિલ્મ ન ચાલી. હવે આ બંને દલીલમાં કોઈ દમ ખરો કે નહીં એ આપણે જ વિચારીએ.

‘ખેલ ખેલ મેં’ ફ્લોપ થવા પાછળનું એક મુખ્યકારણ એ હતું કે તેને ‘સ્ત્રી- ૨’ સાથે રિલીઝ કરવાની હિંમત (કે પછી મૂર્ખામી??) કરવામાં આવી હતી અને ‘સ્ત્રી- ૨’એ બોક્સ ઓફિસ પર પેલીના સૂપડાં સાફ કરી નાખ્યાં. જ્યારે ‘ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ’ એક તમિલ ફિલ્મ છે, એ હીટ તો થઇ , પરંતુ તમિલ દર્શકોએ પણ એને ધાર્યો રિસ્પોન્સ નથી આપ્યો તો પછી દક્ષિણની અમુક જ ફિલ્મોને માથે ચડાવતા હિન્દી બેલ્ટના દર્શકોને કેવી રીતે દોષ આપી શકાય? ખરેખર તો આ નિર્દેશકોએ ફક્ત એટલું જ કહેવાનું હતું કે અમે અમારા દર્શકોને ફિલ્મ સમજાવી ન શક્યા કે પછી પેલું જૂનું ને જાણીતું વાક્ય પણ કહી શકાતું હતું કે, ‘અમારી ફિલ્મ તેના સમય કરતાં આગળ હતી! ! ’

### અક્ષય હવે પ્રિયદર્શનના શરણે...




અક્ષય કુમાર અને પ્રિયદર્શનની જોડીએ કેટકેટલી હિટ ફિલ્મો આપી છે તેની ગણતરી કરવા જઈએ તો આપણાં આંગળાં થાકી જશે. ‘હેરાફેરી’થી શરૂ થયેલી એમની સફર બોક્સ ઓફિસ ઉપર ધૂમ મચાવી ચૂકી છે, પરંતુ છેલ્લાં અમુક વર્ષોથી અક્ષય કુમારના હિટ ફિલ્મ આપવાના દરેક પ્રયાસ નિષ્ફળ રહ્યા છે અને એની લેટેસ્ટ ફિલ્મ ‘ખેલ ખેલ મેં’ તો સાવ ધબાય નમઃ જ થઇ ગઈ હતી.

જોકે, લાગે છે કે અક્ષય કુમારે હવે કમબેક કરવાનો નિશ્ચય કરી લીધો છે. થોડા દિવસ અગાઉ અક્ષય કુમારના ઘરે પ્રિયદર્શન પધાર્યા હતા અને આ બંનેએ ફરીથી સાથે કામ કરવાનો નિર્ણય લીધો હતો. હજી આ નિર્ણય લીધાને બે-ત્રણ દિવસ જ થયા હતા કે, અક્ષયના જન્મદિવસ એટલે કે ૯ સપ્ટેમ્બરે આ બંનેની નવી ફિલ્મ ભૂત બંગલા’ની જાહેરાત પણ થઇ ગઈ અને તેનું પોસ્ટર પણ સોશિયલ મીડિયામાં રિલીઝ પણ થઇ ગયું.

તાજા સમાચાર અનુસાર પ્રિયદર્શને આ ફિલ્મ માટે એમની ઓરિજિનલ ટીમ એટલે કે પરેશ રાવળ, અસરાની, અને રાજપાલ યાદવને પણ સાઈન કરી લીધા છે. આ ઉપરાંત પ્રિયદર્શન અક્ષયને મળ્યા તેના બીજા દિવસે કરીના કપૂર ખાનને પણ મળ્યા હતા એટલે લાગે છે કે અક્ષય સાથે લીડ રોલમાં કરીના પણ ભૂત બંગલાની સભ્ય બનશે. એવું લાગી રહ્યું છે કે એક હિટ ફિલ્મ માટે તલસી રહેલા અક્ષય માટે ભૂત બંગલા’ મેક ઓર બ્રેક ફિલ્મ બની રહેશે

### કપિલ શર્મા ફરીથી આવે છે




‘નેટફ્લિક્સ’ પર ‘ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શો’ પુનઃ આવી રહ્યો છે. આ તેની બીજી સિઝન હશે. પહેલી સિઝનના મિશ્ર પ્રતિક્રિયા આવી હતી. આમ છતાં લાગે છે કે ‘નેટફ્લિક્સ’ હજી એક વખત કપિલ અને એની જબરદસ્ત ટીમ ઉપર ભરોસો કરી લેવા માંગે છે. જોકે ગત સિઝનના છેલ્લા એપિસોડમાં સુનીલ ગ્રોવરે સલમાન ખાનની અને કૃષ્ણાએ શાહરુખ ખાનની જે મિમિક્રી કરી હતી તે આખી સિઝનનો પીક પોઈન્ટ હતો. એટલે આશા એવી રાખી શકાય કે ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થનારી બીજી સિઝન એ જ પીક પોઈન્ટ પરથી આગળ વધશે. ■

### કટ એન્ડ ઓકે!

*કંગના રનૌતે પોતાની ફિલ્મઃ ‘ઈમર્જન્સી’ રિલીઝ થાય એ પહેલાં પોતાનો વૈભવી બંગલો સસ્તામાં વેંચી નાખ્યો...*

*આ તે કેવી ઈમર્જન્સી?!*

પ્રકરણ ૬૧



# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

'ગુડ, ઇન્સ્પેક્ટર, હવે તમારી કિંમત બોલો...' વિક્રમ હવે મૂડમાં આવી ગયો હતો. ગુનો કરનારને લોભિયા ઇન્સ્પેક્ટર મળી જાય તો કેવો ગેલમાં આવી જાય!

'સાહેબે, કિંમત તો ક્રાઇમ પ્રમાણે નક્કી થાય. એમાંય તમારો ગુનો એક વારનો નથી. તમે તો વારંવાર એ મકાનમાં જતા આવતા રહેવાના. ક્રાઇમ ચાલુ રહે તો કિંમત પણ ચાલુ રહે...'

ઓહ, તો આ ઇન્સ્પેક્ટર લાલચુ પણ છે. વિક્રમને ગુસ્સો ચડ્યો. આ માણસ પોતાની જાતને શું સમજે છે એવો વિચાર પણ આવી ગયો પણ તુરત જ એણે પોતાના પર કાબૂ મેળવી લીધો.

'ઇન્સ્પેક્ટર, જો હું તમારી કિંમત ન ચૂકવું તો? તો તમે શું કરો?'

'મને ખાતરી છે કે તમે એવી ભૂલ નહીં કરો. લિફ્ટમેન અને દરવાન બંને તમને ઓળખી લેશે. જગમોહન દીવાન એક અત્યંત પ્રતિષ્ઠિત વ્યક્તિ છે. એમની આબરુ કેટલી કીમતી છે એ મારે તમને સમજાવવાની જરૂર ન હોય. અને હા, મારી સાથે સોદો કરીને તમે ફાયદામાં જ રહેશો. તમને ઉપયોગી નીવડે એવી એક ઇન્ફોર્મેશન તમને આપી શકું છું.'

ઇન્સ્પેક્ટર પ્રમાણિક ચાલાક છે, વિક્રમના ચહેરા પર સ્મિત ફરકવા માંડ્યું હતું.

'ઓ.કે. ઇન્સ્પેક્ટર, તમને નિયમિતપણે તમારી કિંમત મળી જશે. બે શરત છેઃ એક તો બીજી વાર મારા ઘરે પગ નહીં મૂકતા અને બીજી શરત એ કે તમારી પાસે જે ઇન્ફોર્મેશન છે એ તમારે મને હમણાં જ કહેવાની...'

'કબૂલ, મિ. દીવાન, તમે ચેતીને ચાલજો. એ મકાનમાં જ એ ફ્લેટની મુલાકાત લેનાર તમે એકલા નથી...'

વિક્રમ સ્તબ્ધ થઈ ગયો.

'તમને વિશ્વાસ નથી આવતો ને, મિ. દીવાન? આજે જ મને મારા એક ઇન્સ્પેક્ટર મિત્રએ ખબર આપ્યા કે શ્યામલી ચક્રવર્તીને મળવા એક દાઢીવાળી વ્યક્તિ આવી હતી. મારા મિત્રએ તપાસ કરીને જાણી લીધું છે કે તમારા ઉપરાંત એ દાઢીવાળો માણસ શ્યામલી ચક્રવર્તીને મળવા લગભગ રોજ આવે છે.'

વિક્રમને લાગ્યું એને ચક્કર આવી જશે. શ્યામલીના ઘરની બહાર એક દાઢીવાળો એની સાથે અથડાયો હતો એ એને યાદ આવી ગયું.

તો શું શ્યામલી એની સામે ખોટું બોલતી હતી? એ દાઢીવાળો શ્યામલીનો સાગરીત હતો કે પછી એનો પતિ?

શું બંને મળીને મને છેતરે છે?

'ઇન્સ્પેક્ટર, તમે આટલી ઇન્ફોર્મેશન આપી છે તો મારું વધુ એક કામ કરી આપો. રૂપિયાની ચિંતા નહીં કરતા. તમે ધાર્યું હશે એના કરતાં તમને વધુ જ મળશે.. તમે તમારા માણસને એ દાઢીવાળા પાછળ લગાડીને એ કોણ છે અને શ્યામલી સાથે એનો શું સંબંધ છે એની રજેરજની માહિતી મને આપો. તમે નુકસાનમાં નહીં રહો, ઇન્સ્પેક્ટર.'

'અરે હવે ફાયદા-નુકસાનની કોને ચિંતા છે... તમે સાથે છો તો ફાયદો જ છે. તમે ફિકર નહીં કરો, એ દાઢીવાળા વિશે બધી, ઇન્ફોર્મેશન હું તમને ટૂંક સમયમાં આપીશ... હા, પણ એક વણમાગી સલાહ આપીશ...'

'બોલો, ઇન્સ્પેક્ટર, ફરમાવો.'

'સાહેબ, બેઝિકલી તમે એક સારા માણસ છો. તમારા પત્ની પણ ભલી સ્ત્રી દેખાય છે તો આ પરાઈ બાઈના ચક્કરમાંથી નીકળી જાઓ તો સારું... આ લાઇનમાં કોઈનું ભલું થયું નથી.'

વિક્રમને લાગ્યું કે આજકાલ ગમે તે લોકો સલાહનો લાફો મારી જાય છે.

* * *

'રૂપા, આ છે ગાયત્રી, ગાયત્રી મહાજન. બહુ જ ટેલેન્ટેડ અને સમજુ છોકરી છે.' કરણે રૂપા સાથે ગાયત્રીનો પરિચય કરાવતાં કહ્યું.

'હાય...' રૂપાએ હાથ લંબાવ્યો.

'હાય...' ગાયત્રીએ ઉષ્માભેર રૂપાનો હાથ દબાવ્યો.

રૂપાના હસ્તધૂનનમાં ગર્મજોશીનો, ઉમળકાનો અભાવ હતો એવું ગાયત્રીને લાગ્યું.

ગઈકાલ રાતથી જે ઝડપથી દીવાન પરિવારમાં બધું બનતું રહ્યું એનાથી ગાયત્રી થોડી થાકી ગઈ હતી. ગઈકાલે ઘરમાં અચાનક પોલીસ આવી ચડી ત્યારે જગમોહનના વલણથી ગાયત્રી થોડી નિરાશ થઈ ગઈ હતી.

જગમોહન ધારત તો વિક્રમનો પક્ષ લઈ શકત. ગાયત્રીને લાગ્યું કે જગમોહનનો અભિગમ વ્યવહારુ ન હતો. જડ જેવા સૈદ્ધાંતિક વલણથી આપણા જ માણસો આપણાથી વિમુખ થઈ જાય, એવું એ માનતી હતી. દીવાન પરિવારમાં પણ એવું જ બન્યું.

વિક્રમ અને જગમોહન વચ્ચે એક ઊભી તિરાડ ખેંચાઈ ગઈ હતી.

ડાઈનિંગ ટેબલ પર પણ પોતાનો જે રીતે જગમોહને પરિચય કરાવ્યો એ ગાયત્રીને રુચ્યું નહોતું. કોઈ પણ કુટુંબમાં અચાનક કોઈ આગંતુકને ઘરની વ્યક્તિ તરીકે બેસાડવામાં આવે તો પ્રતીકારની લાગણી જન્મે એ સ્વાભાવિક હતું.

ગાયત્રીને લાગ્યું કે એક યા બીજા કારણે દરેકના મનમાં જગમોહન પ્રત્યે ફરિયાદ હતી, દરેક માણસ એક યા બીજી રીતે જગમોહનથી દુભાયેલો હતો.

પ્રભાવથી લઈને રેવતી સુધી દરેકને જગમોહન વિરુદ્ધ કંઈક કહેવું હતું. સહાનુભૂતિ ધરાવનાર શ્રોતા મળે કે દરેક જણ બોલવાનું શરૂ કરી દે એટલી હદ સુધી ગળે આવી ગયાં હતાં.

આ વાતાવરણમાં મારે મારું સ્થાન બનાવવું હશે તો જગમોહનની પડખે રહીને નહીં પણ એનાથી દૂર રહીને જ બનાવવું પડશે. ગાયત્રી વિચારતી હતી.

ગઈકાલ રાતથી કરણ એની પાછળ પડ્યો હતો કે મારી મિત્રને મળો.

આજે સવારના એને મળ્યાં તો એવું લાગતું હતું જાણે રૂપાને એને મળવામાં રસ ન હોય.

'કેમ કરણ, આજકાલ ફોન નથી કરતો? નારાજ છો કે શું?' રૂપાએ ફરિયાદ કરી, પછી ધીમેથી ઉમેર્યું, 'કે પછી મારાથી વધુ સુંદર કોઈ મિત્ર મળી ગઈ?'

ગાયત્રી સમસમી ગઈ.

કરણે આ છોકરીમાં શું ભાળ્યું હશે, એ વિચારતી હતી.

'ના, એવું નથી રૂપા, આજકાલ ગાયત્રી અમારે ત્યાં રહેવા આવી છે એટલે સમય નથી મળતો...' કરણને લાગ્યું એને બચાવ કરવાની કોઈ જરૂર નહોતી. રૂપાના પ્રશ્નથી ગાયત્રીને ખરાબ લાગી શકે કદાચ.

'ઓહ, ગ્રેટ, ગાયત્રી હવે તારે ત્યાં જ છે તો આ રવિવારે અમારો ફેશન શો છે તો એને લઈને આવજે ને... ગાયત્રી, પ્લીઝ યુ કમ, મઝા પડશે. કરણ, હું કૈલાશને કહી દઈશ તને બે કાર્ડ્સ પહોંચતાં કરે...'

એક મિનિટ પણ નથી થઈ અને કૈલાશનું નામ આવી ગયું, કરણે વિચાર્યું.

'તમે ફેશન શોમાં ભાગ લો છો?' ગાયત્રીએ પૂછ્યું.

'હા, યુ સી મને મૉડેલ બનવાની ખૂબ જ ઇચ્છા છે. એક વાર આ લાઇનમાં સફળ થઈ જવાય કે પૈસા જ પૈસા છે, આખો દિવસ પાર્ટી, ફરવાનું, ખાવાનું, પીવાનું... તમે કેમ ટ્રાય નથી કરતાં? તમે પણ બ્યુટીફૂલ છો!' રૂપાએ સૂચન કર્યું.

'નો થેન્ક્સ, મને આ ક્ષેત્રમાં રસ નથી.' ગાયત્રીએ હસીને વાત ઉડાવી દીધી.

'રૂપા, ગાયત્રી, સાઇકીયાટ્રિસ્ટ બનવાની છે. એ તો ખૂબ જ હોશિયાર છે.' કરણે પોરસતાં કહ્યું. ગાયત્રીને હસવું આવી ગયું. હવે રૂપા સામે પણ એ વિલન થઈ જશે.

'હોશિયાર તો હશે જ... એટલે જ તારા ઘરમાં રહે છે. બાકી સાઇકીયાટ્રિસ્ટ એટલે શું? ગાંડાઓને ઠીક કરે એ જ ને?' રૂપાના અવાજમાં અજ્ઞાન હતું કે તુચ્છકાર એ કરણ ન સમજી શક્યો.

ગાયત્રી હસી પડી, 'ના રૂપા, એવું નથી. કોઈ વાર નિરાંતે બેસશું ત્યારે સમજાવીશ.' પછી કરણ તરફ ફરીને કહ્યુંઃ 'ચાલ કરણ, હવે નીકળશું? મારે બીજું કામ છે.'

કરણ સમજી ગયો કે ગાયત્રીને ગમતું નથી.

'યસ... યસ... ગાયત્રી, લેટ અસ ગો...' બંને રૂપાને બાય કરીને નીકળી ગયાં.


'ગાયત્રી, શું થયું? માઠું લાગ્યું?' રૂપાથી દૂર ગયા બાદ કરણે પૂછી નાખ્યું.

'ના... ના મને કોઈની બેવકૂફીથી દુઃખ ન લાગે, હા, ઇરાદાપૂર્વકના કૃત્યથી મને તકલીફ જરૂર થાય.' ગાયત્રીએ જવાબ આપ્યો.

'તું રૂપાના વર્તનથી નારાજ તો જરૂર થઈ હોઈશ?' કરણે બીનો પ્રશ્ન પૂછી નાખ્યો.

'કરણ, મને એ નથી સમજાતું કે છોકરીઓની બાબતમાં છોકરાઓ આટલા બેવકૂફ કેમ હોય છે? કરણ, તું સીધો અને સરળ છો. શ્રીમંત ખાનદાનનો દીકરો હોવા છતાં વધુ છોકરીઓના સંપર્કમાં આવ્યો નથી. તું કદાચ છોકરીઓથી દૂર ભાગતો રહ્યો હોય એવું પણ બની શકે... આ સંજોગોમાં રૂપા સાથે આકસ્મિક રીતે મેળાપ થઈ ગયો અને તારા જીવનમાં પ્રવેશેલી પહેલી છોકરીના ગળાડૂબ પ્રેમમાં તું પડી ગયો.'

કરણ ગાયત્રીની વાત તન્મયતાથી સાંભળતો રહ્યો. આ છોકરી જ્યોતિષ તો નથી ને... એવો એક પશ્ન પણ એના મનમાં ઉદ્ભવ્યો.




'કરણ, હવે એના પ્રેમમાં પડ્યા બાદ તને એમ જ લાગે છે કે દુનિયામાં રૂપા સિવાય બીજી સારી છોકરી હોઈ જ ન શકે. ધીરે ધીરે તને તારી પસંદગી પર શંકા થવા માંડે પણ એની સાથેના સંબંધમાંથી નીકળી જવાની નૈતિક હિંમતના અભાવને કારણે તું સંબંધ તોડી ન શકે... એટલે છેવટે તને મનમાં ઊંડે ઊંડે રૂપા તારે લાયક નથી એ ખબર હોવા છતાં, બીજો કોઈ વિકલ્પ નથી એમ માનીને સંબંધને વેંઢારતો રહે છે.'

'બાપ રે, ગાયત્રી, તું તો સાચે જ સાઇકીયાટ્રિસ્ટ છે. હવે સમજાય છે મારા પપ્પા તારાથી આટલા પ્રભાવિત કેમ છે. હવે મને સમજાવ મારે શું કરવું?' કરણે પ્રશ્ન કર્યો.

'રૂપા તારે લાયક નથી. કરણ, તું એની સાથે લગ્ન કરીને કદી સુખી નહીં થઈ શકે એવું મારું માનવું છે. તું પણ આ વાત જાણે છે. તારું માઇન્ડ એને સ્વીકારતું નથી પણ તારું હૃદય એને છોડવા તૈયાર નથી. કરણ, પ્રેમમાં પડવા માટે હૃદયની જરૂર પડે, પણ સંબંધ આપણા યોગ્ય છે કે નહીં એ સમજવા દિમાગની મદદ લેવી પડે.'

કરણ ચૂપ રહ્યો.

ગાયત્રીને લાગ્યું કે કરણને ખરાબ લાગી ગયું છે. બાપ-દીકરો બંને સરખખા છે. બંને જ્યારે એક યા બીજી રીતે 'આત્મહત્યા' કરવાનું વિચારે છે ત્યારે એમને પાછા વાળવા મુશ્કેલ થઈ જાય છે.

મેટ્રોના પાટા પરથી કોઈને વાળવો સરળ છે, પણ છોકરીના સકંજામાંથી કોઈને પાછો વાળવો વધુ મુશ્કેલ છે.

'ગાયત્રી, રૂપા સાથે લગ્ન કરીને સુખી થવાશે એવી કોઈ ખાતરી નથી. પણ એને નહીં પામી શકું તો બરબાદ થઈ જઈશ એવો ભય છે... એના વગરનું જીવન શું કલ્પી નથી શકતો...'

ગાયત્રીને લાગ્યું કે બાપ કરતાં દીકરો વધુ જિદ્દી નીવડશે, કદાચ વધુ બેવકૂફ પણ.

'ગાયત્રી, તારે એક ફેવર કરવાની. તું મારા પપ્પાને રૂપા વિશે સમજાવજે. એ તારી વાત નહીં ટાળી શકે...'

'અને કાકુ ન માને તો?'

'તો પછી મારી રીતે હું રસ્તો કરીશ.' કરણે વિચારીને જવાબ આપ્યો.

* * *

જગમોહનને લાગ્યું એણે વિક્રમ પ્રત્યે આટલા રૂક્ષ થવાની જરૂર નહોતી. વિક્રમની અપેક્ષા હતી કે એના પપ્પા એનો પક્ષ લેશે, દરેક પુત્રની એવી ઇચ્છા હોય કે એના પિતા એને બચાવી લે. જગમોહનને અફસોસ થતો હતો. ઘણી વાર એ ઉતાવળે નિર્ણય લઈ લે છે અને ભૂલ કરી બેસે છે. પ્રભા પણ નારાજ છે પણ પત્નીની નારાજગીનું કારણ ગાયત્રી છે. જગમોહન વિચારતો હતો.

પણ વિક્રમ પાર્ક સર્કસના એ મકાનમાં શા માટે જાય? એવો પ્રશ્ન જગમોહનને થયો.

વિક્રમે આક્ષેપને રદિયો આપ્યો પણ જગમોહનને લાગ્યું કે વિક્રમનો બચાવ પાંગળો હતો.

ત્યાં જ જગમોહનનો સેલ રણકી ઊઠ્યો.

'હા, કબીર, બોલ... શું ખબર છે?' કબીરનું નામ વાંચીને જગમોહને સીધી વાતચીતની શરૂઆત કરી.

'બે ખબર આપવાના છે, જગ્ગે!'

'પહેલી ખબર એ કે તારા મોટા પુત્રનાં લક્ષણ કંઈ સારાં દેખાતાં નથી, એના પર નજર રાખજે. એ કોઈ મુસીબતમાં મુકાઈ શકે તેમ છે. વધુ વિગત હું પછી આપીશ...'

'અને બીજી ખબર?' જગમોહને પૂછ્યું. આ પોલીસવાળાની દોસ્તી હોય એટલે ગમે ત્યારે આવા સમાચાર/ઇન્ફોર્મેશનની તૈયારી રાખવી પડે.

'બીજી ખબર એ કે તારા દુશ્મનોની હિલચાલ વધી ગઈ છે. મારી પાસે વધુ ઇન્ફોર્મેશન નથી પણ એટલી ખબર પડી છે કે એ લોકો એક-બે દિવસમાં કંઈક કરવાના છે એટલે ચેતતો રહેજે.'

'કબીર, એક વાત કહું?'

'હં... બોલને...!'

'કબીર, હવે મળવાની ઇચ્છા થાય છે... એક વાર અહીં આવી જાને... એક વાર તું આવી જઈશ પછી હું વધુ સલામતી પણ અનુભવી શકીશ. પછી મારા વતી તું ચેતતો રહેજે...'

'ઓ.કે. ડન... હું બે-ત્રણ દિવસમાં કોલકાતા આવીશ...'

'થેન્ક્યુ, યાદ છે ને કબીર... મળીએ ત્યારે ધૂમ પીને ધમાલ મચાવવાની વાત યાદ છે ને?'

'યસ, ડીયર, હવે મને વધુ ઇમોશનલ ન બનાવ...' કબીરે લાઇન મૂકી દીધી.

પણ માણસ ધારે છે કંઈક અને થાય છે કંઈક...! (ક્રમશઃ) ■

---

વિશેષ

ડી. જે. નંદન

# જાણીતા સિતારાઓની જુઠ્ઠી સંઘર્ષ ગાથા

બ્લેક ઍન્ડ વ્હાઇટ ફિલ્મી ગોસિપ પત્રિકાઓનો જમાનો હોય કે પછી રંગીન આર્ટ પેપર પર છપાતી રંગીન પત્રિકાઓનો, જાહેરાતોથી ભરેલા ટી.વી.પત્રકારત્વનો દોર હોય કે પછી આજનો સોશિયલ મીડિયાનો દોર. દરેક જમાનામાં એક વાત ખૂબ જ સામાન્ય રહી છે અને તે છે બોલીવુડમાં સફળતા મેળવનારા અને ટોચ પર પહોંચનારા ફિલ્મી સિતારાઓએ કહેલી સફળતા પાછળની લાંબા લચક સંઘર્ષની ગાથા.


બધા જ પોતાના સ્ટ્રગલની કહાણીઓ સંભળાવતા હોય છે. અમુક કહાણીઓમાં કોઇ મહિનાઓ સુધી ફૂટપાથ પર સૂતેલા હોય છે તો અમુક કિસ્સાઓમાં પચાસ પૈસાના ચણા અને એક ભુટ્ટો ખાઇને પેટ ભરીને રાતો વીતાવી હોવાનું આપણને સાંભળવા મળે છે.

હાલમાં જ કપિલ શર્મા શૉમા અભિષેક બચ્ચન આવ્યા હતા અને તેમણે પણ ફિલ્મી અંદાજમાં ખૂબ જ ભાવુક થતા કહ્યું કે તે પૈસાની અછતના કારણે તેમના પિતા એટલે કે અમિતાભ બચ્ચન કઇ રીતે વરલી સી-ફેસ પાસે મહિનો સુધી શેકેલા ભુટ્ટા ખાઇને દિવસો વીતાવતા હતા. અભિષેકે કહ્યું એ મુજબ તેમણે ઘણી રાતો એક બેન્ચ પર વીતાવી હતી. આવી જ સંઘર્ષ ગાથા થોડા દિવસો પહેલા એક ટી.વી. કાર્યક્રમમાં જાણીતા લેખક અને ગીતકાર જાવેદ અખ્તરે પણ સંભળાવી હતી અને વારંવાર કહેતા જોવા મળ્યા હતા કે કઇ રીતે શેકેલા ચણા જ તેમનું લંચ, ડિનર બધુ જ હતું. ફક્ત શેકેલા ચણા ખાઇને તેમણે ઘણા દિવસો મુંબઈમાં વીતાવ્યા હતા તેનો ઉલ્લેખ તેમણે વારંવાર કર્યો હતો.

ધર્મેન્દ્ર, અક્ષય કુમાર, શાહરુખ ખાન અને નવાઝુદ્દીન સિદ્દીકીથી માંડીને મનોજ બાજપાયી સુધીના બધા જ અભિનેતાઓમાં જો એક વાત સામાન્ય હોય તો તે છે તેમની સંઘર્ષ ગાથાની. આ બધાએ જ ફિલ્મી દુનિયામાં સફળતા મેળવવા પહેલા પોતે કેટલી સમસ્યાઓ અને કેટલી અડચણોનો સામનો કર્યો તે જાહેર કર્યું છે. અમિતાભ બચ્ચનની વાત કરીએ તો કેબીસી શૉના મારફત તે પોતાના જીવનમાં આવેલા પડકારો વિશે ઘણી જ વાતો કરતા હોય છે. સામે આવેલા કોન્ટેસ્ટન્ટને તે ઘણી વખત પોતાના જીવનના સંઘર્ષો વિશે જણાવતા હોય છે.

અક્ષય કુમાર પણ આ મામલે પાછળ નથી રહેતા અને આમિર ખાન આમ તો મીડિયા ફ્રેન્ડલી છે, પરંતુ જ્યારે પોતાના સંઘર્ષની વાતો કરવાની વાત આવે ત્યારે તે પણ અચૂક પોતાની વાત માંડવા બેસે છે અને તે પણ થોડો 'તડકો' એટલે કે વઘાર મારીને. આ સિતારાઓ થોડી અતિશયોક્તિભરી વાતો કરતા હોય છે તે વાત સાબિત કરવા માટે આપણે એક ઉદાહરણ લઇએ અમિતાભ બચ્ચને કહેલી વાતનું. અમિતાભ બચ્ચનની સામે એક કોન્ટેસ્ટન્ટ બેઠો હતો અને અમિતાભ બચ્ચન પોતાના સંઘર્ષના દિવસોની વાત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે તે કોલકાતામાં ૪૦૦ રૂપિયાની નોકરી કરતા હતા અને એક રૂમમાં આઠ-આઠ લોકો રહેતા હતા. આના પર થોડું ધ્યાન દઇએ અને વિચાર કરીને ગણતરી કરીએ તો અમિતાભ બચ્ચનની ઉંમર આજે ૮૫ વર્ષની છે. ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં તેમને લગભગ ૫૭ વર્ષ પૂરા થયા છે.

જો આ ગણતરી સાચી હોય તો તે મુજબ અમિતાભ બચ્ચન જ્યારે ૪૦૦ રૂપિયાની મામૂલી નોકરી કરતા તે વાત ૬૦થી ૬૫ વર્ષ જૂની હોવી જોઇએ. હવે જ્યારે એ વખતે ભારતમાં આઇએએસ(ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ)ના અધિકારીનો પગાર માંડ ૧,૫૦૦ હતો અને ભારતના મોટાભાગના પ્રદેશોમાં ટીચર્સનો પગાર ૧૫૦થી ૨૫૦ રૂપિયાની વચ્ચે રહેતો. ૬૦-૬૫ વર્ષ પહેલા કોલકાતામાં તો છોડો મુંબઈમાં ૨૦-૨૫ રૂપિયાથી માંડીને ૫૦ રૂપિયામાં તો મસમોટા ઘર મલી જતા હતા. એવામાં અમિતાભ બચ્ચન ૪૦૦ રૂપિયાનો પગાર મેળવીને આઠ લોકો સાથે એક રૂમમાં રહેવા માટે મજબૂર હતા!



જ્યારે દેશના નામચીન દૂન સ્કૂલમાં ફક્ત મોટા ઉદ્યોગપતિઓ અને પ્રધાનો-વડા પ્રધાનોનાં સંતાનો જ અભ્યાસ કરી શકતા એવા કાળમાં અમિતાભ બચ્ચને પણ દૂન અને શેરવુડ જેવી પ્રખ્યાત શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કર્યો હતો. જોકે, તેમણે થોડા દિવસ પહેલા જ કેબીસીની એક મહિલા સ્પર્ધકની સાથે વાત કરતા જણાવ્યું હતું કે તે કઇ રીતે કરોડીમલ કૉલેજની ક્લાસ બંક કરીને મિત્રો સાથે ફિલ્મો જોવા જતા હતા અને તેમની પાસે પૈસા નહોતા તો તે વૉચમેનના હાથ-પગ જોડીને એકાદ ગીત જોઇ શકે તેવો જુગાડ કરી લેતા.

ખરી વાત એ છે કે આ બધી એક ખોટી અને કાલ્પનિક સંઘર્ષ ગાથાઓ છે કે અને એ પણ એવી કે જેને સાંભળીને પણ ફક્ત દયા જ આવે. ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં બોલીવુડના કિંગ કહેવાતા શાહરુખ ખાન પણ પોતાની ગરીબી અને સામાન્ય વર્ગના નબીરા હોવાની કહાણીઓ સંભળાવતા નથી થાકતા. જોકે, તેમની સંઘર્ષગાથાના એક ભાગની હકીકત એ પણ છે કે તેમની માતા એ જમાનામાં ઓક્સફૉર્ડમાં ભણેલી મહિલા હતી અને પ્રથમ શ્રેણી એટલે કે ફર્સ્ટ ક્લાસની મેજિસ્ટ્રેટ હતી. વડા પ્રધાન ઇંદિરા ગાંધી સાથે તેમના ઘણા સારા સંબંધો હતા. અવારનવાર બંને એકસાથે લંચ અને ડિનર લેતા હોવાનું પણ સાંભળવા મળ્યું છે. જોકે, એ છતાં શાહરુખ ખાન દિલ્હીથી મુંબઈ સંઘર્ષ કરવા માટે આવ્યા હતા. અક્ષય કુમાર પણ પોતાની ગરીબીની વાતો કરતા થાકતા નથી. તે કહે છે કે ગુજરાન ચલાવવા માટે તે શેફ તરીકે કામ કરતા હતા અને ફ્રી ટાઇમમાં તે લોકોને જુડો-કરાટે શિખવતો.

જાવેદ અખ્તર જે લાંબા સમય સુધી પોતાના સંઘર્ષની વાતો કરે છે તે જ્યારે મુંબઈ આવ્યા હતા એ વખતે તેમના પિતા જાંનિસાર અખ્તર ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં સારું એવું નામ કમાવી ચૂકેલા અને પોતાનું સ્થાન બનાવી ચૂકેલા ગીતકાર હતા અને એ જમાનામાં ગીતકારોના ખૂબ જ માન-પાન થતા હતા.

કારણ કે એ જમાનામાં ફક્ત ગીતોના કારણે ફિલ્મો સુપરહિટ થઇ જતી. એ વખતે ગીતકારોને ગીતો લખવાના ખૂબ સારા પૈસા મળતા હતા. કહેવાય છે કે સાહિર લુધિયાણવી એક એક ગીત લખવાના એકથી બે લાખ રૂપિયા લેતા હતા અને એ પણ એ જમાનામાં. એ છતાં જાવેદ અખ્તર મુજબ તે વર્ષો સુધી કોઇ ઘર ન હોવાના કારણે કમાલ અમરોહીના ઘરમાં સ્ટુડિયોમાં જમીન પર સૂતા હતા.

જોકે થાય તો એમ જ છે કે તેમનો સંઘર્ષ હોય છે તલ જેટલો અને તેને બતાવાય અને સંભળાવાય છે પહાડ જેવડો મોટો કરીને. વાંચકોને એટલું જ કહેવાનું કે ફિલ્મી સિતારાઓનો સંઘર્ષ સાંભળીને ભાવુક થવું એ એપ્રિલ ફૂલ બનવા જેવું જ છે. ■

---

ફિલ્મનામા

નરેશ શાહ


# છલાત્કાર - ખલનાયક ને સાહિત્યના લાદેન

## પોતાના મૌલિક વિચારો અને લાઇફ સ્ટાઇલથી અત્યંત ચર્ચાસ્પદ રહેલા હિન્દી સાહિત્યકાર રાજેન્દ્ર યાદવની દુનિયામાં ડોકિયું...

'અગર (હિન્દી) સાહિત્ય કે અમિતાભ બચ્ચન નામવર સિંહ હૈ તો હમારે જમાને કે ખલનાયક રાજેન્દ્ર યાદવ ધર્મેન્દ્ર સે કોઇ કમ નહીં. ખબરોં મેં રહેને કે મામલે મેં ઉન કો હમ સલમાન ખાન કહ સકતે હૈ, જો અચ્છી -બુરી કિસી ભી તરહ કી ખબર મેં છાએ રહેના ચાહતે હૈ. કરીના કપૂર કે 'સાઇઝ ઝિરો' સે મતવાલે હોનેવાલે, લડકિયોં કે પ્રતિ ઉનકી દિવાનગી તબ ભી કમ નહીં હો રહી, જબ 'હથિયાર ભોથરે' (નકામા) હે ચલે હૈં! સ્તબ્ધ કરી દેતું આ લખાણ હિન્દી ભાષી લેખિકા મનીષાનું છે અને જેમના વિષે એ કહેવાયું છે એ હિન્દી ભાષાના અવ્વલ સાહિત્યકાર રાજેન્દ્ર યાદવ અલબત્ત, હવે આપણી વચ્ચે (૨૮મી ઓક્ટોબર, ૨૦૧૩) નથી, પરંતુ આ લખાણ લખાયું અને પ્રસિદ્ધ થયું ત્યારે રાજેન્દ્ર યાદવ જીવિત હતા અને એમની સંમતિથી એ પ્રગટ કરવામાં આવ્યું હતું. મનીષાએ રાજેન્દ્ર યાદવ વિશે લખેલાં એ લેખનું શીર્ષક જુઓઃ

'મર્દાના કમજોરી ઔર જનાના રોગોં કે વિશેષજ્ઞ' આગ્રામાં જન્મેલા અને પંચ્યાસી વરસની ઉંમરે ગુજરી ગયેલા રાજેન્દ્ર યાદવે લખેલી સૌથી પહેલી જ નોવેલ ઉપરથી બાસુ ચેટરજીએ 'સારા આકાશ' નામની ફિલ્મ બનાવેલી તો એમના ઓફિશિયલ પત્ની અને વાર્તાકાર મન્નુ ભંડારીની ત્રણ નવલકથા પરથી રજનીગંધા (યહીં સચ હૈ), સ્વામી (સ્વામી) અને સમય કી ધારા (આપ કા બન્ટી) જેવી ફિલ્મો બની હતી, આ એમની લોકપ્રિય ઓળખ. હિન્દી સાહિત્યમાં પણ એ બન્નેનું મોટું નામ અને કામ. મુન્સી પ્રેમચંદે ૧૯૩૦માં શરૂ કરેલું 'હંસ' નામનું સાહિત્ય સામયિક ૧૯૫૩માં બંધ પડી ગયું હતું., પણ ક્યારેય નોકરી કે નિશ્ચિત આવક માટે કામ ન કરનારા રાજેન્દ્ર યાદવજીએ ૧૯૮૬માં 'હંસ'નું પ્રકાશન ફરી શરૂ કર્યું અને દશકાઓ પછી પણ તેનું પ્રકાશન થઇ રહ્યું છે.

સ્થળ સંકોચને કારણે આપણે યાદવજી અને મન્નુબહેનના સાહિત્યિક યોગદાન, સન્માન કે સામાજિક નિસ્બતની ઘણી વાતને અહીં ન સ્પર્શીએ તો પણ એટલું કહેવું જરૂરી છે કે મન્નુ ભંડારી સાથે રાજેન્દ્ર યાદવ પરણ્યાં. દીકરી રચનાના પિતા બન્યાં. પત્ની મન્નુ ભંડારીથી છેડો ફાડીને રહ્યાં અને ફરી પાછા પોતાની એક લેખિકા મિત્ર મીતાની જ શરણે ગયા. એમને અનેક સ્ત્રી પાત્રો સાથે ઘનિષ્ઠતા હતી અને આ બધી વાત પણ રાજેન્દ્ર યાદવ એમનાં સંસ્મરણોમાં લખી ગયા છે. સાહિત્ય, સ્ત્રી, શરાબ અને સતત ચર્ચાસ્પદ રહે તેવા લખાણ ('પથારીમાં સ્ત્રીનું નીચે હોવું એ જ સ્ત્રીઓને




સેકન્ડ દર્જામાં પહોંચાડે છે!') અને લાઇફ સ્ટાઇલથી હિન્દી સાહિત્યમાં રાજેન્દ્ર યાદવ યાદગાર નહીં, અમર રહેવાના છે.

લેખના આરંભે જેમને ટાંક્યા છે એ મનીષાના મતે તો (બચપણમાં થયેલા અકસ્માતને કારણે રાજેન્દ્ર યાદવને એક પગમાં કાયમી ખોડ આવી ગઇ હતી!) પોતાનામાં રહેલી અધૂરપની લઘુતાગ્રંથિએ જ રાજેન્દ્ર યાદવને હિન્દી સાહિત્યનાં 'ઓસામા બીન લાદેન' બનાવી દીધા હતા. સાહિત્ય ઉપરાંત શરાબશેવન અને સ્ત્રીઓની સંગતને લીધે કાયમ ચર્ચાસ્પદ રહેલા રાજેન્દ્ર યાદવના જીવતેજીવ માત્ર એક પુસ્તક પ્રગટ થયું હતું, જેમાં ત્રેવીસ (પત્ની અને પુત્રી સહિત) લેખિકાઓએ એમના વિશે એટલું જ બેધડક બનીને લખ્યું તેમ જ પૂછયું (ઇન્ટરવ્યુ) જેવું બિન્દાસ રાજેન્દ્ર યાદવ જીવ્યાહતા.

હિન્દી ભાષામાં જેમના નામ આદરથી લેવામાં આવે છે એ (પત્ની) મન્નુ ભંડારી, નિર્મલા જૈન, મૈત્રેયી પુષ્પા, પ્રભા ખેતાન, મમતા કાલિયા, મૃદુલા ગર્ગ, લતા શર્મા જેવી લેખિકા-સંપાદિકા અને ચિત્રા મૃદગલ, જયંતી રંગનાથન, ઉષા મહાજન, અસીમા ભટ્ટ, પુષ્પા સકસેનાએ લીધેલા રાજેન્દ્ર યાદવના બેધડક ઇન્ટરવ્યુમાં ઉઘડતાં યાદવજી આપણા જેવા બીના હિન્દી ભાષીને ચકિત કરવા માટે પૂરતા છે.

રાજેન્દ્ર યાદવના સ્ત્રીઓ સાથેના બોન્ડિંગ-સંબંધની વ્યાખ્યા આપતા પ્રભા ખેતાન એક નવો શબ્દ પ્રયિજે છેઃ છલાત્કાર.... બળપૂર્વક થાય તે બળાત્કાર અને છલપૂર્વક થાય તે છલાત્કાર.! જીવનમાં આ કક્ષા સુધીની નિર્ણયશક્તિમાં દુર્બળ વ્યક્તિને મેં જોઇ નથી. ૩૫ વરસ રાજેન્દ્ર યાદવ સાથે કાઢનારાં અને એમને નિભાવનારાં પત્ની મન્નુ ભંડારીએ પણ પુસ્તકમાં સટીક શૈલીથી પોતાની વાત લખી છે, જે ખરેખર તો રાજેન્દ્ર યાદવ (મૂડ મૂડ કે દેખતા હું : પુસ્તક)ને જવાબ છે.

રાજેન્દ્ર યાદવ કેવા બિન્દાસ હતા એની ઝલક અસીમા ભટ્ટે લીધેલા ઇન્ટરવ્યુમાં આ રીતે બયાન થાય છે. અસીમા એમને શારીરિક સંબંધવાળી સ્ત્રી અન્ય સ્ત્રીઓ વિશે પૂછે છે, જેના જવાબ રાજેન્દ્ર યાદવજી આ રીતે આપે છે:

'મારા સંબંધ એક મહિલા સાથે (મન્નુ ભંડારી ?) પચાસ વરસથી છે, પણ હવે એ સંબંધમાં સેક્સ નથી એટલે કે દોસ્તી કમજોર થઇ ગઇ... જેની સાથે મારે ત્રીસ વરસથી (મીતા?) શરતે સંબંધ હતા કે તેમાં સેક્સ વચ્ચે નહીં આવે, એ સ્ત્રી સાથે મારી આજે પણ દોસ્તી છે... મને લાગે છે, શારીરિક સંબંધ (પછીથી) એક શારીરિક અભ્યાસ બનીને રહી જાય છે એટલે કે માત્ર સેક્સ ધીમે ધીમે ઓસરી જતો હોય છે.. મારી દોસ્તી વધારે પડતી ત્યાં જ છે, જ્યાં સેક્સ નથી. આવી મહિલાઓ આજે ય મારી અંતરંગ મિત્ર છે! ૨૩ લેખિકાએં ઔર રાજેન્દ્ર યાદવ-ચેતનામાં વિસ્ફોટ કરી દે તેવું સ્ફટિક પુસ્તક છે અને એક મૌલિક વ્યકિતને મહિલાઓની આંખે વિવિધ એન્ગલથી જોતો વેરાઇટી એક્સપીરિયન્સ છે. સાહિત્યમાં, સેક્સમાં, બોલ્ડ વિચારો અને પુખ્ત સમજણમાં રસ હોય એમણે એમાંથી પસાર થવાનું દુઃસાહસ કરવા જેવું છે, કારણ કે ભારતીય સાહિત્યનું આ એક અસામાન્ય વ્યક્તિ પર લખાયેલું 'અસામાન્ય' પુસ્તક છે.

'શું તમે કોઇ પરિણીત સ્ત્રીને પ્રેમ કરો ખરા ?' રાજેન્દ્ર યાદવને આવું પુછાયું ત્યારે એમણે કહ્યું કે,

જુઓ, આ 'હાઇપોથેટિકલ' સવાલ છે. હું જો પુરુષનો મિત્ર હોઉં અને એની પત્ની પટાવું તો હું એને દોસ્તીનો ઘાત કર્યો હોવાનું કહું, પણ... જો કોઇ પરિણીત સ્ત્રી (જેના પતિને હું ઓળખતો નથી!) સાથે સીધો મારો સંબંધ થાય તો હું એ સ્ત્રી અને મારા વચ્ચેના સંબંધને સાહજિક સંબંધ જ માનીશ! ■

# માઈક્રોસોફ્ટે પુણેમાં ૧૬ એકર જમીન ૫૨૦ કરોડ રૂપિયામાં ખરીદી લીધી

પુણેઃ પુણે શહેર દેશના માહિતી અને ટેક્નિકલ ક્ષેત્રે એક મહત્ત્વપૂર્ણ શહેર બની ગયું છે. પુણે શહેરમાં અનેક ઈન્ફર્મેશન એન્ડ ટેક્નોલોજીની કંપનીઓ છે. વિશ્વની દિગ્ગજ કંપની માઇક્રોસોફ્ટે પુણે શહેરમાં ફરી સોદો કરી શહેરના હિંજેવાડી વિસ્તારમાં ૧૬.૪ એકર જમીન ૫૨૦ કરોડમાં હસ્તગત કરી છે. આ જમીન ઇન્ડો ગ્લોબલ ઇન્ફોટેક સિટી એલએલપી દ્વારા માઇક્રોસોફ્ટને વેચવામાં આવી હોવાની જાણકારી મળી છે. છેલ્લા ત્રણ વર્ષમાં માઇક્રોસોફ્ટે કુલ ૮૪૮ કરોડ રૂપિયાની જમીન ખરીદી છે. આ પહેલા ૨૦૨૨માં પુણેના પિંપરી ચિંચવડમાં ૨૫ એકર જમીન ૩૨૮ કરોડ રૂપિયામાં ખરીદવામાં આવી હતી. તે સમયે માઇક્રોસોફ્ટે આ જમીન ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ પાસેથી હસ્તગત કરી હતી. અલબત્ત અહીં શું કરવામાં આવશે એની કોઈ વિગત હજી માઈક્રોસોફ્ટ કંપની દ્વારા નથી આપવામાં આવી.

પુણેના હિંજેવાડીમાં હસ્તગત કરેલી જમીનનો સોદો ઓગસ્ટમાં કરવામાં આવ્યો હતો.. તેના માટે ૩૧.૧૮ કરોડ રૂપિયાની રજિસ્ટ્રેશન ફી ચૂકવવામાં આવી છે. આ રજિસ્ટ્રેશન ૬ સપ્ટેમ્બરે થયું હતું. ૨૦૨૪ની શરૂઆતમાં, માઇક્રોસોફ્ટના હેડ ઓફ ઇન્ડિયા કૌશલ પહલે કહ્યું હતું કે તેમનું લક્ષ્ય ૨૦૨૫ સુધીમાં ૨૦ લાખ લોકોને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ડિજિટલ કૌશલ્ય શીખવવાનું છે. પુણે ઉપરાંત માઈક્રોસોફ્ટ દ્વારા આ વર્ષના પ્રારંભમાં હૈદરાબાદમાં પણ ૨૬૭ કરોડ રૂપિયામાં ૪૮ એકર જમીન ખરીદવામાં આવી હતી. ■

# બિલના પૈસા કેમ માગ્યા?: વેઈટરને એક કિ. મી. સુધી કારમાં ઢસડ્યો

મુંબઈઃ મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં બિલ માગવા પર એક વેઈટરને માર મારવામાં આવ્યો હતો. જ્યારે વેઈટર બિલના પૈસા લેવા માટે સ્કેનર લઈને ગ્રાહકોની કાર પાસે ગયો ત્યારે બિલ ભરવાને બદલે કારચાલકોએ વેઈટરને પકડીને લગભગ એક કિલોમીટર સુધી ઢસડીને લઇ ગયા. આ પછી વેઈટરને બંધક બનાવીને આખી રાત માર માર્યો હતો. આ ભયાનક ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

મળતી માહિતી મુજબ બીડ જિલ્લાના માજલગાંવ પાસે સ્થિત ડીંડુડ ગામના એક ઢાબામાં આ ઘટના ઘટી હતી. ત્રણ આરોપીઓએ પહેલા પેટ ભરીને ભોજન લીધું અને જ્યારે વેઈટરે બિલ ભરવાનું કહ્યું ત્યારે તેઓએ ઓનલાઈન પેમેન્ટનું બહાનું બનાવી ક્યુઆર કોડ સ્કેનર લાવવાનું કહ્યું. આ પછી, પૈસા આપવાને બદલે તેઓ તેમની કારમાં ભાગવા લાગ્યા હતા. જ્યારે વેઈટર શેખ સાહિલ અનુસુદ્દીન સ્કેનર લઈને કાર તરફ દોડ્યો, ત્યારે આરોપીઓ તેને પકડીને એક કિલોમીટર સુધી ઢસડીને લઇ ગયા.

વેઈટરને માર મારીને તેના ખિસ્સામાંથી આશરે ૧૧,૫૦૦ રૂપિયા લઇ લીધા હતા. આ પછી, તેને આંખે પાટા બાંધીને કોઈ અજાણી જગ્યાએ બંધક બનાવી આખી રાત મારવામાં આવ્યો. આખરે રવિવારે સવારે પીડિતને ધારુર તાલુકાના ભાઈજાલી શિવરા ખાતે મુક્ત કરવામાં આવ્યો હતો.

ઘટના બાદ વેઈટરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે મુખ્ય આરોપી સખારામ જનાર્દન મુંડે અને અન્ય બે અજાણ્યા લોકો સામે કેસ નોંધ્યો છે અને તપાસ ચાલુ છે. ■

# લાલુ પ્રસાદ યાદવે મુંબઈમાં કરાવી એન્જિયોપ્લાસ્ટી

મુંબઈઃ બિહારના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન તેમ જ આરજેડી (રાષ્ટ્રીય જનતા દળ)ના પ્રમુખ લાલુ પ્રસાદ યાદવની તબિયત લાંબા સમયથી ખરાબ છે અને સારવાર માટે તેમણે મુંબઈની એક હૉસ્પિટલમાં એન્જિયોપ્લાસ્ટી કરાવી હતી. આ પહેલા તેમની કિડની ખરાબ થઇ ગઇ હોવાના કારણે તેઓ કિડની ટ્રાન્સપ્લાન્ટ પણ કરાવી ચૂક્યા છે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ૧૦મી સપ્ટેમ્બરે મુંબઈની હૉસ્પિટલમાં લાલુ પ્રસાદ યાદવની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હતી. ૭૬ વર્ષીય લાલુ પ્રસાદ યાદવની હાલત હાલ એન્જિયોપ્લાસ્ટી બાદ સ્થિર હોવાનું પણ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. ■

# ગણેશ ભક્તો માટે બેસ્ટે શરૂ કરી છે પે ઍન્ડ પાર્ક સુવિધા

મુંબઈઃ મુંબઈના પ્રખ્યાત સાર્વજનિક ગણેશ મંડળના ગણપતિ અને સજાવટ જોવા માટે દેશ-વિદેશના પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. ગુરુવારથી મુંબઈમાં ગણેશ ભક્તોની સંખ્યામાં વધારો થઈ રહ્યો હોવાથી અંગત માલિકીના ટુ-વ્હીલર અને ફોર વ્હીલરની સંખ્યા પણ વધશે એવી ગણતરી સાથે ‘બેસ્ટ’ દ્વારા આ વાહનો પાર્ક કરવા માટે ‘પે એન્ડ પાર્ક’ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. ‘બેસ્ટ’ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે મુંબઈમાં વાહન ચલાવવા કરતાં કોઈ જગ્યાએ વાહન પાર્ક કરવું વધુ મુશ્કેલ છે. મુંબઈના રસ્તાઓ પર વાહનો પાર્ક કરવામાં આવે તો તાત્કાલિક દંડની કાર્યવાહી કરવામાં આવે છે. આથી આ સુવિધા ઉપયોગ થશે. ■

# ગણેશ દર્શન

ગણેશોત્સવમાં વિવિધ થીમ સાથેની સજાવટ સાથે ગણપતિ બાપ્પાની પધરામણી કરાઈ છે. ‘મુંબઈ સમાચાર’ દર વર્ષની જેમ આ વર્ષે પણ આવા સરસ-સરસ મૂર્તિઓના દર્શનનો લાભ આપશે તેના વાચકોને.


હિતેશ જૈન


જયેશ કારિયા (જોગેશ્વરી ઈસ્ટ)


વૃંદાવન ધામ - ડી-વિંગ મુલુન્ડ વેસ્ટ


નમિતા નિલેશ શાહ - ડોમ્બિવલી


પ્રિતેશ જૈન


ડૉ. રત્નપારખી




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| बया | પોપટ |
| चील | ઘુવડ |
| उल्लू | ચકલી |
| गौरैया | સમડી |
| तोता | સુગરી |

## ઓળખાણ પડી?

૧૯૯૦ના દાયકામાં શાહરુખ ખાન રોમેન્ટિક હીરો તરીકે છવાઈ રહ્યો હતો ત્યારે એક કોમેડી એક્શન ફિલ્મ કરી હતી જેમાં એની હિરોઈનની ઓળખાણ પડી?



અ) દીપા સાહી બ) ગાયત્રી જોષી ક) રાની મુખરજી ડ) ટ્વિંકલ ખન્ના

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગ | ણે | ૨ શ | ૩ ચ | ૪ તુ | ર્થી | | ૫ પ | તે | ૬ તી |
| ડ | | ૭ ક | મ | લ | | ૮ ગૌ | રી | | ર |
| | ૯ મ | | ૧૦ ચ | ના | | ૧૧ રી | ક્ષા | | છી |
| ૧૨ અ | નુ | ૧૩ પ | મ | | ૧૪ ભા | વિ | | ૧૫ ઘા | |
| નં | | ક | | ૧૬ હા | | ૧૭ સ | ૧૮ ના | ત | ૧૯ ન |
| ૨૦ ત | ર | ડ | | ૨૧ ઉ | ૨૨ પા | ર્જ | ન | | ખ |
| ચ | | ૨૩ વા | ૨૪ સે | | ૨૫ પા | ન | કી | | રાં |
| ૨૬ તુ | લા | | ૨૭ કે | ૨૮ મે | રા | | | ૨૯ ત | |
| ઈ | | | ૩૦ રી | મ | ઝી | ૩૧ મ | | ૩૨ મં | ૩૩ શા |
| ૩૪ શી | ર્ષા | સ | ન | | | ૩૫ ચે | ન | ચા | ળા |

## શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | | ૪ | | |
| ૫ | | | | ૬ | | | | | ૭ |
| ૮ | | ૯ | | ૧૦ | | ૧૧ | | ૧૨ | |
| ૧૩ | | | ૧૪ | | | ૧૫ | ૧૬ | | |
| | | ૧૭ | | | ૧૮ | | | | |
| | ૧૯ | | | ૨૦ | | | | | |
| ૨૧ | | | ૨૨ | | | | | | ૨૩ |
| ૨૪ | | | | ૨૫ | | ૨૬ | | ૨૭ | |
| | | | ૨૮ | | | ૨૯ | ૩૦ | | |
| ૩૧ | | | | | ૩૨ | | | | |

**આડી ચાવી**

૧. ઓચ્છવ (૪)
૩. સ્પષ્ટતા કરતી રજૂઆત (૪)
૫. નક્કર (૨)
૬. બધા (૨)
૮. ઉત્તમ, શ્રેષ્ઠ (૩)
૧૦. વગાડવું (સંગીતનું સાજ) તે (૩)
૧૨. કવિતા લખે તે (૨)
૧૩. સસરાને ઘરે રહેતો જમાઇ (૫)
૧૫. --- હોય તો માળવે જવાય (૨)
૧૭. વેરાન, જંગલ, ઉજ્જડ (૨)
૧૮. સતત, એકધારું (૫)
૧૯. પદાર્થનો સૂક્ષ્મ કણ (૨)
૨૦. ધુંસરી, ધુરા, ધરપત, વિશ્વાસ (૨)
૨૨. ગંધ પર આધારિત વૈકલ્પિક ચિકિત્સા (૩)
૨૪. ભીલકન્યા (૩)
૨૫. હણવું તે (૩)
૨૭. પતિ થયો એ --- ગયો- ગુ. નાટક (૨)
૨૮. મતલબ, અર્થ, સત્વ (૨)
૨૯. રાગ-આસકિત વિનાનું (૪)
૩૧. કમળ જેવી આંખો વાળી (૪)
૩૨. ભજન કરે તે જીતે (૩)

**ઊભી ચાવી**

૧. પારિજાતનું ફૂલ સુંગધથી --- હોય (૫)
૨. આશાસ્પદ (૪)
૩. અણગમો, વૈરાગ્ય (૩)
૪. હાલત, પરિસ્થિતિ (૨)
૬. ચડિયાતું (૩)
૭. નિરંતર, સતત (૪)
૯. ભેટ (૪)
૧૧. વંદન (૩)
૧૪. આદર, સન્માન (૨)
૧૬. માખણ, સાર (૪)
૧૮. ઇચ્છા, આકાંક્ષા (૪)
૨૦. વારસો, (સાંસ્કૃતિક) (૪)
૨૧. જલસિંચનની વિધિ (૪)
૨૩. વિવિધતા ધરાવતું રંગબેરંગી (૪)
૨૬. નવું (૩)
૨૭. વાણીનું પ્રથમ રૂપ (૨)
૨૮. દ્રષ્ટા, સાખ, શાહેદી (૨)
૩૦. --- જેવું એટલે બિલકુલ સાફ (૨)

## ગુજરાત મોરી મોરી રે

ગની દહીંવાલાની અમર રચના ‘દિવસો જુદાઈના જાય છે’ હિન્દી ફિલ્મ સંગીતના કયા મશહૂર ગાયકના અવાજમાં સ્વરબદ્ધ કરવામાં આવી છે એ જણાવો.

અ) મન્ના ડે બ) મોહમ્મદ રફી
ક) હેમંત કુમાર ડ) તલત મેહમૂદ

## જાણવા જેવું

ચાલીસેક વર્ષમાં સોએક ફિલ્મ બનાવનાર રાઘવેન્દ્ર રાવે કેવળ તેલુગુ અને હિન્દી એમ બે જ ભાષામાં ફિલ્મો ડિરેક્ટ કરી છે. તેમની ૧૮ હિન્દી રિમેકમાંથી ૧૧ના હીરો જીતેન્દ્ર હતા. ‘નિશાના’ (૧૯૮૦)થી રાઘવેન્દ્ર રાવ - જીતેન્દ્ર વચ્ચે હિન્દી રિમેકનો પ્રારંભ થયો જે ‘સુહાગન’ (૧૯૮૬) સુધી ચાલ્યો. ‘હિમ્મતવાલા’, ‘તોફા’, ‘માસ્ટરજી’ તેમની ખૂબ ગાજેલી અને સફળ ફિલ્મો હતી.

## સુડોકુ-૬૦૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | | | | | ૫ |
| ૧ | ૭ | ૯ | | ૫ | | ૩ | ૮ | ૨ |
| | | | ૩ | | ૭ | | | |
| | ૬ | | | ૪ | | | ૫ | |
| | ૪ | | ૨ | | ૧ | | ૩ | |
| | ૯ | | | ૬ | | | ૧ | |
| | | | ૬ | | ૮ | | | |
| ૬ | ૮ | ૭ | | ૩ | | ૫ | ૨ | ૯ |
| ૯ | | | | | | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૮ | ૯ | ૭ | ૩ | ૪ | ૨ | ૧ |
| ૧ | ૩ | ૯ | ૪ | ૨ | ૫ | ૮ | ૬ | ૭ |
| ૪ | ૭ | ૨ | ૬ | ૧ | ૮ | ૫ | ૩ | ૯ |
| ૭ | ૧ | ૫ | ૨ | ૩ | ૪ | ૯ | ૮ | ૬ |
| ૨ | ૯ | ૪ | ૧ | ૮ | ૬ | ૭ | ૫ | ૩ |
| ૩ | ૮ | ૬ | ૭ | ૫ | ૯ | ૧ | ૪ | ૨ |
| ૫ | ૪ | ૧ | ૩ | ૯ | ૨ | ૬ | ૭ | ૮ |
| ૮ | ૨ | ૭ | ૫ | ૬ | ૧ | ૩ | ૯ | ૪ |
| ૯ | ૬ | ૩ | ૮ | ૪ | ૭ | ૨ | ૧ | ૫ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

‘દેવા હો દેવા ગણપતિ દેવા, તુમસે બઢકર કૌન’ ગીત ક્યા અભિનેતા પર ફિલ્માવવામાં આવ્યું છે એ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) પ્રાણ બ) પ્રેમ ચોપડા ક) અમજદ ખાન ડ) નવીન નિશ્ચલ

## નોંધી રાખો

અનેક વાર સાંભળવા મળતું હોય છે કે લોકો જીવનમાં ક્યારે, કેટલા બદલાઈ જતા હોય છે ખબર નથી પડતી. જોકે, મહત્વનું એ છે કોણ ક્યારે કેટલું શીખવી જતા હોય છે.

## માઈન્ડ ગેમ

કુંદનલાલ સાયગલના અમર બની ગયેલાં ગીતો પૈકી ‘એક બંગલા બને ન્યારા’ રાજેશ ખન્નાની કઈ ફિલ્મમાં વગાડવામાં આવ્યું હતું એ કહી શકશો?

અ) ખામોશી બ) દો રાસ્તે
ક) આન મિલો સજના ડ) બહારોં કે સપને

## ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| पीलिया | કમળો |
| पेचिश | મરડો |
| बदहजमी | અપચો |
| मिरगी | વાઈ |
| बुखार | તાવ |

ગુજરાત મોરી મોરી રે
કિરણ કુમાર

ઓળખાણ પડી?
જીવન મૃત્યુ

માઈન્ડ ગેમ
બિરહા કી રાત

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
મિ. લાવારિસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) સુરેખા દેસાઈ (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) મુલરાજ કપૂર (૮) કિશોર જીવનદાસ વેદ (૯) ધિરેન્દ્ર ઉદેશી (૧૦) પ્રતિમા પામાની (૧૧) શીરીન ઔરંગાબાદવાલા (૧૨) તાહેર ઔરંગાબાદવાલા (૧૩) રસિક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૧૪) લજિતા ખોના (૧૫) વિભા મહેશ્વરી (૧૬) ખુશરૂ કાપડીયા (૧૭) નિખિલબેંગાલી (૧૮) શ્રદ્ધા આશર (૧૯) અમિષી બેંગાલી (૨૦) મીનળ કાપડિયા (૨૧) કિશોર બી. સંઘરાજકા (૨૨) પુષ્પા પટેલ (૨૩) જયોતિ ખાંડવાલા (૨૪) મહેન્દ્ર લોઠવિયા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) જયોત્સના ગાંધી (૨૯) રમેશભાઈ દલાલ (૩૦) ઈનાક્ષી દલાલ (૩૧) હિનાબેન દલાલ (૩૨) હર્ષા મહેતા (૩૩) મહેશ દોશી (૩૪) જગદીશ ઠક્કર (૩૫) અરવિંદ કામદાર (૩૬) પ્રવીણ વોરા (૩૭) અંજુ ટોલિયા (૩૮) ભાવના કર્વે (૩૯) વિના સંપટ (૪૦) દેવેન્દ્ર સંપટ (૪૧) રજનીકાંત પટવા (૪૨) સુનિતા પટવા (૪૩) નિતિન બજારીયા (૪૪) કલ્પના આશર (૪૫) પુષ્પા ખોના.

# સોનાચાંદીમાં નરમાઇ, સ્ટાન્ડર્ડ સોનું ₹ ૧૯૨ ગબડ્યુ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સ્થાનિક ઝવેરી બજારમાં લેવાલીના પર્યાપ્ત ટેકાના અભાવે નરમાઇનો માહોલ જોવા મળ્યો હતો. સોનામાં દસ ગ્રામે રૂ. ૧૯૨નો અને ચાંદીમાં એક કિલો દીઠ રૂ. ૨૧૯નો ઘટાડો નોંધાયો હતો. અમેરિકાની ફેડરલ દ્વારા વ્યાજદરમાં ઘટાડા માટેનો કેસ વધુ મજબૂત બન્યો હોવા છતાં તેની બુલિયન બજાર પર કોઇ સેન્ટિમેન્ટલ અસર જોવા મળી નહોતી.



મુંબઇમાં ઝવેરી બજાર ખાતે ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૭૧,૯૯૪ના પાછલા બંધ સામે રૂ. ૭૧,૯૦૯ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે દસ ગ્રામ દીઠ રૂ. ૧૯૩ના ઘટાડા સાથે રૂ. ૭૧,૮૦૧ની સપાટીએ બંધ થયા હતા.

એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૧,૭૦૬ના પાછલા બંધ સામે રૂ. ૭૧,૬૨૧ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે રૂ. ૧૯૨ પ્રતિ દસ ગ્રામના ઘટાડા સાથે રૂ. ૭૧,૫૧૪ની સપાટીએ બંધ થયા હતા.

જ્યારે ઓદ્યોગિક વપરાશકારોની ઠંડી લેવાલી અને એકંદર માગના અભાવમાં નિરસ હવામાન વચ્ચે .૯૯૯ ટચની હાજર ચાંદીના ભાવ રૂ. ૮૩,૪૦૭ના પાછલા બંધ સામે રૂ. ૮૩,૨૦૩ની નરમ સપાટીએ ખૂલ્યા હતા અને અંતે વધુ ગબડીને રૂ. ૨૧૯ના ઘટાડા સાથે રૂ. ૮૩,૧૮૮ પ્રતિ કિલોની સપાટીએ બંધ રહ્યાં હતાં. દેશાવરોમાં નવી દિલ્હી ખાતે સોનામાં રૂ. ૨૫૦નો ઘટાડો નોંધાયો હતો, જ્યારે ચાંદી પ્રતિ કિલો રૂ. ૨,૦૦૦ વધીને ૮૭,૦૦૦ના સ્તર ફરી રહાંસલ કરી ચૂકી છે. અખિલ ભારતીય સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, દેશની રાજધાનીમાં ગુરુવારે સોનાના ભાવ રૂ. ૨૫૦ ઘટીને રૂ. ૭૪,૩૫૦ પ્રતિ ૧૦ ગ્રામ થયા હતા, જ્યારે ચાંદીના ભાવ ૮૭,૦૦૦ના સ્તરે ફરી વળ્યા હતા. બુધવારે કિંમતી ધાતુ અથવા શુદ્ધ સોનું (૯૯.૯ ટકા શુદ્ધતા) ૭૪,૬૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું. જોકે, ગુરુવારે ચાંદીના ભાવ રૂ. ૨,૦૦૦ વધીને રૂ. ૮૭,૦૦૦ પ્રતિ કિલોગ્રામની બે સપ્તાહની ટોચે પહોંચી ગયા હતા. ■

# તોફાની તેજીઃ શેરબજાર નવી વિક્રમી ઊંચી સપાટીએ, રોકાણકારોની મતામાં ₹ ૬.૯૦ લાખ કરોડનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકાના ઇન્ફ્લેશન ડેટા અપેક્ષા અનુસાર આવાયા બાદ ફેડરલ રિઝર્વ પણ અપેક્ષા અનુસાર વ્યાજદરમાં ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરશે એવી આશા વચ્ચે વૈશ્વિક ઇક્વિટી બજારોમાં આવેલા ઉછાળા અને વિદેશી ભંડોળના પ્રવાહમાં વધારો થવાની અપેક્ષા વચ્ચે ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં નીકળેલી લેવાલીના ટેકે નિફ્ટી જીવનકાળની ટોચે સ્થિર થયો હતો. એ જ સાથે બેન્ચમાર્ક સેન્સેક્સ ૧૪૪૦ પોઇન્ટની જોરદાર છલાંગ સાથે ગુરુવારે પ્રથમ વખત ઐતિહાસિક ૮૩,૦૦૦ની સપાટીએ પહોંચ્યો હતો.

સેન્સેક્સને ઇતિહાસમાં પ્રથમ વખત ૮૩,૦૦૦ના સ્તરે પહોંચાડનારી તેજી ખાસ કરીને સત્રના છેલ્લા કલાકમાં જોવા મળી હતી અને પરિણામે બેરોમીટર ૧,૫૯૩.૦૩ પોઈન્ટ અથવા ૧.૯૫ ટકા વધીને ૮૩,૧૧૬.૧૯ ના જીવનકાળની ઈન્ટ્રા-ડે ટોચે પહોંચ્યો હતો. સત્રને અંતે ઈન્ડેક્સ ૧,૪૩૯.૫૫ પોઈન્ટ અથવા ૧.૭૭ ટકા વધીને ૮૨,૯૬૨.૭૧ની વિક્રમી સપાટીએ બંધ રહ્યો હતો. રોકાણકારોની મતામાં આ સત્રમાં લગભગ રૂપિયા ૬.૯૦ લાખ કરોડનો ઉમેરો થયો છે.

એ જ રીતે, એનએસઇનો બેન્ચમાર્ક ઇન્ડેક્સ નિફ્ટી ૪૭૦.૪૫ પોઈન્ટ અથવા ૧.૮૯ ટકા વધીને ૨૫,૩૮૮.૯૦ પોઇન્ટની વિક્રમી સપાટીએ બંધ રહ્યો હતો. બેન્ચમાર્ક ૫૧૪.૯ પોઇન્ટ અથવા ૨ ટકાના ઉછાળા સાથે તેની ૨૫,૪૩૩.૩૫ પોઇન્ટની તાજી ઓલ-ટાઇમ ઇન્ટ્રા-ડે હાઇ સપાટી પર પહોંચ્યો હતો.



આ ઉપરાંત આ સત્રની તેજીની બદોલત સપ્ટેમ્બરમાં નિફ્ટી-ફિફ્ટી બેન્ચમાર્ક ૦.૭ ટકાના અને સેન્સેક્સ સમાન સમયગાળા દરમિયાન ૦.૮ ટકાના સુધારા સાથે, માસિક ધોરણે બંને સૂચકાંકોને સકારાત્મક ઝોનમાં જાળવ્યા છે.

ભારતીય શેરબજારે સત્રના અંતિમ કલાકમાં વેગ પકડ્યો હતો અને મુખ્ય બેન્ચમાર્કને નવી ઐતિહાસિક ઊંચાઈ તરફ ધકેલી દીધા હતા. આ તેજીમાં બૅન્કિંગ અને આઇટી ક્ષેત્રના શેરોએ આગેવાની લીધી હતી, જેમાં ઓટો સેક્ટરના શેરોના સુધારાએ પણ બેન્ચમાર્કને નવી ઊંચી સપાટી તરફ લઇ જવામાં ભૂમિકા ભજવી હતી.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ, એચડીએફસી બેન્ક, ઇન્ફોસિસ અને આઇસીઆઇસીઆઇ બેન્ક જેવા હેવીવેઇટ શેરોએ નિફ્ટી ૫૦માં સામૂહિક રીતે ૧૭૧ પોઇન્ટનો ઉમેરો કર્યો હતો, જે આજે તેના કુલ ઉછાળામાં ૩૮ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. આ ઇન્ડેક્સ માટે આ મહિને બીજી વિક્રમી ઊંચી સપાટી છે.

ઈન્ડેક્સના ૫૦ ઘટકોમાંથી, ૪૯ શેર ગ્રીન ઝોનમાં બંધ થયા હતા, જેમાં હિન્દાલ્કોનો શેર ૪.૫ ટકાના વધારા સાથે ગેનર્સની યાદીમાં આગળ રહ્યો છે. ત્યારબાદ ભારતી એરટેલ, એનટીપીસી, શ્રીરામ ફાઇનાન્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, જેએસડબલ્યુ સ્ટીલ, આઇશર મોટર્સ, ઓએનજીસી, અદાણી પોર્ટ્સ એન્ડ એસઇઝેડ, વિપ્રો અને ગ્રાસિમ ઇન્ડસ્ટ્રીઝે ત્રણથી ૪.૫ ટકાની વચ્ચેનો વધારો નોંધાવ્યો હતો.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, યુએસ બોન્ડ યીલ્ડમાં ઘટાડો અને આગામી સપ્તાહની પોલિસી મીટિંગમાં યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની અપેક્ષાએ ભારે આશાવાદને વેગ આપ્યો હતો. જો કે યુએસ સીપીઆઈ ડેટા આક્રમક રેટ કટ માટે પ્રેરક બની શકે એવા નથી પરંતુ, તાજેતરના આર્થિક રીડિંગ્સ દર્શાવે છે કે અર્થતંત્ર આગળ જતાં પડકારોનો સામનો કરી શકે છે અને તેથી ફેડરલ રીજર્વ રેટ કટ માટે આગળ વધી શકે છે.

અગ્રણી મ્યુચ્યુઅલ ફંડના રિસર્ચ સ્ટ્રેટેજિસ્ટે જણાવ્યું હતું કે, સ્થાનિક બજારોમાં અતિશય ઊંચા મૂલ્યાંકનની ચિંતા છતાં રીટેલ મનીનો પ્રવાહ ચાલુ રહ્યો હોવાથી એવું જણાઇ રહ્યું છે કે, રોકાણકારો ધીમી ગતિમાં સપડાઇ ગયેલી વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ભારતના સ્થિતિસ્થાપક અર્થતંત્ર વિશે ઉત્સાહિત છે.

ટેકનિકલી રીતે, નિફ્ટી ૨૫૨૦૦ની ઉપર બંધ થવો એ સારો સંકેત છે અને આગામી પ્રતિકાર ૨૫૫૮૦ની ઉપર છે. સપ્ટેમ્બરના અંત સુધીમાં નિફ્ટી ૨૫૬૦૦-૨૫૭૦૦ના સ્તરની રેન્જમાં પહોંચી શકે એવી ભારે સંભાવના છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં એકમાત્ર નેસ્લે ૦.૦૯ ટકા ઘટ્યો હતો, બાકીના ૨૯ શેરો વધ્યા હતા, જેમાં મુખ્યત્વે ભારતી એરટેલ ૪.૩૬ ટકા, એનટીપીસી ૩.૮૭ ટકા, મહિન્દ્ર એન્જ મહિન્દ્ર ૩.૩૬ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૩.૦૬ ટકા, અદાણી પોર્ટ ૨.૯૪ ટકા, સ્ટેટ બેન્ક ૨.૫૭ ટકા, ટેક મહિન્દ્ર ૨.૪૪ ટકા, તાતા સ્ટીલ ૨.૪૩ ટકા, લાર્સન ૨.૪૩ ટકા, અને કોટક બેન્ક ૨.૦૮ ટકા વધ્યા હતા. ■

# એનસીએલટીનો એસ્સારની સબ્સિડરી સામે નાદારીની કાર્યવાહી અટકાવી

મુંબઇઃ નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (એનસીએલટી)એ મંગળવારે એસ્સાર ગ્રુપની પેટા કંપની એસ્સાર ઓઇલ એન્ડ ગેસ એક્સપ્લોરેશન એન્ડ પ્રોડક્શન લિમિટેડ સામે નાદારીની કાર્યવાહી પર સ્ટે મૂક્યો હતો.

ગ્રેકા ગ્રીન સોલ્યુશન્સ (ઈન્ડિયા) લિમિટેડે રૂ. ૨૪.૩૮ કરોડ ચૂકવ્યા વગરના બાકી લેણાંનો દાવો કરતી અરજી દાખલ કર્યા પછી એનસીએલટીની અમદાવાદ બેન્ચે છઠી સપ્ટેમ્બરે એસ્સાર ઓઈલ એન્ડ ગેસ એક્સપ્લોરેશન એન્ડ પ્રોડક્શન સામે નાદારીની કાર્યવાહી શરૂ કરી હતી.

એનસીએલટીએ આ કેસમાં વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે એનપીવી ઈનસોલ્વન્સી પ્રોફેશનલ્સના ડિરેક્ટર મોહિત બી અડતીયાની નિયુક્ત કરી છે.એપેલેટ ટ્રિબ્યુનલે એનસીએલટીની અમદાવાદ બેંચના આદેશ પર સ્ટે મૂક્યો હતો અને એસ્સાર ઓઈલ અને ગેસ એક્સપ્લોરેશનના સસ્પેન્ડેડ ડિરેક્ટર પંકજ કાલરા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર ગ્રીકા ગ્રીનને નોટિસ જારી કરી હતી. આગામી સુનાવણી છઠી નવેમ્બરે રાખવામાં આવી છે. ■

# સાર્વત્રિક લેવાલી વચ્ચે તમામ ક્ષેત્રીય ઇન્ડેક્સમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં જોરદાર તેજીના તોફાન વચ્ચે ગુરુવારે પહેલી જ વખત સેન્સેક્સે ઇન્ટ્રા ડે ૮૩,૦૦૦ની સપાટી વટાવી હતી. સેન્સેક્સ ૮૧,૯૩૦.૧૮ ખૂલીને ઊંચામાં ૮૩,૧૧૬.૧૯ સુધી અને નીચામાં ૮૧,૫૩૪.૨૯ સુધી જઈને અંતે ૮૨,૯૬૨.૭૧ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૩૦માંની ૨૯ સ્ક્રિપ્સ વધી હતી અને માત્ર એક સ્ક્રિપ્સ ઘટી હતી.

એકસચેન્જમાં ૪,૦૬૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૩૩૭ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૬૦૯ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૨૩ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૭૮ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૩૬ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૩૨ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૭૯ ટકા વધ્યો હતો.

સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૮૧ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૨.૫૯ ટકા ઘટ્યો હતો.

બધા સેકટરલ ઈન્ડાયસીસ વધ્યા હતા, જેમાં મેટલ ૩.૦૫ ટકા, ટેલિકોમ ૨.૬૧ ટકા, ટેક ૨.૦૬ ટકા, પાવર ૨.૦૨ ટકા, ઓટો ૧.૯૯ ટકા, યુટિલિટીઝ ૧.૯૩ ટકા, કોમોડિટીઝ ૧.૮૫ ટકા, એનર્જી ૧.૬૮ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૬૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૬૪ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ અને સર્વિસીસ ૧.૫૪ ટકા, આઈટી ૧.૫૩ ટકા, બેન્કેક્સ ૧.૫૨ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૪૭ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૧.૩૯ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૩૪ ટકા, હેલ્થકેર ૧.૧ ટકા, એફએમસીજી ૦.૯૭ ટકા અને રિયલ્ટી ૦.૯૧ ટકા વધ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૫૨.૮૫ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૬૪૫ સોદામાં ૩,૦૭૨ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૯,૫૧,૯૭૧ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૨૬,૩૯,૯૭૮.૯૦ કરોડનું રહ્યું હતું. ■

# ઈરડાના નવા નિયમોને કારણે પ્રીમિયમમાં વધારો

મુંબઇઃ ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (ઇરડા)ના નવા નિયમોની ડેડલાઈન પૂર્ણ થવાના આરે પહોંચી છે અને તેને કારણે પોલિસીના પ્રીમિયમમાં વધારો થયો છે, પરંતુ પોલિસીધારકોને વીમા કંપનીઓ દ્વારા નવ નિયમના પાલનથી લાભ થવાની અપેક્ષા છે.

ઇરડાએ હાલમાં જ પોલિસીધારકો માટે સુલભતા પ્રદાન કરતાં અનેક મોટા નિર્ણયો લીધા છે. જેમાં લાઈફ, હેલ્થ અને જનરલ સહિત તમામ પ્રકારના ઈન્સ્યોરન્સ સામેલ છે. નવી હેલ્થ પોલિસી સંબંધિત નવો નિયમ ૧ એપ્રિલથી લાગુ થઈ ચૂકયા છે. ઈન્સ્યોરન્સ કંપનીઓ પાસે નવા નિયમો લાગુ કરવા માટે ૩૦ સપ્ટેમ્બર સુધીનો સમય હતો.

ઈન્સ્યોરન્સ કંપનીએ એક કલાકની અંદર જ કેશલેસ ઓથોરાઈઝેશનની અરજી મંજૂર કરવી આવશ્યક છે. નવા નિયમો હેઠળ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયાના ત્રણ કલાકની અંદર ફાઈનલ ઓથોરાઈઝએશન મંજૂર કરવુ પડશે.

ઈન્સ્યોરન્સ કંપનીઓ અનુસાર, નવા નિયમો લાગુ થવાથી પ્રીમિયમમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો થયો છે. મોટાભાગની કંપનીઓએ આ વર્ષે હેલ્થ પોલિસીના પ્રીમિયમ વધાર્યા છે. નવા નિયમો અંગે વીમા કંપનીના અધિકારીએ કહ્યું કે, ઇરડાએ ગ્રાહકોના હિતમાં માસ્ટર સર્ક્યુલર રજૂ કર્યું છે. જેમાં પોલિસીનું કવરેજ અને વેઇટિંગ પિરિયડ અંગેની સ્થિતિ સ્પષ્ટતા કરવામાં આવી છે.

ઇરડા સ્વાસ્થ્ય ઈન્સ્યોરન્સના સંદર્ભમાં વસ્તુઓને સરળ બનાવી રહ્યું છે. આ માટે પોલિસીધારકોએ થોડી વધારે કિંમત ચૂકવવી પડે છે. અગાઉ હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસી પર ક્લેમ કરવા માટે મોરેટોરિયમ પીરિયડ આઠ વર્ષનો હતો. ઈઇરડાએ હવે તે ઘટાડીને પાંચ વર્ષનો કર્યો છે.

નવા નિયમો અનુસાર, હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસીનું કવરેજ પાંચ વર્ષ માટે છે, ત્યારબાદ ઈન્સ્યોરન્સ કંપની નોન-ડિસ્કલોઝર, ખોટી રજૂઆતના આધારે કોઈપણ પોલિસી અથવા ક્લેમ પર કોઈ પ્રશ્ન ઉઠાવી શકશે નહીં. જો કે, છેતરપિંડીના કિસ્સામાં, તે ક્લેમ વિશે પ્રશ્નો પૂછી શકે છે.

ઘણીવાર એવું જોવામાં આવે છે કે ક્યારેક પોલિસીધારક એક વર્ષમાં કોઈ ક્લેમ ન લે તો ઈન્સ્યોરન્સ કંપનીઓ કોઈપણ વધારાના પ્રીમિયમ વિના ઈન્સ્યોરન્સની રકમ વધારી દે છે. નવા નિયમો અનુસાર કંપનીઓએ પોલિસીધારકને વિકલ્પ આપવો પડશે.

આનો અર્થ એ છે કે પોલિસીધારકો તેમની ઈન્સ્યોરન્સની રકમ વધારી શકે છે. અથવા તમે પોલિસી રિન્યુઅલ સમયે પ્રીમિયમમાં ડિસ્કાઉન્ટ મેળવી શકે છે. આનાથી તે પોલિસીધારકોને ફાયદો થશે જેમને પાછલા વર્ષોમાં થયેલા વધારાને કારણે તેમના પ્રીમિયમ ભરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ■

# દેશની ૬૭ ટકા બેન્કોની થાપણોમાં ઘટાડા અને ધિરાણમાં વૃદ્ધિનો દોર ચાલુ

## આરબીઆઇ અગાઉથી જ ચિંતત

મુંબઇઃ દેશની ૬૭ ટકા બેન્કોની થાપણોમાં ઘટાડા અને ધિરાણમાં વૃદ્ધિનો દોર ચાલુ રહ્યો છે, જે બેન્કિંગ સેકટર માટે સારી બાબત નથી. દેશની બેન્કિંગ નિયામક રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ)એ આ અંગે અગાઉ જ ચિંતા વ્યક્ત કરી છે. બેન્કો દ્વારા આપવામાં આવતી લોનનો ગ્રોથ ડિપોઝિટ કરતાં વધવાથી દેશની બેન્કિંગ પ્રણાલી સમક્ષ રોકડના પડકારો ઉભા થાય તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે.

ઉદ્યોગ સંગઠન ફિક્કી અને આઇબીએના સંયુક્ત રિપોર્ટમાં આ આશંકા વ્યકત કરાતાં ભલામણ કરવામાં આવી છે કે, લોન ગ્રોથ સાથે તાળો બેસાડવા ડિપોઝિટમાં વધારો અને લોન ખર્ચમાં ઘટાડો કરવો જરૂરી છે, તમામ બેન્કોએ હવે આ મુખ્ય એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરવા ભલામણ પણ કરી છે.

રિપોર્ટ મુજબ, ૬૭ ટકા બેન્કોની કુલ ડિપોઝિટમાં ચાલુ ખાતા અને બચત ખાતાની ડિપોઝિટનો હિસ્સો ઘટ્યો છે. બેન્કો પાસેથી મળેલી માહિતી અનુસાર, પાછલા કેટલાક મહિનામાં ઊંચા અને આકર્ષક દરોના કારણે ફિક્સ્ડ ડિપોઝિટમાં વૃદ્ધિ નોંધાઈ છે.

જાહેર સેક્ટરની ૮૦ ટકા બેન્કોએ ૨૦૨૪ના પ્રથમ છ માસમાં બચત અને ચાલુ ખાતા (કાસા)માં જમા રકમનો હિસ્સો ઘટ્યો હોવાનું જણાવ્યું હતું. ખાનગી સેક્ટરની અડધાથી વધુ બેન્કોએ ચાલુ અને બચત ખાતામાં ડિપોઝિટનો હિસ્સો ઘટ્યો હોવાનું જણાવ્યું હતું.

આ સર્વેમાં સરકારી, ખાનગી અને વિદેશી બેન્કો સહિત કુલ ૨૨ બેન્કોએ ભાગ લીધો હતો, જે કુલ બેન્કિંગ ઇન્ડસ્ટ્રીમાં ૬૭ ટકા હિસ્સો ધરાવે છે. રિપોર્ટ અનુસાર, ૭૧ ટકા બેન્કોએ પાછલા છ મહિનામાં નોન-પરફોર્મિંગ એસેટ્સ (એનપીએ)ના સ્તરમાં ઘટાડો નોંધાવ્યો છે.

આ સમયગાળા દરમિયાન જાહેર ક્ષેત્રની ૯૦ ટકા બેન્કોની એનપીએમાં ઘટાડો થયો છે જ્યારે ૬૭ ટકા ખાનગી બેન્કોએ ઘટાડો દર્શાવ્યો છે. આ પાછળનું એક કારણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર પર સરકારના મૂડી ખર્ચને પ્રોત્સાહન આપવાનું હોઈ શકે છે.

બેન્કિંગ ક્ષેત્રના અભ્યાસુઓ અનુસાર નવીનતાને પ્રોત્સાહન આપવા, સર્વિસ ડિલિવરીમાં સુધારો કરવા અને નાણાકીય સમાવેશને વધારવા માટે બેન્કો અને ફાઇનાન્શિયલ ટેક્નોલોજી કંપનીઓ વચ્ચેની ભાગીદારીમાં હજુ પણ અપાર સંભાવના છે. ■

# આયર્ન ઓરના ભાવ ગબડી બે વર્ષના તળિયે પહોંચ્યા, ભારતની નિકાસને ફટકો પડવાની ભીતિ

મુંબઈઃ ચીનમાંથી નબળી માગને પરિણામે આયર્ન ઓરના વૈશ્વિક ભાવ પ્રતિ ટન ૯૦ ડોલરની અંદર સરકીને બાવીસ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયા છે. ચીનમાં સ્ટીલ તથા સ્ટીલ પ્રોડકટસ માટેની માગમાં નજીકના ભવિષ્યમાં સુધારો થાય તેવી અપેક્ષા ના હોવાને પરિણામે સ્ટીલનું ઉત્પાદન નીચા સ્તરે જળવાઈ રહેવાની ધારણાં છે.

સ્ટીલ ઉત્પાદનમાં નબળાઈની સીધી અસર આયર્ન ઓરની માગ પર પડી રહી છે, કારણ કે આયર્ન ઓર સ્ટીલનો મુખ્ય કાચો માલ છે. ૨૦૨૩માં સ્ટીલના કુલ વૈશ્વિક ઉત્પાદનમાં ચીનનો હિસ્સો ૫૫ ટકા જેટલો રહ્યો હતો. વૈશ્વિક ભાવ ઘટી જતા ભારત ખાતેથી ઓરની નિકાસને ફટકો પડવાની શકયતા જોવાઈ રહી છે.

ચીનમાં રિઅલ એસ્ટેટ ઉદ્યોગની મંદીએ સ્ટીલ વપરાશમાં ઘટાડો કરાવ્યો છે. આયર્ન ઓરની માગ ઘટી જતા વિશ્વ બજારમાં તેનો પૂરવઠો વધી ગયો છે જેને પરિણામે ભાવ દબાણ હેઠળ આવી ગયા છે.પ્રોત્સાહનો પૂરા પાડી રિઅલ એસ્ટેટ માર્કેટને બેઠી કરવાના ચીનના પ્રયાસોના ખાસ પરિણામ જોવા મળ્યા નથી.

રિઅલ એસ્ટેટ માર્કેટ ઉપરાંત ચીનનું અર્થતંત્ર પણ મંદ પડી ગયું છે. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે પણ ઓરના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જાન્યુઆરીમાં આયર્ન ઓરના વૈશ્વિક ભાવ જે પ્રતિ ટન ૧૪૦ ડોલર બોલાતા હતા તે હાલ ૯૦ડોલર આસપાસ આવી ગયા હોવાનું ફેડરેશન ઓફ ઈન્ડિયન મિનરલ ઈન્ડસ્ટ્રીઝના સુત્રોએ જણાવ્યું હતું. ■

# તહેવારોની જોરદાર માગની આશાએ કન્ઝ્યુમર કંપનીઓએ ઉત્પાદનમાં બમણો વધારો કર્યો

નવી દિલ્હીઃ તહેવારોની જોરદાર માગની આશાએ કન્ઝ્યુમર કંપનીઓએ ઉત્પાદનમાં બમણો વધારો કર્યો છે. એક અભ્યાસ અનુસાર આ કંપનીઓ ઇલેક્ટ્રોનિક્સ, એપેરલ સેક્ટરનું માગ પૂરી કરવા માટે પ્રીમિયમ મોડલ પર ફોકસ કરી રહી છે.

સાધનો અનુસાર કન્ઝ્યુમર કંપનીઓ તહેવારોમાં જોરદાર માગની આશા સેવી રહી છે. આ માગને પહોંચી વળવા માટે કંપનીઓએ ૧૫ ટકા સુધી ઉત્પાદન વધાર્યું છે. નોંધવું રહ્યું કે ગત વર્ષે તહેવારો દરમિયાન આ કંપનીઓએ ઉત્પાદનમાં સાત ટકા સુધીનો વધારો કર્યો હતો.

રિટેલર્સ પણ તહેવારોની સીઝનમાં વધુ વેચાણની આશાએ ગત વર્ષની તુલનાએ વધુ સ્ટોક મગાવી રહ્યાં છે. ઇલેક્ટ્રોનિક્સ અને એપેરલ કંપનીઓ પહેલાથી જ તૈયારી કરી રહી છે. તાજેતરના સમય દરમિયાન વધુ ગરમી અને ત્યારબાદ ભારે વરસાદ જેવા પડકારો વચ્ચે પણ તેઓએ તહેવારોને ધ્યાનમાં રાખીને મેન્યુફેક્ચરિંગ ચાલુ રાખ્યું હતું.

આ સેક્ટર્સની કંપનીઓ માંગ પૂરી કરવા માટે પ્રીમિયમ મોડલો પર ફોકસ કરી રહી છે. ઋઋઈઋઋ અને કન્ઝ્યુમર ડ્યૂરેબલ્સ જેવા સેક્ટર્સના ઉત્પાદનમાં પણ ઉછાળો નોંધાયો છે. કંપનીઓ સપ્લાય ચેઇન પર ધ્યાન આપી રહી છે અને ટીવીનું વેચાણ સર્વાધિક વધવાની અપેક્ષા સેવી રહી છે.

આ વર્ષે ગરમી દરમિયાન અપેક્ષિત બિઝનેસ ન થવાથી અનેક કંપનીઓ અને રિટેલર્સની પાસે ઇન્વેન્ટરી એટલે કે વણવેચાયેલો સ્ટોક વધ્યો છે. આ જ કારણથી આ સ્ટોકને ક્લિયર કરવા માટે કંપનીઓ સરેરાશથી વધુ ડિસ્કાઉન્ટ અને ઑફર આપવા પર વિચારી રહી છે.

આ વખતે નીચા ભાવના અને એન્ટ્રી લેવલની પ્રોડક્ટ્સ પર વધુ ડિસ્કાઉન્ટ મળી શકે છે. તહેવારો દરમિયાન બ્રાન્ડ્સ વધુ ઓફરો લઈને આવશે, કારણ કે ઘણી બ્રાન્ડ્સના વાર્ષિક વેચાણમાં એકલા ઓક્ટોબરનો હિસ્સો સામાન્ય રીતે ૨૦ ટકાથી વધુ હોય છે. ■

# ક્રિપ્ટોમાં માનસ ખરડાયુંઃ બિટકોઈન ઈટીએફમાંથી ૧.૨૦ અબજ ડોલરનો આઉટફલો

મુંબઈ : વૈશ્વિક સ્તરે ક્રિપ્ટો કરન્સી અંગે સેન્ટિમેન્ટ ખરડાયેલું જણાઇ રહ્યું છે. અમેરિકાના બિટકોઈન એકસચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ)માંથી છઠી સપ્ટેમ્બરના સમાપ્ત થયેલા આઠ દિવસમાં ૧.૨૦ અબજ ડોલરનો આઉટફલોસ જોવા મળ્યો છે. કુલ ૧૨ ઈટીએફસમાંથી રોકાણકારોએ નાણાં પાછા ખેંચી લીધા છે.

અમેરિકામાં આર્થિક વિકાસના અનિશ્ચિત વાતાવરણ વચ્ચે શેરબજારો તથા કોમોડિટીસ માર્કેટમાં વોલેટિલિટીની અસર ક્રિપ્ટોસ જેવી જોખમી એસેટસ પર પણ જોવા મળી રહી છે. વિશ્વ બજારોની સ્થિતિ પણ હાલમાં પડકારરૂપ છે.

અમેરિકામાં મિશ્ર જોબા ડેટા ઉપરાંત ચીનમાં ભાવમાં ઘટાડા તરફી દબાણથી ટ્રેડરોનું માનસ ખરડાયું છે. ક્રિપ્ટો કરન્સીસ બજારનો આધાર વૈશ્વિક ઈક્વિટી માર્કેટસની ચાલ પર પણ રહેલો છે. વર્તમાન મહિનામાં બિટકોઈન અંદાજે સાત ટકા જેટલો ઘટી ગયો છે.

પાછલા સોમવારે મોડી સાંજે બિટકોઈનનો ભાવ ૫૫૦૨૭ ડોલર બોલાતો હતો. એથરમનો ભાવ ૨૩૧૭ ડોલર મુકાતો હતો. ક્રિપ્ટો કરન્સીસની વૈશ્વિક માર્કેટ કેપ ઘટી ૧.૯૫ ટ્રિલિયન ડોલર રહી હતી. ગયા સપ્તાહના અંતે બિટકોઈનનો ભાવ ઘટી ૫૩૦૦૦ ડોલરની અંદર સરકી ગયો હતો. અમેરિકામાં બિટકોઈન ઈટીએફસનો વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં પ્રારંભ થયો હતો. આ ઈટીએફસ બિટકોઈનમાં સીધું રોકાણ કરે છે. માર્ચમાં બિટકોઈનનો ભાવ ૭૩૭૯૮ ડોલર જેટલો ઊંચો જોવા મળ્યો હતો. હવે ઇક્વિટી માર્કેટમાં સુધારો આવી રહ્યો છે ત્યારે ક્રિપ્ટો પર કેવી અસર થાય છે એ જોવું રહ્યું! ■

# ઇક્વિટી બજારના અનિશ્ચિત ટ્રેન્ડ છતાં એસઆઇપીમાં રૂ. ૨૩,૫૪૭ કરોડનું વિક્રમી રોકાણ

નવી દિલ્હીઃ એક તરફ મોટાભાગના રોકાણકારો બેંકોમાં ફિક્સ ડિપોઝીટ્સ રાખવાનું ટાળી રહ્યા છે તો બીજી તરફ વધુ રિટર્ન મેળવવા માટે લોકો ઇક્વિટી અને મ્યુચ્યુઅલ ફંડ્સ જેવા સેગમેન્ટમાં જંગી રોકાણ કરી રહ્યા છે. મ્યુચ્યુઅલ ફંડ એસઆઈપી યોગદાન ઓગસ્ટમાં સતત બીજા મહિને રૂ. ૨૩ હજાર કરોડને વટાવી ગયું છે.

ઓગસ્ટમાં રોકાણકારોએ તેમાં રૂ. ૨૩,૫૪૭ કરોડનું રોકાણ કર્યું હતું, જે જુલાઈમાં રૂ.૨૩,૩૩૨ કરોડની તુલનાએ વધ્યું છે. ઇક્વિટી માર્કેટમાં મિશ્ર ટ્રેન્ડ તેમજ વૈશ્વિક સ્તરે સતત વધી રહેલા જીઓ પોલિટીકલ ઇશ્યુ વચ્ચે પણ રોકાણકારોને ઇક્વિટી સાથે મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ પ્રત્યે આકર્ષણ વધ્યું છે.

કંપનીઓ દ્વારા આવી રહેલા નવા ફંડ ઓફરમાં પણ રોકાણ પ્રવાહ ઝડપી વધી રહ્યો છે. ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ ૩ ટકા વધીને રૂ. ૩૮,૨૩૯ કરોડ થયું હતું જે જુલાઈમાં રૂ. ૩૭,૧૧૩ કરોડ હતું. તે જ સમયે, સેક્ટોરલ અથવા તો થિમેટિક ફંડ્સમાં રોકાણ એક ટકા ઘટીને રૂ.૧૮,૧૧૭ કરોડ થયું છે.

આ સિવાય ઓગસ્ટમાં ઊક્જ્જઅને ફોકસ્ડ ફંડ્સ સિવાય તમામ કેટેગરીમાં રોકાણ જળવાઇ રહ્યું હતું જ્યારે ઊક્જ્જ ફંડ્સ અને ફોકસ્ડ ફંડ્સમાંથી સતત પાંચમા મહિને આઉટફલો ચાલુ રહ્યો હતો. ઓવરનાઈટ ફંડ્સમાં સૌથી વધુ રોકાણ નોંધાયું હતું.

ઓગસ્ટમાં લિક્વિડ ફંડમાં રૂ.૧૫,૧૦૫ કરોડનું રોકાણ હતું, જ્યારે જુલાઈમાં રૂ. ૪,૪૫૧ કરોડનું રોકાણ હતું. તે જ સમયે, રોકાણકારો ડેટ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાથી દૂર રહ્યાં છે. ઓગસ્ટમાં રૂ.૪૫,૧૬૯ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું. જે જુલાઈ કરતાં ૬૨ ટકા ઓછું છે.

જુલાઈમાં ૧.૧૯ લાખ કરોડ રૂપિયાનું રોકાણ નોંધાયું હતું. હાઇબ્રિડ ફંડમાં કુલ રોકાણ ૪૩ ટકા ઘટ્યું છે. ઓગસ્ટમાં ૧૦ હજાર કરોડ રૂપિયા હતું જે જુલાઈમાં ૧૭,૪૩૬ કરોડ રૂપિયાનું થયું. મ્યુચ્યુઅલ ફંડ સંચાલન હેઠળની અસક્યામતો વધીને ૬૭ લાખ કરોડ પહોંચી છે. ■

# કચ્છના નાના રણમાં ખેલાયેલાં ધીંગાણા કેસમાં ભચાઉ પાલિકાના પૂર્વ પ્રમુખનું આત્મસમર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ:કચ્છના સીમાવર્તી રાપર તાલુકાના કાનમેર આસપાસના નાનાં રણમાં મીઠું પકવવા માટે ઘુડખર અભયારણ્યની હજારો એકર જમીનો પર ગેરકાયદે કબજો જમાવવા બંદૂકના ભડાકે દિનેશ ખીમજી કોલી નામના શખ્સને બંદૂકના ભડાકે ઠાર કરીને અન્ય ચાર જણ પર મારક હથિયારો વડે જીવલેણ હુમલો કરવાના રાજ્યભરમાં ચર્ચાસ્પદ બનેલા ગુનામાં અત્યાર સુધી પોલીસ પકડથી દૂર રહેલો અને ફરાર જાહેર કરવામાં આવેલો એવો ભચાઉ નગરપાલિકાનો પૂર્વ પ્રમુખ અશોક ઝાલા આખરે પોલીસના શરણે આવ્યો છે.

ચકચારી ગેંગવોરના બનાવ અંગે ગત ૧૩મી મેના રોજ ૧૭ આરોપીઓ સામે હત્યા, હત્યાનો પ્રયાસ, ફાયરિંગ, એટ્રોસિટી સહિતની કલમો તળે ગુનો દાખલ થયો હતો. આ પ્રકરણમાં અશોક નરભેસિંહ ઝાલા, ગાંધીધામનો દિલીપ હસુ અયાચી અને કાજા અમરા રબારી ફરાર થઈ ગયા હતાં.

ત્રણે ફરાર આરોપીઓએ થોડા સમય અગાઉ ભચાઉ સેશન્સ કોર્ટમાં કરેલી આગોતરા જામીન અરજીને ફગાવી દીધા બાદ અશોકે હાઈ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી, જોકે હાઈકોર્ટનું સખ્ત વલણ જોતાં અશોકે અરજી પરત ખેંચીને આજે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરી દીધું છે.

આ ગુનામાં પોલીસે ઝડપેલાં અન્ય આરોપી પૈકી વિરમ જખરા આલ (રબારી) (જેઠાસરી, ચિત્રોડ), થાવર અંબા રબારી, ભરત રવા વાઘેલા અને સવા રત્ના રબારી (રહે. ત્રણે કાનમેર)એ ભચાઉ સેશન્સ કોર્ટમાં કરેલી નિયમિત જામીન અરજી આજે ત્રીજા અધિક સેશન્સ અને એટ્રોસિટી કોર્ટના સ્પેશિયલ જજ અંદલિપ તીવારીએ ગુનાની ગંભીરતાને અનુલક્ષીને નામંજૂર કરી દીધી છે. નોંધનીય છે કે, આ ગુનામાં અગાઉ પકડાયેલો ભાજપનો નેતા નરેન્દ્ર ગઢવીને ભચાઉ કોર્ટે નિયમિત જામીન પર મુક્ત કર્યો હતો. ■

# ભાવનગરના ભંડારિયા બહુચરાજી મંદિર દ્વારા ૧૪મીએ નવરાત્રી મંડપનું થશે રોપણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર:ગોહિલવાડના પ્રસિદ્ધ શક્તિધામ શ્રી ભંડારિયા બહુચરાજી મંદિરે આસો સુદ નવરાત્રિની પરંપરાગત રીતે શાસ્ત્રોકત અનુસાર ઉજવણીનું આયોજન છે જે સંદર્ભે ભાદરવા સુદ અગિયારસને શનિવાર તારીખ ૧૪મી સપ્ટેમ્બરના રોજ સવારે ૯ કલાકે માણેકચોકમાં મંડપ રોપી ધજા રોપણ કરવામાં આવશે. આ પ્રસંગે ભાવિકો મોટી સંખ્યામાં જોડાશે.

શક્તિધામ ભંડારિયા બહુચરાજી મંદિરની નવરાત્રી ઉજવણીની શાસ્ત્રોકત પરંપરા રહી છે ત્યારે અગિયારસના દિવસે માઈ ભક્તો અને સ્વયંસેવકો એકત્ર થઈ માતાજીના ગરબા, સ્તુતિ દ્વારા ભક્તિ કરી બાદમાં ભૂંગળના સુમધુર સૂર સાથે વાજતે ગાજતે ધ્વજા સ્તંભ સાથે માણેકચોકમાં પહોંચશે અને માતાજીના જય જય કાર વચ્ચે નવરાત્રિના મંડપનું રોપણ થશે. મંડપ રોપણ બાદ નવરાત્રિ મહોત્સવ સંદર્ભેની તૈયારીના શ્રી ગણેશ આજના દિવસથી થાય છે.

મંડપ મુહૂર્ત સવારે ૭.૩૦ થી ૯ દરમિયાન થનાર છે આ પ્રસંગે માઈ ભક્તોને ઉપસ્થિત રહી ધર્મ લાભ લેવા શ્રી બહુચરાજી મંદિર ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરાયો છે. ■



(તસવીરઃ વિપુલ હિરાણી, ભાવનગર.)

# મોજીદડ શાળાના આચાર્યના ભ્રષ્ટાચારના વિરોધમાં સ્કૂલને તાળાબંધી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરના મોજીદડ ગામના લોકોએ શાળાના આચાર્યના ભ્રષ્ટાચાર સામે વિરોધ વ્યક્ત કર્યો હતો અને શાળાને તાળાબંધી કરી હતી. સુરેન્દ્રનગરના મોજીદડ ગામના એસએમસી સમિતિના સભ્યોએ જણાવ્યું હતું કે લીંબડીથી મોજીદડ પ્રાથમિક શાળામાં ફરજ બજાવવા આવતા આચાર્યએ શાળામાં કન્યાઓ માટે શૌચાલયની ગ્રાન્ટની ઉચાપત કરી છે.

કોરોનાકાળ દરમિયાન શાળામાં આવેલી અનેક ગ્રાન્ટનો કોઈ હિસાબ મળતો નથી તથા એસએમસી સમિતિની કોઈ દિવસ મિટિંગ બોલાવતા નથી અને શાળામાં પોતાની રીતે મનસ્વી રીતે નિર્ણય લઈ મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. ગુરુવાર સવારે ૧૧ વાગ્યે ગામ લોકોએ એકત્ર થઈ શાળામાં ઘંટ વગાડીને વિદ્યાર્થીઓને છોડી મુક્યા હતા અને પછી શાળાના આચાર્યનો બહિષ્કાર કર્યો હતો. તેમજ ગામના લોકોએ શાળાને તાળાબંધી કરી હતી.

મોજીદડ પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા શાળા વહીવટી પ્રક્રિયામાં મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. શાળાના આચાર્ય દ્વારા નાણાં ઉચાપત કરવામાં આવ્યા હોવાનું તથા ગામની એસએમસી સમિતિના લોકોને કોઈ દિવસ મિટિંગમાં ના બોલાવી પોતાની રીતે મનસ્વી વલણ કરતાં ગામ લોકોએ શાળાને તાળા બંધી કરી હતી. ■

# ખેડૂતોને પાક નુકશાનીનું વળતર અને રસ્તાનું રિપેરિંગ નહીં કરાય તો આંદોલનની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ તાલુકાના કસ્તુરબા ધામ વિસ્તારમાં ખેડૂતોને પાક નુકશાનીનું વળતર તેમજ રસ્તાના મરામત માટે ૧૦ દિવસમાં પગલા નહીં લેવાય તો ઉપવાસ આંદોલન કરવામાં આવશે તેવી ચેતવણી રાજકોટ તાલુકા પંચાયતના સદસ્ય અને તાલુકા કોંગ્રેસના પ્રમુખ અને કોંગ્રેસના સદસ્યોએ આપી હતી. આ અંગે તેમણે જિલ્લા કલેકટર પ્રભવ જોશીને આવેદનપત્ર આપીને રજુઆત કરી હતી.

આ અંગે તાલુકા કોંગ્રેસના પ્રમુખે જણાવ્યું હતું કે તાજેતરમાં રાજકોટ તાલુકાના કસ્તુરબાધામ વિસ્તારમાં ખાબકેલા ભારે વરસાદના કારણે ખેતીપાકનો સોથ વળી જતા ખેડૂતોને મોટું નુકશાન થયું છે પરંતુ હજુ સુધી સર્વે કરાયો નથી.

જેથી તત્કાલ સર્વે કરી સહાય પેકેજ જાહેર કરવા માંગણી છે. આ ઉપરાંત આ વિસ્તારના રસ્તાની હાલત પણ બદતર થતા વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે. જેથી તત્કાલ બિસ્માર રસ્તાની મરામત કરવી જોઇએ. જો આ પ્રશ્ને તત્કાલ પગલા લેવામાં નહીં આવે તો ઉપવાસ આંદોલન કરાશે તેવી ચેતવણી આપવામાં આવી છે. ■

# ભાવનગરમાં ફ્લાય ઓવર ખાનગી માલિકીની જગ્યામાં બનતા તંત્ર દોડતું થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગર મનપાના અધિકારીઓની વધુ એક બેદરકારી બહાર આવી છે. ફ્લાયઓવર ખાનગી જગ્યામાં હોવાનું ધ્યાને આવ્યું છે. અધિકારીઓ જમીન સંપાદન કરવાનું ભૂલ્યા હતા. ફ્લાય ઓવરનું ૬૦ ટકા કામ પૂરું થયા બાદ હવે જમીન સંપાદન કરાશે. ૨૬૫૦ સ્કેવર મીટર જમીન સંપાદન માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

ભાવનગર મનપાના અધિકારીઓની વધુ એક બેદરકારી બહાર આવી છે. શહેરમાં બની રહેલા ફ્લાયઓવરમાં ૧ વર્ષ પૂર્વે કરવામાં આવેલી જમીનનું સંપાદન કરવાનું ભૂલી ગયા હતા. રૂપિયા ૧૧૫ કરોડના ખર્ચે બની રહેલો પ્રથમ ફ્લાય ઓવર ખાનગી માલિકીની જગ્યામાં બનતો હોવાનું મનપા તંત્રને મોડે મોડે ખ્યાલ આવ્યો છે. ફ્લાય ઓવરનું ૬૦ ટકા કામ પૂરું થયા બાદ ૨૬૫૦ સ્કેવર મીટર જમીન સંપાદન કરવા માટે કાર્યવાહી હાથ ધરી છે. આરટીઓથી જવેલ્સ સર્કલ તરફ જવાના રસ્તા ઉપર જમીન સંપાદનની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

બીજી બાજુ ભાવનગર શહેરના તમામ મુખ્ય રસ્તાઓ અને વિસ્તારોમાં રખડતા ઢોર જોવા મળે છે. રખડતા પશુઓના ટોળેટોળા રસ્તાની વચ્ચે બેઠા હોય છે અને તેથી વાહન ચાલકોને ઘણી મુશ્કેલીઓ પડે છે તેમજ ગંભીર અકસ્માતો થવાનો ભય રહે છે. ભાવનગર શહેરના રસ્તા પર વરસાદ પડતા મોટા ખાડા પડી ગયા છે. તેમાંય ખાસ કરીને ભાવનગર-રાજકોટ રોડ પર નવો ઓવરબ્રિજ બની રહ્યો છે ત્યારે બન્ને સાઈડના રસ્તા નાના થઈ ગયા છે અને ઠેર-ઠેર ખાડા પડી ગયા છે. તાકીદે આ રોડ વહેલી તકે રિપેરિંગ કરાવવા જરૂરી છે તેમજ ઓવરબ્રીજનું કામ વહેલી તકે પૂર્ણ થાય તે જરૂરી છે. ■

# મોરબીમાં ગટરના પાણીનો નિકાલ ન થતાં લોકોએ શનાળા રોડ ચક્કાજામ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબીના શનાળા રોડ પર આવેલી અંકુર સોસાયટીમાં છેલ્લા ઘણા સમયથી ગટરના પાણી ભરાવાનો પ્રશ્ન હોય રહેવાસીઓએ શનાળા મેઈન રોડ પર ચક્કાજામ કર્યો હતો. રહેવાસીઓએ હાઈવે બ્લોક કરી દીધો હતો અને વાહનચાલકોને આગળ જતાં અટકાવી ચક્કાજામ કરી વિરોધ નોંધાવ્યો હતો. પરિણામે હાઈવેની બન્ને બાજુ વાહનોના થપ્પા લાગી ગયા હતા.

મળતી માહિતી મુજબ અંકુર સોસાયટીમાં છેલ્લા ઘણા સમયથી ગટરના પાણી ઉભરાયેલા છે. આ અંગે રહેવાસીઓએ અનેક વખત મોરબી નગરપાલિકાને રજૂઆત કરી હતી પરંતુ નગરપાલિકા દ્વારા કોઈ પગલાં ન લેવાતા લોકોએ કંટાળીને રોડ ચક્કાજામ કર્યો હતો. સ્થાનિક મહિલાએ જણાવ્યું હતું કે, ગટરના પાણીના કારણે આ વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળ્યો છે. ચૂંટણી વખતે મત માટે આવતા નેતાઓ ક્યાં ખોવાઇ ગયા છે. પહેલા ગટરો સાફ કરો પછી અમે રસ્તો ખોલીશું તેમ મહિલાઓએ જણાવ્યું હતું.

રોડ ચક્કાજામ કરી દેવાતા વાહનચાલકો અને વિરોધ નોંધાવી રહેલા સ્થાનિક લોકો વચ્ચે પણ રકઝકના દ્રશ્યો જોવા મળ્યા હતા. એક વાહનચાલકે જણાવ્યું હતું કે, નગરપાલિકાનો પ્રશ્ન હોય તો નગરપાલિકાએ જઈને વિરોધ નોંધાવવો જોઈએ આ રીતે સામાન્ય પ્રજાને હેરાનગતિ થાય તેવું ન કરવું જોઈએ.

સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે અમે અનેક વખત રજૂઆત કરવા નગરપાલિકાએ ગયા છીએ પરંતુ તેમ છતાં નિરાકરણ ન આવતા રસ્તા રોકો આંદોલન કરવાની ફરજ પડી છે. ફોન કરવા છતાં કાઉન્સિલર ન આવતા હોવાનો પણ લોકોએ આરોપ લગાવ્યો હતો. ■

# રાજકોટમાં કોલેરાનો રોગચાળો વકર્યોઃ નવ કેસ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં પાણીજન્ય રોગચાળો વકર્યો છે. શહેરમાં કોલેરાના ૯ કેસ નોંધાયા છે અને સાથે ડેન્ગ્યૂના ૨૨, ટાઈફોડના ૨ કેસ નોંધાયા છે. બીજી તરફ ચિકનગુનિયા અને મલેરિયાના કેસોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે, વાયરલ તાવના ૧૬૦૦થી વધુ કેસો નોંધાયા છે. રાજકોટમાં ઓપીડીની સંખ્યામાં બમણો વધારો નોંધાયો છે. શહેરના ખાનગી દવાખાના અને સરકારી દવાખાના દર્દીઓથી ઊભરાઇ રહ્યાં છે.

રાજકોટ શહેરમાં પાણીજન્ય રોગચાળામાં વધારો થયો છે. ડેન્ગ્યુ, મેલેરિયા, સિઝનલ તાવ અને વાઇરલ બીમારીઓનો ગ્રાફ ઊંચો આવ્યો છે. ભાદરવામાં ડબલ ઋતુ અને પાણીજન્ય રોગચાળાએ માથું ઉંચક્યું છે.

આરોગ્ય વિભાગના ડોકટરનું કહેવું છે કે, લોકોએ મચ્છરથી બચવા માટે પાણીમાં મચ્છરના પોરા ન થાય તે માટે આરોગ્ય વિભાગની માર્ગદર્શિકાનું પાલન કરવું જોઈએ જેથી રોગચાળો ઘટી શકે અને માંદગીના ખાટલા જોવા ના મળે.

બીજી તરફ ચાલુ માસમાં ઝાડા ઊલટીના ૩૮૨ કેસ, કમળાના ૧૭૮ કેસ, ટાઇફોઇડનાં ૩૦૪ કેસ, કોલેરાનાં ૧૬ કેસ નોંધાયા છે. પાણીજન્ય રોગોથી બચવા માટે ઓછામાં ઓછી ૨૦ મિનિટ જેટલું પાણી ઉકાળીને ઠંડું કરીને ગાળીને પીવું જોઈએ. ■

# જસદણમાં તમાકુનો માવો ખાવા બાબતે પિતાએ ઠપકો આપતા વિદ્યાર્થીનો આપઘાત

અમદાવાદઃ જસદણમાં માવો ખાવા બાબતે પિતાએ ઠપકો આપતા એન્જિનિયરિંગના છાત્રએ ગળેફાંસો ખાઇ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. જસદણ રહેતો અને ત્રંબા ખાતે આવેલી આર.કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ પોતાના ઘરે પંખામાં લટકીને જીવન ટુંકાવી લીધું હતું. જસદણમાં આવેલી આનંદધામ સોસયટીમાં રહેતો અને ભાવનગર હાઇવે પર ત્રંબા પાસે આવેલી આરે.કે યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગ ડીપ્લોમાનો અભ્યાસ કરતા પાર્થ શૈલેષભાઇ મકવાણા નામના વિદ્યાર્થીએ બુધવારે સાંજના સમયે પોતાના ઘરે રૂમમાં પંખા સાથે ગળફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. તેને બેભાન હાલતમાં જસદણ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જયાં ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યો હતો. આ બનાવની જાણ થતા જસદણ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ સહિતનો સ્ટાફ હોસ્પિટલે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પી.એમમાં ખસેડી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક પાર્થ માવો ખાતો હોવાથી તેના પિતા શૈલેષભાઇ જોઇ જતા તેમણે પુત્રને માવો ખાવા બાબતે ઠપકો આપ્યો હતો. જેનું લાગી આવતા પાર્થે આ પગલું ભરી લીધાનું ખૂલવા પામ્યું છે. ■

# સાવરકુંડલામાં ગટરના પાણી રસ્તા પર ફરી વળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીના સાવરકુંડલામાં ગટરના પાણી રોડ પર ફરી વળતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવાનો વારો આવ્યો છે. સાવરકુંડલાના જેસર રોડ વિસ્તારમાં ગટરના પાણી વહેતા થયા છે. ગટરમાંથી પાણી ઉભરાઈને બહાર આવતા નગરપાલિકાની કામગીરી સામે સવાલો ઉભા થયા છે. આ પાણી છેલ્લા ઘણા સમયથી વહી રહ્યાં છે.

સાવરકુંડલામાં નગરપાલિકાની બેદરકારીના કારણે ગટરના પાણી બહાર આવીને વહી રહ્યાં છે, જેના કારણે સ્થાનિકોને ગટરના પાણીમાંથી પસાર થવાનો વારો આવ્યો છે. આ ગટરના પાણીની દુર્ગંધ એટલી મારે છે કે આસપાસના રહેણાંક મકાનોમાં રહેતા લોકોને હાલાકી પડી રહી છે. સ્થાનિકોએ અવાર-નવાર નગરપાલિકાને રજૂઆત કરી હોવા છતાં તેનું નિરાકરણ આવતું નથી. સ્થાનિકોએ કહ્યું કે જો આ સમસ્યાનો નિકાલ નહીં આવે તો નગરપાલિકામાં ધરણા કરવામાં આવશે. ગટરના પાણી બેક મારી રહ્યાં છે ત્યારે ઘરે ઘરે માંદગીના ખાટલા જોવા મળી રહ્યાં છે, તાવ અને ડેન્ગ્યૂના કેસો વધી રહ્યાં છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં લોકોમાં સાફસફાઈના અભાવને કારણે સહેલાઈથી મચ્છરોને પ્રજનન માટે મળી રહેતા ચોખ્ખા પાણીના પાત્રોને કારણે મચ્છરની ઉત્પતિ વધી જાય છે. ■

# રાજકોટ જેલમાં મોબાઈલ અને તમાકુ ભરેલા ત્રણ દડા ફેંકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યભરની જેલમાંથી સમયાંતરે તમાકુ, મોબાઈલ સહિતની પ્રતિબંધિત વસ્તુઓ મળતી રહે છે. રાજકોટ જેલમાં પણ અજાણ્યાં શખ્સે મોબાઈલ અને તમાકુ ભરેલા ત્રણ દડા ફેંકતા જેલ પ્રશાસન દોડતું થયું હતું અને પ્ર. નગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બનાવ અંગે રાજકોટ મધ્યસ્થ જેલમાં ઇન્ચાર્જ જેલર ગ્રૂપ-૨ તરીકે ફરજ બજાવતાં અશોકસિંહ રાઠોડે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઇ તા.૧૦ના રોજ તેઓ ફરજ પર હતાં ત્યારે સાંજના ચારેક વાગ્યાની આસપાસ જેલરના સુબેદારે રિપોર્ટ આપેલો કે, નવી જેલ-૨ યાર્ડ નં.૩ના ફાટક આગળ તથા યાર્ડ નં-૩ ૩ના ફાટકની અંદર કોઇ અજાણ્યા શખ્સો દ્વારા રૂખડીયાપરા અને માઉન્ટેન પોલીસ લાઈન તરફના જાહેર રસ્તા પરથી જેલની અંદર ચીજ-વસ્તુઓનો ઘા કરવામાં આવ્યો છે. બનાવની હકીકત જાણવા જેલના કંટ્રોલરૂમના સી.સી.ટી.વી. ચકાસતા ગઈ તા.૧૦ના બપોરના સમયે કાળા કલરનું સ્કૂટર લઇને આવેલા શખ્સે જેલના બહારના ટાવર નં-૦૨ના રોડ તથા જેલ રસોડાના યાર્ડના પાછળના ભાગેથી જેલની અંદર કોઈક વસ્તુનો ઘા કરેલો હોવાનું જણાયું હતું. બાદમાં સ્ટાફે ચકાસણી કરતા સેલોટેપથી વીંટાળેલા દડા સ્વરૂપના કુલ ૩ દડા મળી આવેલા. જે ખોલતાં તેમાંથી જેલમાં પ્રતિબંધિત તમાકુ પડીકી નં-૩૫ અને બેટરી, સીમકાર્ડ વગરનો સાદો મોબાઇલ ફોન મળી આવ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર.નગર પોલીસે ગુનો નોંધી અજાણ્યાં શખ્સની શોધખોળ હાથ ધરી હતી. ■

# લીંબડીનાં કટારીયામાં દોઢ મહિનાથી શિક્ષિકા ગેરહાજર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લીંબડી તાલુકાના કટારિયા ગામની પ્રાથમિક શાળામાં ધો.૧થી ૮માં ૪૫૦ જેટલા વિદ્યાર્થી અભ્યાસ કરે છે. ધો.૩ અને ૫માં ગણિત ભણાવતા શિક્ષિકા હેતલબેન ચાંપાનેરી છેલ્લા દોઢ મહિનાથી શાળામાં હાજર નહીં રહેતા હોવાની ફરિયાદ ઉઠી છે.

ગણિતના શિક્ષિકાની ગેરહાજરીને કારણે ૯૦થી વધુ વિદ્યાર્થીના ભણતર પર અવળી અસર પડી રહી છે.લીંબડી તા.પંચાયતના પૂર્વ પ્રમુખે જણાવ્યું કે મારા મત વિસ્તારમાં આવતી કટારિયા ગામની પ્રા.શાળામાં શિક્ષિકા હેતલબેન દોઢ મહિનાથી શાળામાં ગેરહાજર છે. આ અંગે મને કટારિયા ગામના સરપંચ, ઉપસરપંચ, જખઈના સભ્યોએ જાણ કરી હતી.

મેં તપાસ કરી તો જાણવા મળ્યું કે જિલ્લા શિક્ષણાધિકારીએ મળતિયાપણું દાખવી શિક્ષિકા હેતલબેનને સુરેન્દ્રનગર શિક્ષણના વહીવટી વિભાગમાં કામગીરી સોંપી દીધી છે. શિક્ષિકાની ગેરહાજરીને કારણે છાત્રોનું શૈક્ષણિક કાર્ય બગડી રહ્યું છે. હેતલબેન સુરેન્દ્રનગરથી કટારિયા અપડાઉન કરતાં હોવાથી જિલ્લા શિક્ષણાધિકારીએ કોઈ પ્રકારનું ટ્યુનિંગ ગોઠવી શિક્ષિકાને પોતાની પાસે રાખ્યા હોય તેવું લાગે છે.

શાળાએ શિક્ષિકાને તાત્કાલિક હાજર કરવા શિક્ષણ વિભાગમાં રજૂઆત કરી છે. શિક્ષણ વિભાગ આ બાબતે ગંભીર નોંધ લઈ તાત્કાલિક ધોરણે શિક્ષિકાને કટારિયા ગામની શાળામાં હાજર કરે તેવી વિદ્યાર્થી અને વાલીઓ દ્વારા માગ કરવામાં આવી છે. ■

# રાજકોટ જિલ્લાના ૧૦૮ ગામોમાં સર્વે પૂર્ણ પાકને રૂા. ૫.૫૦ કરોડનું નુકસાનઃ કલેકટર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લામાં જન્માષ્ટમીના તહેવારો દરમિયાન ખાબકેલા ભારે વરસાદે મોટી નુકશાની કરી હતી. વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્તોને કેશ ડોલ્સની ચૂકવણી કરી દેવાયા બાદ ખેતીપાક નુકસાનીનો સર્વે પણ શરૂ કરાવવામાં આવ્યો હતો. આગામી આઠ દિવસમાં પૂર્ણ કરી સરકારમાં રિપોર્ટ કરી દેવામાં આવશે.

જિલ્લાના અસરગ્રસ્ત ૫૦૦માંથી ૧૦૮ ગામોમાં આ સર્વે કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે,ખેતીની ૬૪૮૫ હેકટર જમીનમાં ૩૩ ટકાથી વધુ નુક્સાન થયાનું કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું. ૧૦૮ ગામોમાં કૃષિપાકને રૂા.૫.૫૦ કરોડનું નુકશાન થયાનો અંદાજ છે જેમાં કપાસ, મગફળી, મરચા, તુવેર સહિતના પાકોને નુકસાન પહોંચ્યું છે. જિલ્લાના ધોરાજી, જામકંડોરણા, ઉપલેટા વિસ્તારમાં ભારે વરસાદથી કૃષિપાકને સૌથી વધુ નુકશાની થવા પામી છે. જોકે કર્મચારીઓની ૫૭ ટીમો દ્વારા આ સર્વે કામગીરી હજુ ચાલી રહી છે. જેને આગામી આઠ દિવસમાં પૂર્ણ કરી રાજય સરકારમાં રિપોર્ટ કરી દેવામાં આવશે. ■

# ભાવનગરના ઇસ્કોન મંદિરમાં શ્રી રાધારાણીનો જન્મ ઉત્સવ ઉજવાયો

ભાવનગરઃ શહેરના લીલા સર્કલ ભક્તિ વેદાંત સ્વામી માર્ગ આવેલ ઇસ્કોન મંદિર હરે કૃષ્ણ ધામમાં શ્રીરાધારાણીનો જન્મ (રાધાઅષ્ટમી)ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. વ્રજ ૮૪ કોષની અંદર આવેલ ૧૨ વન છે. તેમાં એક મહાવન આવેલ છે. મહાવનની અંદર રાવલ ગામમાં યમુનાજીમા એક સુંદર કમળમાં શ્રીમતી રાધારાણીનો જન્મ થયો હતો. રાધારાણીના પિતાનું નામ વૃષભાનુંજી અને માતાનું નામ કીરતીદા હતું. રાધાજીનો જન્મ ઉત્સવ બરસાના ગામમાં ઉજવવામાં આવ્યો હતો. જે બરસાનામાં બ્રહ્માજીએ તપસ્યા કરી અને વાસ કર્યો છે. આજે પણ બરસાનામાં બ્રહ્માજીના ચાર મુખ તરીકે વૃષભાનુંગઢ, વિલાસ ગઢ, દાનગઢ, અને માનગઢ આ ચાર પર્વત બ્રહ્માજીના મુખ ગણવામાં આવે છે. જેવી રીતે બરસાનામાં શ્રીમતી રાધારાણીનો જન્મ ઉત્સવ ઉજવવામાં આવે છે તેવો જ ઉત્સવ આપણા ભાવનગરમાં ઇસ્કોન મંદિરમાં ધામધૂમતી ઉજવવામાં આવ્યો હતો. વિશેષ મંદિરના મુખ્ય પૂજારીએ રાધા મુરલીધરજીનો ફૂલનો ડ્રેસ બનાવવામાં આવ્યો હતો.૧૫૬ ભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. શ્રીમતી રાધારાણીનો દિવ્ય અભિષેક કરવામાં આવ્યો હતો જેમાં ગાયના પંચગવ્ય અને સીઝનના જેટલા ફ્રૂટ છે તે ફ્રૂટનો જ્યુસ બનાવીને અભિષેક કરવામાં આવ્યો હતો. રાધારાણી પ્રાગટ્યની કથા ઇસ્કોનના અધ્યક્ષ શ્રીમાન વેણુ ગાયક દાસ દ્વારા અને શ્રી કુંડળ કૃષ્ણ પ્રભુજી દ્વારા થઈ હતી. ■